بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફૈઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી

અહલે સુન્નત વ જમાઅત
એટલે
મસ્લકે આ'લા હઝરત
નું અજોડ મુખપત્ર

**બરકાતે ખ્વાજા** *(માસિક)*

**તા. ૦૧-માર્ચ-૨૦૧૯**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ
હિજરી સન : ૧૪૪૦

વર્ષ : ૧૬, અંક : ૦૩, સળંગ અંક : ૧૮૩

**સ્થાપક અને પ્રકાશક**
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા

**એડ્રેસ :** બરકાતે ખ્વાજા (માસિક)
C/o. ફય્ઝાને રઝા મંઝિલ, દયાદરા-૩૯૨૦૨૦
તા. જિ. ભરૂચ, ગુજરાત, ફોન : ૦૨૬૪૨-૨૮૦૦૧૧
Mo. 9427464411 (PhonePe/Paytm)
Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com

**બેંક ઓફ બરોડા-દયાદરા બ્રાન્ચ**
A/c. No. 34620100000303
Razvi Kitab Ghar
IFSC Code : BARB0DAYADR

**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |

: માનદ તંત્રી :
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)

## ● અનુક્રમણિકા ●


01 ઈન્સાનની જિંદગી પર ગુનાહોની અસર 04
02 ગુસ્સો છોડો અને સંયમી તથા સહનશીલ બનો 05
03 કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન 11
04 (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત 15
05 હદાઈકે બખ્શિશ 16
06 સીરતે રસૂલે મુખ્તાર 21
07 વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી : પયગમ્બરે ઈસ્લામ 22
08 હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત 24
09 તઝકેરતુલ અવલિયા : હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ 26
10 તાજુશ્શરીઅહના જીવનચરિત્રની ઝલકો 29
11 કાનૂને શરીઅત 31
12 ગુનાહોનો ઈલાજ 34
13 HUZOOR HUJJAT UL ISLÂM IMÂM HAMID RIDA KHAN 37
14 રાફઝી-શીઆ ફિર્કાની ગુમરાહીઓથી બચો ! 39
15 રમતગમત સંબંધી શરીઅતના હુકમો તથા ઈસ્લામી તા'લીમાત 43
16 વલીમા તથા મહેમાનીનું બયાન 49


### દર શાને આ'લા હઝરત

નઝ્મ : મૌલાના મુહમ્મદ બિલાલ અન્વર રઝવી (બિહાર)
પેશકર્દા : અલીમુહમ્મદ બાપી (પોરબંદર)

ખુદા કા શુક્ર, દિલ અપના હે શૈદા આ'લા હઝરત કા
ઝબાં પર હે સદા જારી તરાના આ'લા હઝરત કા
હમારે દીનો ઈમાં કે મુહાફિઝ આ'લા હઝરત હેં
ખુદા કે ફઝ્લ સે હમ પર હે સાયા આ'લા હઝરત કા
અક઼ીદા ક્યોં ન હો મહફૂઝ, ક્યૂં દુશ્મન ક઼રીબ આએ
હમારે હાથ મેં દામન હે કિસકા ? આ'લા હઝરત કા
ક઼લમ ઉનકા હે બેશક ! ફઝ્લે મૌલા કી હિફાઝત મેં
અતાએ મુસ્તફા હર એક ફતવા આ'લા હઝરત કા
કલામે આ'લા હઝરત હે ઝબાનોં પર જહાં ભર મેં
જિધર દેખો નઝર આતા હે જલ્વા આ'લા હઝરત કા
મિટે, મિટતે હે મિટ જાએંગે દુશ્મન આ'લા હઝરત કે
મિટા હે ઔર ન મિટ પાએગા ચર્ચા આ'લા હઝરત કા
હે કોઈ હુજ્જતુલ ઈસ્લામ કોઈ મુફ્તીએ આ'ઝમ
બહારે બાગે ઈમાં શાહઝાદા આ'લા હઝરત કા
મુઝે હે નાઝ હૂં તાજે શરીઅત કે ગુલામોં મેં
'બિલાલ' અપને ગલે મેં ભી હે પટ્ટા આ'લા હઝરત કા

# ઈન્સાનની જિંદગી પર
## ગુનાહોની અસર

આજના આ ફિત્નાઓથી ભરપુર સમયમાં ગુનાહોના પૂરે દરેક ખાસ અને સામાન્યને પોતાની લપેટમાં લીધેલ છે. એવું લાગી રહ્યું છે કે ગુનાહ કોઈ ખરાબ અને નુકસાન કરવાવાળી ચીજ નથી. એ પછી જાણકાર હોય કે અજાણ દરેક પોતાના અંજામથી બેખબર થઈને જિંદગી જીવી રહ્યો છે. (અલ્ અયાઝુ બિલ્લાહિ તઆલા !)

**અલ્લાહનું અલીમો ખબીર હોવું અને તેની બારગાહમાં હાજરીનો ખયાલ ઈન્સાનને ગુનાહોની ચુંગાલમાંથી બચાવી શકે છે.**

હા ! ઈન્સાનની આંખો ત્યારે ખુલે છે જ્યારે કોઈ સખત મુસીબત તેને લપેટમાં લઈ લે અને તેનાથી બચવાનો કોઈ રસ્તો દેખાતો ન હોય ત્યારે કુર્આન શરીફની આ આયતે કરીમા દિમાગમાં આવે છે :–

وَ مَاۤ اَصَابَكُمْ مِّنْ مُّصِیْبَةٍ فَبِمَا كَسَبَتْ اَیْدِیْكُمْ وَ یَعْفُوْا عَنْ كَثِیْرٍ ؕ

"અને તમને જે મુસીબત પહોંચી તે એના જ કારણે છે જે તમારા હાથોએ કમાયુ, અને ઘણુ બધુ તો માફ કરી દેવામાં આવ્યું."

*(સૂ. અશ્શુરા, ૪૨/૩૦, કન્ઝુલ ઈમાન)*

ગુનાહોના બેશુમાર દીની અને દુનિયવી નુકસાનો છે. અહીંયા વિસ્તૃતમાં સમય નથી પરંતુ કેટલાક નુકસાનો તરફ ઈશારો કરું છું : **(૧)** ગુનાહોનો આદી (ગુનાહોની આદતવાળો) ઈલ્મની દૌલતથી વંચિત થઈ જાય છે. **(૨)** તેની રોજી ઘટાડી આપવામાં આવે છે. **(૩)** ગુનેહગાર નેકીઓથી અને નેકીઓની મેહફિલથી દૂર ભાગે છે અને તેમનાથી ફાયદો ઉઠાવવાની બરકતથી દૂર થઈ જાય છે. **(૪)** એ શૈતાની ટોળાથી ખૂબ જ નઝદીક થઈ જાય છે અને રહમાની ટોળી (અલ્લાહવાળાઓ)થી દૂર થઈ જાય છે. **(૫)** ગુનેહગાર શખ્સ પોતાની સામે મામલાઓની તંગી અનુભવે છે તથા અચ્છાઈના દરેક દરવાજાને બંધ મહેસૂસ કરે છે. જ્યારે કે પરહેઝગાર શખ્સના માટે અલ્લાહ તબારક વ તઆલા એના તમામ મામલાઓને આસાન કરી દે છે. **(૬)** ગુનાહ ઈન્સાનને અલ્લાહની બંદગી અને ફર્માંબરદારીથી રોકે છે જેનાથી ઈન્સાન વધારે ગુનાહોમાં સપડાઈ જાય છે. **(૭)** ગુનાહોથી ઉમર ઓછી થઈ જાય છે અને ઉમરમાંથી બરકત ખત્મ થઈ જાય છે. જ્યારે કે નેકી કરવાથી ઉમરમાં બરકત અને વધારો થાય છે. **(૮)** જ્યારે ઈન્સાન ખૂબ જ પ્રમાણમાં ગુનાહ કરે છે તો એના દિલમાંથી ગુનાહોની બુરાઈ ખત્મ થઈ જાય છે અને ગુનાહ કરવું એની આદત બની જાય છે. **(૯)** ગુનાહ કરવાથી ઈન્સાનના દિલમાંથી શરમ તથા હયા ખતમ થઈ જાય છે. **(૧૦)** ગુનેહગાર શખ્સ ભલાઈનાં એ કામોથી વંચિત થઈ જાય છે જે ઈમાનવાળાઓ અને તકવાવાળાઓને અલ્લાહના તરફથી મળે છે વગેરે.

ઈન્સાન ગુનાહોથી કેવી રીતે બચી શકે છે ? આ કિસ્સામાં એક વાકયો વાંચો અને પોતાના દામનને ગુનાહોથી બચાવવાની કોશિશ કરો :–

એક શખ્સ હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہની ખિદમતમાં આવ્યો અને કહેવા લાગ્યો કે હું ઘણો જ ગુનેહગાર છું, કોઈ એવો રસ્તો બતાવો કે હું ગુનાહોની તરફ ન ખેંચાઉં. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જો તમે પાંચ કામ કરી લો તો કોઈ ગુનોહ તમને નુકસાન નહીં પહોંચાડી શકે. એ પાંચ આ છે : (૧) જ્યારે તમે ગુનાહ કરવાનો ઈરાદો કરો તો અલ્લાહનું રિઝ્ક (રોજી) ન ખાવ. એ શખ્સે કહ્યું કે પૂરી જમીન ઉપર અલ્લાહનું જ રિઝ્ક વધુ પેજ 25 પર..

**અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી મુંબઈ**

**અનુવાદક : હાફિઝ મુહમ્મદસજ્જાદ પટેલ દયાદરવી**

# ગુસ્સો છોડો અને સંયમી તથા સહનશીલ બનો

તંત્રી લેખ...

વર્તમાન સમયમાં વાત વાતમાં ઝઘડો થવાના તથા નાની નાની બાબતોમાં મારામારીના બનાવો તથા પતિ પત્નીમાં સામાન્ય બોલાચાલીમાં ઝઘડો ઉગ્ર સ્વરૂપ પકડી લે છે અને તલાક઼ના તથા ખૂનના તથા આપઘાત કરવાના બનાવો સામાન્ય થતા જઈ રહ્યા છે. સમાચારોમાં જોવા મળે છે કે પતિએ પત્નીને મોબાઈલ ન આપ્યો તો આપઘાત કરી લીધો, શાદીમાં ન જવા દીધી તો આપઘાત કરી લીધો. સામાન્ય બોલાચાલી થઈ તો માઠુ લાગતાં પંખા સાથે લટકી આપઘાત કરી લીધો અથવા પતિએ પત્નીનું કે પત્નીએ પતિનું ખૂન કરી નાખ્યું ! ભાઈએ ભાઈને મારી નાખ્યો, સારાંશ કે નાની નાની બાબતોમાં ઝઘડાઓ થાય છે જે છેવટે મોટા દંગલમાં પણ ફેરવાય છે અને અનેક લોકોના મૃત્યુનો કે ઝખ્મી થવાનો તથા સામાજિક શાંતિના વિનાશનો સબબ બને છે, આર્થિક, શારીરિક, માનસિક દરેક રીતનાં અનહદ નુકસાનો પબ્લિકે વેઠવાં પડે છે. માર્ગમાં કોઈએ ગાડીવાળાને સાઈડ જલ્દી ન આપી, અથવા સહેજ ગાડી ટકરાયી તેમાં દંગલ ખડુ થાય છે. આ બધું જ પોતાના અહમ, અહંકારને પોષવા માટે ગુસ્સાની હાલતમાં થાય છે. ઈસ્લામ એ અમ્નો શાંતિનો મઝહબ છે. જો ઈસ્લામના આદેશોને અનુસરવામાં આવે તો ઘરમાં, મહોલ્લામાં, ગામોમાં, શહેરોમાં બલ્કે ''વિશ્વ શાંતિ''ની સ્થાપ્ના જો કરવી હોય તો ઈસ્લામના આદેશોને અપનાવવા અનિવાર્ય છે, એના વિના કોઈ ક઼ાનૂન વિશ્વમાં અમ્નો શાંતિની સ્થાપ્ના કરી શકે તેમ નથી.

## ★ ગુસ્સા તથા ઘમંડ વિશે ઈસ્લામી આદેશો ★

અહમ, અહંકાર તથા ઘમંડ એ માનવીને તબાહ કરનાર ચીજો છે, એને કારણે જ લોકોમાં દુનિયવી બાબતોમાં ગુસ્સો તથા ગઝબ ભડકે છે અને પછી માણસ માફી આપવાનું પણ વિચારતો નથી જેથી પછી ફિત્ના ફસાદ ખડા થઈ જાય છે. એના નિવારણ માટે રબ તઆલાનો આદેશ છે :

وَ الْكٰظِمِیْنَ الْغَیْظَ وَ الْعَافِیْنَ عَنِ النَّاسِؕ وَ اللّٰهُ یُحِبُّ الْمُحْسِنِیْنَ﴿۱۳۴﴾

''અને **ગુસ્સો પી જનારા**, અને લોકો સાથે **દરગુઝર કરનારા** અને **નેક લોકો અલ્લાહના મહબૂબ** છે.''

*(સૂ. આલે ઈમરાન, ૩/૧૩૪, કન્ઝુલ ઈમાન)*

રબનું ફર્માન છે : وَ لَا تَسْتَوِی الْحَسَنَةُ وَ لَا السَّیِّئَةُؕ اِدْفَعْ بِالَّتِیْ هِیَ اَحْسَنُ فَاِذَا الَّذِیْ بَیْنَكَ وَ بَیْنَهٗ عَدَاوَةٌ كَاَنَّهٗ وَلِیٌّ حَمِیْمٌ﴿۳۴﴾

''બુરાઈનો બદલો અચ્છાઈથી આપો, આ રીતે તમારો દુશ્મન પણ તમારો દિલી યાર બની જશે.''

*(સૂ. હ઼ા મીમ સજદહ઼, આ. ૩૪)*

હદીષે પાકમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી ફર્માવ્યું છે : ગુસ્સો ઈમાનને એ રીતે બર્બાદ કરે છે જેવી રીતે એળિયો (એક કડવી દવા) મધને ખરાબ કરી નાખે છે. *(બયહક઼ી)*

બીજી હદીષમાં ફર્માવ્યું : બહાદુર તે નથી જે પહેલવાન હોય અને બીજાને પછાડી નાખે, બલ્કે બહાદુર તે

શખ્સ છે જે ગુસ્સાના સમયે પોતાની જાતને કાબૂમાં રાખે. *(બુખારી તથા મુસ્લિમ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ કહ્યું કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે હઝરત મૂસા علیہ السلام એ અર્ઝ કરી કે, **હે મારા પરવરદિગાર ! કોણ બંદો તારી નજીક વધુ ઈજ્જતવાળો છે ?** ફર્માવ્યું, **તે બંદો જે શક્તિ હોવા છતાં માફ કરી આપે.** *(બયહકી, મિશ્કાત)*

એક હદીષમાં ફર્માવ્યું, **જે શખ્સના દિલમાં રાઈના દાણા બરાબર પણ ઘમંડ હશે તે જન્નતમાં જશે નહીં.** ઘમંડ એને કહે છે કે **હક્કને ન માનવું** અને **લોકોને હલકા સમજવું એ ઘમંડ છે.**

હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે **જે અલ્લાહને ખાતર નમ્રતા કરે છે તેને અલ્લાહ બુલંદ કરે છે.** તે પોતાના નફસમાં નાનો પરંતુ **લોકોની નજરોમાં મોટો છે.** અને **જે બડાઈ કરે છે એને અલ્લાહ તઆલા નીચો પાડી દે છે.** તે લોકોની નજરમાં ઝલીલ અને પોતાના નફસમાં મોટો છે. **તે લોકોની નજીક સુવ્વર અને કૂતરાં કરતાં પણ અધિક નીચ છે.** *(બયહકી)*

## ★ ગુસ્સાને પીવું અને સંયમથી વર્તવું આને કહેવાય ! ★

હુઝૂર ﷺ ના ઉચ્ચ અખ્લાકની તો વાત જ શું કરવી ! જેમને ખુદ રબ તઆલાએ જ ફર્માવ્યું : وَاِنَّكَ لَعَلٰى خُلُقٍ عَظِيْمٍ "અને બેશક ! તમારા અખ્લાક મહાન શાનવાળા છે." *(સૂ. કલમ, ૬૮/૪)* જેને રબ મહાન કહે તે ચીજ કેટલી મહાન હશે !

હુઝૂર ﷺ ના માફી તથા દરગુઝરના અસંખ્ય પ્રસંગો છે. આપે પોતાનુ ખૂન કરવા આવેલાને માફ કરી આપ્યા છે. ફતહે મક્કાના દિવસે સર્વ જાતના દુશ્મનો તથા આપને તથા સહાબાને જાત જાતની તકલીફો આપી જેથી આપે પ્રિય વતનથી હિજરત કરી મદીના જવું પડયું એ સર્વ સામે હતા છતાં એ સર્વ જાલિમો માટે આપે આમ માફીનું એલાન કરી આપ્યું. તેમજ એક જણે આપને આપની લેણી નીકળતી રકમ માટે કહ્યું કે આપ અહીં જ રહો હું આવું છું. તે માણસ ત્રણ દિવસ પછી આવ્યો છતાં આપે ત્યાં જ રહી વાયદાનુ પાલન કર્યું અને તેના પર કોઈ જ ગુસ્સો ન કર્યો. પોતાની પુત્રીના હત્યારાને માફ કરી આપ્યો. પોતાના ચહીતા કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہ ના હત્યારાને માફ કરી આપ્યો. તાઈફમાં આપને દુશ્મનોએ પથ્થરો ફેંકી લોહી લોહાણ કરી દીધા છતાં તેમના માટે બદદુઆ ન કરી. જંગે ઓહદમાં આપના દાંત મુબારક શહીદ થઈ ગયા છતાં દુશ્મનો માટે આ દુઆ કરી કે, "હે અલ્લાહ ! મારી કૌમના આ ગુનાહને માફ કરી દે કારણ કે એ મને જાણતા નથી."

*(વધુ માટે વાંચો "સીરતે રસૂલે અરબી" ﷺ તથા "પયગંબરે રહમત" ﷺ અમારે ત્યાં મળે છે.)*

આપ ﷺ નું ફર્માન છે : **"બદતરીન શખ્સ** તે છે જે લોકોની ભૂલોથી દરગુઝર (માફ) ન કરે અને માફી માગનારની માફીને રદ કરી દે." આગળ ફર્માવ્યું, "કયામતના દિવસે અલ્લાહ તઆલાની તરફથી એલાન કરનાર એલાન કરશે કે તૌહીદના માનનારાઓ ! અલ્લાહ તઆલાએ તમને માફ કરી દીધા ! હવે તમારે પણ જોઈએ કે એક બીજાને માફ કરી આપો." *(નુઝહતુલ મજાલિસ, ભાગ-૧, પેજ-૬૪૧)*

## ★ માફી તથા દરગુઝર વિશે બુઝુર્ગોના બનાવો ★

**હઝરત અલીયે મુર્તઝા** کرم اللہ وجہہ الکریم એ પોતાના ગુલામને બોલાવ્યો પણ તેણે જવાબ ન આપ્યો. આપે ફરી

પોકાર્યું છતાં તે ન આવ્યો. જલ્દીથી આપ તેની પાસે ગયા તો તે હસી રહ્યો હતો. આપે પૂછયું કે શું મારા અવાજને તેં સાંભળ્યો નથી ?! કહેવા લાગ્યો કે સાંભળ્યો છે. આપે કહ્યું કે તો પછી કેમ જવાબ ન આપ્યો ?! તેણે કહ્યું, મને ખબર છે કે મારી આ હરકત પર પણ આપ સંયમ જાળવશો ! હું આપની સજાથી અમ્નમાં હતો જેથી ચૂપ રહ્યો. આપે એ જ વાત પર તેને આઝાદ કરી આપ્યો.

આજે આપણે લોકો સંયમ, ધીરજ, સબ્ર, દરગુઝરથી ખૂબ દૂર થતા જઈએ છીએ અને સહેજ બહાનુ મળે તો પતિ પત્ની પર કે પત્ની પતિ પર, બાળકો પર તેમજ આપસમાં એકબીજા પર ગરમ થઈ જઈએ છીએ જેનાથી એકબીજાની માનહાનિ થાય છે અને સંબંધોમાં કડવાશ પેદા થાય છે પછી જીવન કંકાસમય બની જાય છે. પણ ઈસ્લામના આવા બુઝુર્ગોના આદેશો તથા ઈસ્લામી કાનૂનોને લક્ષમાં રાખીને જીવીએ તો ઘરો મહોલ્લાઓ જન્નતના નમૂના બની જાય.

**હઝરત ઈમામ ઝયનુલ આબેદીન** رضی اللہ عنہની કોઈએ ગીબત કરી (ભલુબુરૂ કહ્યું), તો આપે શું પ્યારો જવાબ આપ્યો તે સાંભળો અને આપણા જીવનમાં એને ઉતારવા કોશિશ કરો. આપે ફર્માવ્યું, **"જો તું સાચો છે તો ખુદા મને માફ કરી આપે, અને જો તું જૂઠો છે તો ખુદા તને માફ કરે !"** પછી પૂછયું, શું તારે કાંઈ જરૂરત છે ?! તો તે શખ્સ શર્મિંદો થઈ ગયો. પછી આપે તેને એક હજાર દિરહમ અને કપડાં અર્પણ કર્યાં. અને તે એવું કહેતો જઈ રહ્યો હતો કે, "હું ગવાહી આપુ છું કે આપ નબી ﷺના નવાસા છો." આ છે ઘમંડ તથા ગુસ્સાનો ત્યાગ ! આને કહે છે હુસ્ને અખ્લાક઼ !

**સૈયદુસ્સાદાત હઝરત ઈમામ ઝયનુલ આબેદીન** رضی اللہ عنہની બારગાહે રબ્બુલ ઈઝ્ઝતમાં આજીજીનો આ બનાવ જુઓ અને બોધ લો. હઝરત તાઉસ યમાની رضی اللہ عنہ વર્ણવે છે કે હઝરત ઝયનુલ આબેદીન رضی اللہ عنہને બયતુલ્લાહ શરીફ પાસે સજદામાં આ પ્રમાણે દુઆ માગતા જોયા :

اِلٰهِیْ عُبَیْدُکَ بِفِنَائِکَ، سَائِلُکَ بِفِنَائِکَ، مِسْکِیْنُکَ بِفِنَائِکَ بِیعنی بِبَابِکَ وَمَحَلِّکَ "ઈલાહી ! તારો "મામૂલી સરખો" બંદો તારા ઘરમાં છે. તારા દરનો "ભિખારી" તથા "મિસ્કીન" તારા ઘરમાં હાજર છે." એટલે તારા દરે દૌલત પર ઉભેલો છે. હઝરત તાઉસ યમાની બયાન કરે છે કે મેં જ્યારે પણ કોઈ પરેશાનીમાં આ શબ્દો વડે દુઆ માગી તો અલ્લાહ તઆલાએ તુરત જ દુઆ ક઼બૂલ ફર્માવી અને મુશ્કેલી હલ કરી આપી.

*(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૨)*

વાત વાતમાં તીસમારખાં બનતા માણસો આ બનાવ વાંચે અને બોધ લે. અહલે બયતની મહોબ્બતના દાવેદારો આ અહલે બયતના સરદારના અખ્લાક઼ જુએ અને તેમના તરીક઼ા પર ચાલે તો સાચા દાવેદાર ગણાશે. નવાસાએ રસૂલ **જન્નતી જવાનોના સરદાર હઝરત ઈમામ હસન** رضی اللہ عنہ એકવાર દસ્તરખાન પર બેઠા હતા. તેમનો ગુલામ તેમની પાસે ખાવા લાવ્યો તો તે આપના પર ફેંકાઈ ગયું. આપે ગુલામ તરફ નજર કરી તો તેણે કહ્યું, મારા આક઼ા ! અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَالْکٰظِمِیْنَ الْغَیْظَ "ગુસ્સાને પી જનારા." આ સાંભળતાં જ આપ શાંત થઈ ગયા. આગળ તેણે કહ્યું, وَالْعَافِیْنَ عَنِ النَّاسِ "લોકોને માફ કરનારા." આ સાંભળતાં જ આપે ફર્માવ્યું, "જા ! મેં તને માફ કર્યો." તેણે આગળ પઢયું : وَاللّٰهُ یُحِبُّ الْمُحْسِنِیْنَ "એહસાન કરનારાઓ સાથે અલ્લાહ મહોબ્બત ફર્માવે છે." તો આપે ફર્માવ્યું, "જા ! મેં તને અલ્લાહની રાહમાં આઝાદ કરી આપ્યો !" સુબ્હાનલ્લાહ ! આ છે

મોટા લોકોના અખ્લાક઼ ! આ છે દરગુઝરવૃત્તિ ! મુસલમાનો ! દુનિયા તથા આખેરતમાં ચૈન, સુકૂન, અમ્ન ચાહો છો તો આવો સંયમ તથા આવા અખ્લાક઼ અપનાવો. લોકોને માફ જ કર્યા કરો. તમારા દુશ્મનો તમારા દોસ્ત બની જશે. નહીં તો પછી આથી ઉલ્ટા વર્તનથી દોસ્તો પણ દુશ્મન બની જશે.

**હઝરત સૈયદના ફારૂકે આ'ઝમ** رضی اللہ عنہ એક નશો કરનાર પાસેથી પસાર થયા અને તેને શિક્ષા કરવાનો ઈરાદો કર્યો. તો તે શખ્સ આપની શાનમાં બેહૂદા શબ્દો બોલવા લાગ્યો. આપને ગુસ્સો આવ્યો પરંતું આપે તેને છોડી મૂક્યો. કોઈએ કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે શિક્ષા તો શરીઅતના કાનૂન હેઠળ આપવાની હતી, પરંતું હવે ગુસ્સાના કારણે નફસાની ખ્વાહિશની દખલ થઈ ગઈ, જેથી મેં તેને છોડી આપ્યો. આ હતો સંયમ અને આવો હતો ઈખ્લાસ ! બુઝુર્ગો દરેક કામમાં અલ્લાહની રઝાને લક્ષમાં રાખતા.

એવો જ એક વાક્યો **ઈસ્લામના ચોથા ખલીફા અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા** کرم اللہ تعالیٰ وجہہ الکریم નો છે કે આપે જંગમાં એક કાફિર પર કાબૂ મેળવી લીધો હતો. તેની છાતી પસાર સવાર હતા. હવે તેને ક઼ત્લ કરવાની તૈયારી હતી એવામાં તે હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم ની તરફ થૂક્યો તો આપને ગુસ્સો આવી ગયો. પણ હવે આપે તેને છોડી મૂક્યો. પૂછવામાં આવ્યું તો જવાબ આપ્યો કે હું તેને ખુદાને ખાતર ક઼ત્લ કરતો હતો પણ તેને મારા તરફ થૂકતાં મને ગુસ્સો આવ્યો જેથી મેં તેને છોડી આપ્યો કે હવે એમાં મારો નફસ શરીક થઈ ગયો કે મારા પર થૂકવાના કારણે ગુસ્સામાં એને મારવામાં આવશે, જેથી તેને છોડી દીધો.

સારાંશ કે બુઝુર્ગો ગુસ્સો પણ કરતા તો રબને ખાતર કરતા, જો એમાં પોતાની અંગત બાબત કે અંગત સ્વમાનનો ગુસ્સો શરીક થતો તો કાબૂ પામેલા દુશ્મનને ખુદાને ખાતર છોડી મૂકતા.

**હઝરત કૈ઼સ બિન આસિમ** رضی اللہ عنہ ખૂબ જ સહનશક્તિવાળા હતા. તેમની સહનશીલતાનો એ આલમ હતો કે તેમના ભત્રીજાને લોકો તેમની પાસે પકડીને લાવ્યા જેણે આપના સગા પુત્રને ક઼ત્લ કરી નાખ્યો હતો. જ્યારે તેમને કહેવામાં આવ્યું કે આ તમારા પુત્રનો ખૂની હાજર છે. આપ તે વખતે કોઈ વાતમાં વ્યસ્ત હતા તો જ્યાં સુધી હાજર રહેલ લોકો સાથે વાત સંપૂર્ણ ન કરી લીધી ત્યાં સુધી ધ્યાન ન આપ્યું. પછી આપે આપના ભત્રીજાને સંબોધીને કહ્યું, તેં તારા કાકાના પુત્રને ક઼ત્લ કરીને ઘણુ બુરુ કર્યું, સગાઈ સંબંધનો લેહાજ ન કર્યો અને પોતાની જમાઅત કમજોર કરી નાખી ! પછી આપે પોતાના બીજા પુત્રને કહ્યું, એને ખોલી દો, તમારા ભાઈને દફન કરી દો અને તારી માને એના પુત્રની દિયત (ખૂનના બદલે માલ) આપી દો કેમ કે તે અમારી સગાઈ નથી રાખતી !

છે કોઈ આવો સહનશીલ તથા ઉદાર ઈન્સાન આપણામાં ?!

**હઝરત ઈમામ હસન** رضی اللہ عنہ નો પડોશી યહૂદી હતો તેના ઘરની એક દીવાલ ફાટી ગઈ જેથી કચરો પૂજો આપના ઘરમાં ભેગો થઈ જતો. યહૂદીની પત્નીએ તેને કહ્યું કે તે હઝરત ઈમામ હસન رضی اللہ عنہ થી માફી માગી આવે. જેથી તે આપની પાસે માફી માટે હાજર થયો. આપે કદી ગુસ્સો કર્યો ન હતો. આપે તેને કહ્યું કે મારા નાનાજાન નબી કરીમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું છે કે તમારા પડોશીઓની ઈજ્જત તથા તા'ઝીમ કરો, તેમને કોઈ પ્રકારની તકલીફ ન આપો. આ સાંભળતાં જ તે યહૂદી મુસલમાન થઈ ગયો. પડોશી સાથે કેવી રીતે વર્તવું તે આ પરથી શીખવું જોઈએ.

હઝરત સુફયાન બિન મિસ્અર رضی اللہ عنہ ફર્માવે છે કે **હઝરત ઈમામ હુસૈન** رضی اللہ عنہ એકવાર એવા મિસ્કીનો પાસેથી પસાર થયા જેઓ ચાદર બિછાવીને રોટીના સૂકા ટુકડા ખાય રહ્યા હતા. તેઓએ કહ્યું કે, હે અબૂ અબ્દુલ્લાહ ! આપ પણ અમારી સાથે ખાવ. આપ તેમની સાથે ખાવા બેઠા અને ફર્માવ્યું, અલ્લાહ ઘમંડીઓને મહબૂબ નથી રાખતો, અને તેમની સાથે ખાવા ખાધુ. પછી તેમને ફર્માવ્યું કે મેં તમારા લોકોની દાવત કબૂલ કરી, જેથી હવે તમો મારી દાવત કબૂલ કરો. અને તેમને ઘરે લઈ ગયા અને બાંદીને કહ્યું કે ઘરમાં જો કાંઈ છે તે કાઢે.

*(તંબીહુલ ગાફિલીન, ૧/૨૪૧)*

આજે માલદાર તથા ઊંચા મર્તબાવાળા લોકો ગરીબો સાથે તેમનું ખાવાની વાત તો દૂર રહી તેમની સાથે બેસવા કે ઉભા રહેવામાં કે તેમને સલામ કરવામાં પોતાની તૌહીન સમજે છે ! તેવાઓએ આ બોધ લેવાની વાત છે કે જન્નતી જવાનોના સરદાર ઈમામ હુસૈન رضی اللہ عنہ કેટલી સાદગીથી જીવતા હતા કે ઘમંડનો છાંટો દિલમાં જોવા ન મળતો. હદીષમાં છે કે, "જે શખ્સ અલ્લાહ તઆલાની રઝાને ખાતર તવાઝોઅ (આજીજી, નમ્રતા) અપનાવે છે તો અલ્લાહ તઆલા તેનો મર્તબો બુલંદ કરે છે."

**હઝરત સલ્માન ફારસી** رضی اللہ عنہની માલદારોમાં ગણના થતી હતી. મદાઈનના એક અમીરે બજારમાંથી કાંઈક ખરીદયું, એવામાં આપ ત્યાં થઈને પસાર થયા તો આપને મજૂર સમજીને તે અમીરે આપને કહ્યું કે આ સામાન ઉપાડી લે. આપે સામાન ઉઠાવી લીધો. રસ્તામાં લોકો મળતા તો કહેતા, અલ્લાહ તઆલા આપને સલામત રાખે, લાવો આ સામાન અમે ઉઠાવી લઈએ છીએ. પણ આપ દરેકને સતત ના જ પાડતા રહ્યા. આ જોઈને પેલો અમીર સમજી ગયો અને આપનાથી માફી માગવા લાગ્યો, છતાં આપે તેના ઘર સુધી સામાન પહોંચાડી આપ્યો. આને કહે છે સહનશીલતા, આજીજી તથા ઘમંડથી પાક હોવું.

આવા અનેક બનાવો બુઝુર્ગોને દીનની સહનશીલતા, નમ્રતા તથા ઘમંડથી પાક પવિત્ર હોવાના છે જેનું વર્ણન આ ટૂંકા લેખમાં શક્ય નથી, પણ આપણે જો તેમની જીવન જીવવાની પધ્ધતિ અપનાવીએ તો જિંદગીમાં ખુશીઓની વસંત ખીલી ઉઠે અને એકબીજા પ્રત્યેની નફરતોનો ખાત્મો થઈને સમાજ મહોબ્બતોનો મહેકતો ગુલશન બની શકે છે.

## ★ ગુસ્સા તથા ઘમંડને દૂર કરવાનો ઈલાજ ★

હદીષ શરીફમાં છે કે જે માણસ પોતાના ગુસ્સાને રોકી લે છે, કયામતના દિવસે અલ્લાહ તઆલા તેનાથી પોતાનો અઝાબ રોકી લેશે. *(મિશ્કાત શરીફ)* આ બશારતોને ધ્યાનમાં રાખે તો માણસ ગુસ્સાથી બચી જશે.

અહયાઉલ ઉલૂમમાં છે કે એક માણસ દુઆ માગી રહ્યો હતો, "હે અલ્લાહ ! મારી પાસે સદકો તથા ખૈરાત કરવા માટે કોઈ માલ નથી પણ માત્ર આટલું જ છે કે જે માણસ મારી બેઈજ્જતી કરે તેને મેં માફ કરી આપ્યો." તો અલ્લાહના પ્યારા મહબૂબ ﷺ પર વહી નાઝિલ થઈ કે, "મારા આ બંદાને મેં બખ્શી દીધો." જેથી આપણે અલ્લાહ તરફથી બખ્શિશની ઉમ્મીદ સાથે ગુસ્સાને રોકી માફી તથા દરગુઝરનું વલણ અપનાવવું જોઈએ.

જ્યારે ગુસ્સો આવે તો ફર્માને રસૂલ ﷺ પ્રમાણે આમાંથી કોઈ પણ કામ કરી લે : **૧.** *અઊઝુ બિલ્લાહ મિનશ્શયતા નિર્રજીમ* પઢી લે. **૨.** *લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લાહ* પઢી લે. **૩.** વુઝૂ કરી લે. **૪.** ઉભો હોય તો બેસી જાય, બેઠો હોય તો સૂઈ જાય. **૫.** જેના પર ગુસ્સો આવતો હોય તેની સામેથી હટી જાય. **૬.** પાણી પી લે. **૭.** ચૂપ થઈ જાય.

એ જ પ્રમાણે ઘમંડ એ શૈતાની આદત છે. યાદ રાખશો કે જે માણસમાં ઘમંડ જેવી શૈતાની આદત પૈદા થઈ જાય છે તેનો તે જ અંજામ થશે જે શૈતાનનો થયો.

## ★ તકબ્બુરનો ઈલાજ ★

ગુરૂર તથા ઘમંડનો ઈલાજ એ છે કે મિસ્કીનો તથા ગરીબોની સોહબતમાં રહેવા લાગે અને લોકોની સેવા કરે તથા તવાઝોઅ અને ઈન્કેસારી (પોતાને તુચ્છ જાણવું) અપનાવે, સલામમાં પહેલ કરે અને પોતાના દિલમાં એ નક્કી કરી લે કે દરેક મુસલમાનની તા'ઝીમ કરીશ, ભલે તેનાં કપડાં ગમે એટલાં મેલાં કેમ ન હોય, તેને પોતાના બરાબર બેસાડીશ. હરદમ પોતાના દિલમાં સુસ્તી તથા કમતરીનો ખયાલ જમાવે અને ખુદાએ પાકનો શુક્ર અદા કરે કે મને તેણે જેવું આપ્યું અને મને જેવો બનાવ્યો એ બિલકુલ ઠીક છે, જો તે (અલ્લાહ) ઈચ્છત અથવા અત્યારે પણ ચાહે તો સારા જહાનથી બદ્તર બનાવી શકે છે. અને દિલમાં એ પણ ખયાલ રાખે કે અલ્લાહ સૌથી મોટો બુલંદ (ઉચ્ચ) છે અને ખુદા તઆલા સિવાય કોઈ પણ કિબ્રીયાઈ (ગર્વ)ને પાત્ર નથી. હું નીચ, રુસ્વા અને હલકો આદમી છું. આ હકીકત જાણવા માટે સૂરએ અબસ, આયત ૧૭ થી ૨૨ તથા સૂરએ દહ્ર, આયત ૧ ને વારંવાર પઢયા કરે. અને ઘમંડ માણસને જે કાંઈ પણ કહે તેના વિરૂધ્ધમાં જ કામ કરે. ઘમંડ માત્ર શકલથી જ નહીં પણ પહેરવેશ, ઝબાન, આંખ, ઉઠવા, બેસવા મતલબ કે દરેક હલન ચલનથી જાહેર થઈ શકે છે. માટે કોશિશ તથા મહેનતથી તેને દૂર કરવો જરૂરી છે જેથી કોઈ પણ રીતે એ બાકી ન રહે અને આજીજી તથા નરમી માણસની તબિઅત તથા ફિતરતની (પ્રકૃતિની) ખૂબી બની જાય.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** رضی اللہ عنہما ફર્માવે છે કે જે શખ્સમાં ત્રણ ગુણો હશે તે વિલાયતનો હક્કદાર છે. **"સહનશીલતા"** જે કમીનાના કમીનાપણા પર અપનાવવામાં આવે, **"તક્વો"** જે ગુનાહોથી દૂર રાખે, અને **"હુસ્ને અખ્લાક઼"** (સદવર્તાવ) જે લોકોની ખુશીનો સબબ બને. *(નુઝહતુલ મજાલિસ, ૧/૬૪૪)*

## ★ અલ્લાહના માટે દોસ્તી અલ્લાહના માટે દુશ્મની ★

અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે મૂસા علیہ السلامને ફર્માવ્યું કે, હે મૂસા ! કદી મારા માટે પણ કોઈ અમલ કર્યો છે ? હઝરત મૂસા علیہ السلامએ કહ્યું, હે અલ્લાહ ! મેં તારા માટે નમાઝ પઢી, તારા માટે રોઝા રાખ્યા, તારા માટે સદક઼ા આપ્યા, તારા માટે સજદા કર્યા, તારી હમ્દ વર્ણવી, તારી કિતાબ પઢી અને તારો ઝિક્ર કર્યો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું, મૂસા ! નમાઝ તારા માટે ક઼યામતમાં દલીલ છે, રોઝા તારા માટે ઢાલ છે, સદક઼ો તારા માટે ક઼યામતના દિવસે સાયો છે, તસ્બીહ તારા માટે જન્નતમાં ઝાડ છે, મારી કિતાબ પઢવું તારા માટે હૂર તથા જન્નતી મહેલનો ઝરીયો છે અને મારો ઝિક્ર કરવું તારા માટે નૂર છે. પણ હે મૂસા ! તેં મારા માટે શું અમલ કર્યો ? મૂસા علیہ السلامએ અર્ઝ કરી, હે રબ ! તું બતાવી દે કે હું કયો અમલ કરું જે તારા માટે હોય ? રબે ફર્માવ્યું, હે મૂસા ! શું કદી કોઈની સાથે મારા માટે દોસ્તી કરી ? શું કદી કોઈની સાથે મારી લીધે દુશ્મની કરી ? હઝરત મૂસા علیہ السلام ફર્માવે છે કે એ વખતે મેં જાણી લીધું કે સર્વ અમલોમાં સૌથી અફઝલ અમલ એ છે કે અલ્લાહના માટે કોઈનાથી દોસ્તી અને અલ્લાહના માટે દુશ્મની કરવામાં આવે. *(મુક઼ાશફતુલ કુલૂબ)*

અલ્લાહ તઆલા આપણને સૌને આવી તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઈર્ફાન

:: અઝ ::
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ

:: અનુવાદક ::
મૌલાના હસન આદમ કોલવનવી رحمۃ اللہ علیہ

સૂરએ આ'લે ઈમરાન મદીના તય્યિબામાં ઉતરી, એમાં ૨૦૦ આયતો, ૪૮૦ શબ્દો, અને ૧૪૫૨૦ અક્ષરો છે.

لَقَدْ مَنَّ اللّٰهُ عَلَى الْمُؤْمِنِيْنَ اِذْ بَعَثَ فِيْهِمْ
رَسُوْلًا مِّنْ اَنْفُسِهِمْ يَتْلُوْا عَلَيْهِمْ اٰيٰتِهٖ وَ
يُزَكِّيْهِمْ وَ يُعَلِّمُهُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ ۚ وَ اِنْ
كَانُوْا مِنْ قَبْلُ لَفِيْ ضَلٰلٍ مُّبِيْنٍ (١٦٤) اَوَ لَمَّاۤ
اَصَابَتْكُمْ مُّصِيْبَةٌ قَدْ اَصَبْتُمْ مِّثْلَيْهَا ۙ قُلْتُمْ
اَنّٰى هٰذَا ؕ قُلْ هُوَ مِنْ عِنْدِ اَنْفُسِكُمْ ؕ اِنَّ اللّٰهَ
عَلٰى كُلِّ شَيْءٍ قَدِيْرٌ (١٦٥) وَ مَاۤ اَصَابَكُمْ يَوْمَ الْتَقَى
الْجَمْعٰنِ فَبِاِذْنِ اللّٰهِ وَ لِيَعْلَمَ الْمُؤْمِنِيْنَ (١٦٦) وَ
لِيَعْلَمَ الَّذِيْنَ نَافَقُوْا ۖ وَ قِيْلَ لَهُمْ تَعَالَوْا
قَاتِلُوْا فِيْ سَبِيْلِ اللّٰهِ اَوِ ادْفَعُوْا ؕ قَالُوْا لَوْ نَعْلَمُ
قِتَالًا لَّا اتَّبَعْنٰكُمْ ؕ هُمْ لِلْكُفْرِ يَوْمَئِذٍ اَقْرَبُ
مِنْهُمْ لِلْاِيْمَانِ ۚ يَقُوْلُوْنَ بِاَفْوَاهِهِمْ مَّا لَيْسَ فِيْ

## સૂરએ આલે ઈમરાનની તફસીર

બેશક ! અલ્લાહનું મોટુ એહસાન થયું[૧૪૦] મુસલમાનો પર કે તેમનામાં તેમનાથી જ[૧૪૧] એક રસૂલ[૧૪૨] મોકલ્યા, જે તેમની પર તેની આયતો પઢે છે[૧૪૩] અને તેમને પાક કરે છે[૧૪૪] અને તેમને કિતાબ તેમજ હિકમત શિખવાડે છે[૧૪૫] અને તેઓ ખચિત એ પહેલાં ગુમરાહીમાં હતાં[૧૪૬] (૧૬૪) શું જ્યારે તમને કોઈ મુસીબત પહોંચે[૧૪૭] કે એનાથી ડબલ તમે પહોંચાડી ચૂક્યા છો[૧૪૮] તો કહેવા માંડો કે આ ક્યાંથી આવી[૧૪૯] તમે ફર્માવી દો એ તમારા જ તરફથી આવી[૧૫૦] બેશક ! અલ્લાહ ઈચ્છે તે કરી શકે છે (૧૬૫) અને તે મુસીબત જે તમારા પર આવી[૧૫૧] જે દિવસે બન્ને સૈન્યો[૧૫૨] એકત્ર થયાં હતાં, તે અલ્લાહના હુકમથી હતી. અને એટલા માટે કે ઈમાનવાળાઓની ઓળખ કરાવી દે (૧૬૬) અને એટલા માટે કે ઓળખ કરાવી દે તેમની જે મુનાફિક થયા[૧૫૩] અને તેમને[૧૫૪] કહેવામાં આવ્યું કે આવો[૧૫૫] અલ્લાહના માર્ગમાં લડો અથવા દુશ્મનને હટાવો[૧૫૬] બોલ્યા, જો અમે જાણત કે લડાઈ થવાની છે તો જરૂર તમને સાથ આપત, અને તે દિવસે (તેઓ) જાહેરી ઈમાન

قُلُوْبِهِمْ ؕ وَ اللّٰهُ اَعْلَمُ بِمَا يَكْتُمُوْنَ ﴿۱۶۷﴾ اَلَّذِيْنَ
قَالُوْا لِاِخْوَانِهِمْ وَ قَعَدُوْا لَوْ اَطَاعُوْنَا مَا قُتِلُوْا ؕ
قُلْ فَادْرَءُوْا عَنْ اَنْفُسِكُمُ الْمَوْتَ اِنْ كُنْتُمْ
صٰدِقِيْنَ ﴿۱۶۸﴾ وَ لَا تَحْسَبَنَّ الَّذِيْنَ قُتِلُوْا فِيْ سَبِيْلِ
اللّٰهِ اَمْوَاتًا ؕ بَلْ اَحْيَآءٌ عِنْدَ رَبِّهِمْ يُرْزَقُوْنَ ﴿۱۶۹﴾
فَرِحِيْنَ بِمَاۤ اٰتٰهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ ۙ وَ
يَسْتَبْشِرُوْنَ بِالَّذِيْنَ لَمْ يَلْحَقُوْا بِهِمْ مِّنْ
خَلْفِهِمْ ۙ اَلَّا خَوْفٌ عَلَيْهِمْ وَ لَا هُمْ يَحْزَنُوْنَ ﴿۱۷۰﴾
يَسْتَبْشِرُوْنَ بِنِعْمَةٍ مِّنَ اللّٰهِ وَ فَضْلٍ ۙ وَّ اَنَّ اللّٰهَ
لَا يُضِيْعُ اَجْرَ الْمُؤْمِنِيْنَ ﴿۱۷۱﴾

*કરતાં ઉઘાડા કુફ્રથી વધુ નજીક છે, પોતાના મોઢેથી (તે વાત) કહે છે જે તેમના દિલોમાં નથી, અને (તેઓ) છુપાવી રહ્યા છે તેની અલ્લાહને જાણ છે[૧૫૭] (૧૬૭) તેઓ જેમણે પોતાના ભાઈઓ વિશે[૧૫૮] કહ્યું અને પોતે (પણ) બેસી રહ્યા. "કે તેઓ અમારૂં કહ્યું માનત[૧૫૯] તો માર્યા ન જાત" તમે ફર્માવી દો જો સાચા હોઉ તો પોતાનું જ મોત ટાળો[૧૬૦] (૧૬૮) અને તેઓ જે અલ્લાહના માર્ગમાં માર્યા ગયા[૧૬૧] કદાપિ તેમને મરેલા કલ્પશો નહીં બલ્કે તેઓ પોતાના પરવરદિગાર પાસે જીવંત છે, રોજી પામે છે[૧૬૨] (૧૬૯) અલ્લાહે તેમને પોતાની કૃપાથી જે આપ્યું તેના પર ખુશ છે[૧૬૩] અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જેઓ હજુ તેમને ભેટયા નથી[૧૬૪] કે તેમને ન કોઈ બ્હીક છે ન કોઈ દુઃખ (૧૭૦) અલ્લાહની નેઅમત અને ફઝલની ખુશીઓ મનાવે છે. અને એ કે અલ્લાહ મુસલમાનોનો બદલો વેડફતો નથી[૧૬૫] (૧૭૧)*

## :: સમજૂતી ::

**૧૪૦ :** મિન્નત (જેમાંથી આયતનો "મન્ન" શબ્દ બન્યો છે) મહાન નેઅમતને કહે છે, અને બેશક ! સૈયદે આલમ ﷺની પધરામણી મહાન નેઅમત છે, કારણ કે મખ્લૂકનું નિર્માણ અજ્ઞાનતા, નાસમઝી અને કમ બુધ્ધિના ગુણો સહિત થયું છે, માટે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને મોકલીને એને (મખ્લૂકને) કુમાર્ગથી છૂટકારો આપ્યો. હુઝૂરના કારણે સદ્‌બુધ્ધિ આપી જહાલતમાંથી કાઢયા, આપના પ્રતાપે સીધા માર્ગનું માર્ગદર્શન આપ્યું તેમજ આપના કારણે અગણિત નેઅમતો આપી.

**૧૪૧ :** એટલે કે તેમની હાલત પર મહેરબાની અને પ્રેમ કરનાર અને તેની માટે ગર્વ અને આબરૂ રૂપ જેમની પરહેઝગારી, સચ્ચાઈ, દયાનતદારી સુલક્ષણો શ્રેષ્ઠ આદતોની હાલતથી તેઓ માહિતગાર છે.

**૧૪૨ :** સૈયદે આલમ ખાતિમુલ અંબિયા મુહમ્મદ મુસ્તફા ﷺ.

**૧૪૩ :** અને તેની કિતાબ કુર્આને મજીદ તેમને સંભળાવે છે, જો કે તેમના કાન પહેલાં આકાશી વહી અને કલામે હક્ક સાંભળી શકયા ન હતા.

**૧૪૪ :** કુફ્ર અને ગુમરાહી તેમજ હરામ અને ગુનાહિત કાર્યો કરવાથી. કુલક્ષણો, ખરાબ ટેવો અને

નફસાની અંધકારથી.

**૧૪૫ :** અને નફસની ઈલ્મી અને અમલી બન્ને શક્તિઓને ખિલવે છે.

**૧૪૬ :** કે હક અને બાતિલ, નેક અને બદમા ફેર ન રાખતા હતા, તેમજ અજ્ઞાનતા અને અંધકારમાં સપડાયેલા હતા.

**૧૪૭ :** જેવી કે જંગે ઉહદમાં પહોંચી, કે તમારામાંથી ૭૦ માણસો શહીદ થયા.

**૧૪૮ :** જંગે બદ્રમાં, કે તમે ૭૦ જણને કતલ કર્યા અને ૭૦ માણસોને કેદ પકડયા.

**૧૪૯ :** અને કેમ આવી? જ્યારે કે અમે મુસલમાન છીએ અને અમારામાં રસૂલુલ્લાહ ﷺ હાજર છે.

**૧૫૦ :** કારણ કે તમે હુઝૂર ﷺની મરજી વિરૂધ્ધ મદીનાથી બહાર નીકળીને લડવાનો આગ્રહ રાખ્યો, અને પછી ત્યાં પહોંચ્યા બાદ હુઝૂરની સખ્ત મનાઈ છતાં ગનીમત મેળવવા મોરચો છોડી દીધો, આ તમારા મરવાનું અને પરાજયનુ કારણ બન્યું.

**૧૫૧ :** ઓહદની લડાઈમાં.

**૧૫૨ :** મો'મિનો અને મુશ્રિકોના.

**૧૫૩ :** એટલે કે મો'મિનો અને મુશ્રિકો તરવાઈ ગયા.

**૧૫૪ :** એટલે કે અબ્દુલ્લાહ બિન ઉબય બિન સલૂલ વિગેરે મુનાફિકોને.

**૧૫૫ :** મુસલમાનોની સંખ્યામાં વધારો. અને દીનના રક્ષણ કાજે.

**૧૫૬ :** પોતાના બાલબચ્ચાંઓ અને માલ બચાવવા માટે.

**૧૫૭ :** એટલે કે 'નિફ઼ાક'.

**૧૫૮ :** અર્થાત ઓહદની લડાઈમાં શહીદ થયેલા લોકો માટે જેઓ પેઢીગત એમના ભાઈ થતા હતા, એમની બાબત અબ્દુલ્લાહ બિન ઉબય વગેરે મુનાફિક઼ોએ કહ્યું.

**૧૫૯ :** અને રસૂલુલ્લાહ ﷺ સાથે જેહાદમાં ન જાત અથવા ત્યાંથી નાસી આવત.

**૧૬૦ :** રિવાયતમાં છે કે જે દિવસે મુનાફિક઼ોએ આમ કહ્યું તે જ દિવસે ૭૦ મુનાફિક઼ મરી ગયા.

**૧૬૧ : શાને નુઝૂલ :** વધુ પડતા તફસીરકારોનું કહેવું છે કે આ આયત ઓહદમાં શહીદ થયેલાઓ માટે ઉતરી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما હુઝૂર ﷺનું ફર્માન બયાન કરે છે કે, ''જ્યારે તમારા ભાઈઓ ઓહદમાં શહીદ થયા ત્યારે અલ્લાહ તઆલાએ તેમની રૂહોને લીલા રંગના પક્ષીઓના ખોળિયા અર્પ્યાં. તેઓ જન્નતની નહેરો પર ફરતા રહે છે, જન્નતી મેવા ખાય છે, અર્શની નીચે જે ચાંદીના ઝુમ્મરો લટકે છે તેમાં રહે છે, જ્યારે તેમણે ખાવા પીવા, રહેવાનું ઉત્તમ સુખ મેળવ્યું ત્યારે બોલ્યા કે અમારા ભાઈને કોણ ખબર કરે ? કે અમે જન્નતમાં જીવંત છીએ, જેથી તેઓ જન્નત પ્રત્યે બેદરકાર ન બને અને જેહાદથી દુર્લક્ષ ન સેવે, અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે, ''હું તમારી ખબર પહોંચાડીશ.'' તે બાબત આ આયત ઉતરી. *(અબૂ દાઊદ)* એનાથી સાબિત થયું કે રૂહો જીવંત છે, શરીરના ફના થવાથી ફના થતી નથી.

**૧૬૨ :** અને જીવંત લોકોની જેમ ખાય, પીએ અને સુખ ભોગવે છે, આયતનો આગલો ભાગ દર્શાવે છે કે જીવન રૂહ અને શરીર બંને માટે છે. ઉલમા ફર્માવે છે કે, શહીદોના શરીર ક઼બ્રોમાં જીવંત રહે છે, માટી તેમને નુકસાન કરતી નથી, સહાબાના સમય અને ત્યાર પછી પણ અનેકવાર જોવામાં આવ્યું છે કે જ્યારે શહીદોની ક઼બ્રો (કોઈ કારણસર) ખુલ્લી થઈ ગઈ ત્યારે શરીરો તરતનાં જ દફનાવેલાં હોય એવાં જણાયાં. *(ખાઝિન વગેરે....)*

**૧૬૩ :** ફઝલ અને બુઝુર્ગી, ઈનામ અને એહસાન, મોત પછી જીવન આપ્યું. પોતાની નજીક (મર્તબામાં) કર્યા, જન્નતની રોજી અને તેની નેઅમતો આપી. અને એ પદવીઓ મેળવવા શહાદતની તૌફીક઼ આપી.

**૧૬૪ :** અને તેઓ દુનિયામાં ઈમાન અને તકવા પર છે, જ્યારે શહીદ થશે ત્યારે તેમને ભેટશે અને ક઼યામતના દિવસે શાંતિ અને સુખરૂપ ઉઠાડશે.

**૧૬૫ :** બુખારી અને મુસ્લિમની હદીષમાં છે કે હુઝૂરે ફર્માવ્યું, "જે કોઈને અલ્લાહના માર્ગમાં ઝખ્મ વાગ્યો તે ક઼યામતના દિવસે એ જ હાલતમાં આવશે જેવો તે ઝખ્મ લાગતી વેળા હતો, તેના લોહીમાંથી કસ્તૂરીની સુગંધ આવતી હશે અને રંગ લોહીનો (અસલ જ) રહેશે." તિર્મિઝી અને નિસાઈની હદીષમાં છે કે, "શહીદને ક઼ત્લની તકલીફ થતી નથી પણ એટલી જ કે જાણે કે ઉઝરડો થયો." મુસ્લિમ શરીફની હદીષમાં છે કે, "શહીદના તમામ ગુનાહ માફ કરી દેવાય છે સિવાય કર્ઝના." ❑❑❑

**શાદી મુબારક**

❑ **આમોદ :** ખાતે રફીક અલી દયાદરાવાળાના નેક ફરઝંદ આસિફના નિકાહ વલણ મુક઼ામે મુશ્તાક આદમ ટટુની નેક દુખ્તર શાહીના સાથે મુા. ચાંદ ૧૨–જ. અવ્વલ, હિ.સ. ૧૪૪૦, અંગ્રેજી તા. ૧૯–૧–૨૦૧૯ શનિવારે રાખવામાં આવ્યા. રવિવારે આમોદ ખાતે વલીમો રાખ્યો હતો. દુલ્હા–દુલ્હનને કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ તઆલા શાદીમાં ખૂબ બરકતો રાખે, બંને જહાનની નેઅમતોથી સૌને નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

❑ **ભોજ :** (તા. પાદરા) ખાતે હાજી મુન્શી હુસૈનભાઈના પુત્ર ઈસ્માઈલહુસૈનના નેક ફરઝંદ મુહમ્મદ ઈસ્હાક રઝા અઝહરીના નિકાહ કપુરાઈવાસી (હાલ : સાંસરોદ) વાઘેલા ગેમલસિંગ રાયસિંગ (વસીમભાઈ ટેલર)ની નેક દુખ્તર કૌષરબાનુ સાથે તા. ૩–૨–૨૦૧૯ રવિવારે સાંસરોદ મુક઼ામે રાખવામાં આવ્યા. આ મુબારક અવસર નિમિત્તે તા. ૧–૨–૨૦૧૯ જુમ્આની રાત્રે ઈશા બાદ ભોજ ખાતે **"સુન્ની દા'વતે ઈસ્લામી"**નો **શાનદાર સુન્ની ઈજતેમા** થયો જેમાં રઝાએ મુસ્તફા કમિટી–ભોજ થકી યોજાયો જેમાં હાફિઝ ઈમ્તિયાઝ નૂરી નજમીએ ક઼િર્અત પઢી હતી. નઅતખ્વાં સુલ્તાન રઝા–વડોદરા, હાફેઝ મહેબૂબ–કરજણ વગેરેએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા. મૌલાના ઝહીર મિસ્બાહી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–જંબુસર)એ "દા'વતે દીન ઔર નૌજવાનોં કા કિરદાર" એ વિષયે શાનદાર બયાન કર્યું હતું. તેમજ મૌલાના મુબારક સાબરી નજમી–જંબુસર, મૌલાના શોએબ રઝા–તરસાલી (મુબલ્લિગીને સુન્ની દા'વતે ઈસ્લામી), મૌલાના સાજિદ અશરફી–પાદરા વગેરેએ શાનદાર બયાનો કર્યા હતાં. જેમાં ભોજના તેમજ પાદરા, જંબુસર તથા આસપાસના ગામોથી વિવિધ ઉલમા તથા મુબલ્લિગો તથા સુન્ની અવામે મોટી સંખ્યામાં હાજરી આપી હતી. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે પતિ–પત્નીના હક્કો તેમજ આપસમાં કઈ રીતે જીવવું તે વિષયે ખૂબ જ ઈમાન અફરોઝ અસરકારક નસીહતઆમેઝ બયાન કર્યું હતું.

*દુલ્હા દુલ્હનો, કુટુંબીજનો સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ પાક તેના પ્યારા હબીબ ﷺના સદક઼ામાં સૌને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન)–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દર્સે હદીષે પાક

## મિર્અતુલ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## એટલે મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

**અઝ :** હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

*હઝરત માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. તેમને આ હદીષ પહોંચી છે કે ઉમર ફારૂક઼ની ખિદમતમાં મોઅઝ્ઝિન ફજરની નમાઝની ખબર આપવા હાજર થયા.[1] તેમને સૂતેલા પામ્યા તો બોલ્યા, નમાઝ ઊંઘ કરતાં બેહતર છે. તેમને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ એ હુકમ આપ્યો કે આ શબ્દો ફજરની અઝાનમાં સામેલ કરી લો.[2] (મોઅત્તા)*

**૧.** લગભગ આ બનાવ ફારૂક઼ી ખિલાફતના જમાનાનો છે અને આ મોઅઝ્ઝિન હઝરત બિલાલ رضی اللہ عنہ નહીં, કોઈ અન્ય બુઝુર્ગ છે. કેમ કે હઝરત બિલાલ رضی اللہ عنہ હુઝૂર صلی اللہ علیہ وسلم ના ઈન્તેક઼ાલ પછી દમિશ્ક઼ ચાલ્યા ગયા હતા. ફારૂક઼ી યુગમાં ત્યાં જ આપનો ઈન્તેક઼ાલ થયો. આ પરથી જાણવા મળ્યું કે સુલ્તાને ઈસ્લામ, ક઼ાઝી, આલિમે દીન વગેરેને મોઅઝ્ઝિન ખાસ કરીને નમાઝની ખબર આપી શકે છે. પબ્લિકના માટે મના છે, તેમના માટે અઝાન જ પૂરતી છે.

**૨.** એટલે કે આ શબ્દો ફજરની અઝાનનો ભાગ છે, એને કેવળ અઝાનમાં જ વાપરવામાં આવે, એના સિવાય નહીં. બીજા સમયે અન્ય શબ્દો વડે જગાડે અથવા ખબર કરે. જેથી હદીષ પર એ વાંધો નથી કે આ શબ્દો હુઝૂરના જમાનાથી ફજરની નમાઝમાં સામેલ ન હતા, આજે સામેલ કરવાનો શો અર્થ. અન્ય પણ તફસીરો છે પણ આ તફસીર બેહતર છે.

*હઝરત અબ્દુર્રહમાન બિન સઅદ બિન અમ્માર બિન સઅદ મોઅઝ્ઝિને રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم થી[1] રિવાયત કરે છે. ફર્માવે છે : મને મારા વાલિદે, તેમને તેમના વાલિદે, તેમણે પોતાના વાલિદથી રિવાયત કરી. નબી કરીમ صلی اللہ علیہ وسلم એ હઝરત બિલાલને હુકમ આપ્યો કે પોતાની આંગળીઓ કાનોમાં રાખી લે. ફર્માવ્યું, આ અમલ તમારા અવાજને ઊંચો કરનાર છે.[2] (ઈબ્ને માજહ)*

**૧.** આ સઅદ કરઝી છે જે હુઝૂર صلی اللہ علیہ وسلم ના જમાનામાં મસ્જિદે કુબાના મોઅઝ્ઝિન હતા અને હુઝૂર صلی اللہ علیہ وسلم ના બાદ હઝરત બિલાલ رضی اللہ عنہ ની જગાએ આપ મસ્જિદે નબવીના મોઅઝ્ઝિન બન્યા. યાદ રાખશો કે સઅદ કરઝી સહાબી છે અને અમ્માર ઈબ્ને સઅદ તાબઈ તથા અબ્દુર્રહમાન ઈબ્ને સઅદનો હાલ માલૂમ ન થઈ શકયો. *(અશિઅહ)*

**૨.** એટલે કે આંગળીઓ કાનોમાં નાખવાથી અવાજ બુલંદ નીકળે છે અને અઝાનમાં બુલંદ અવાજ હોવો જોઈએ, એટલા માટે રાખી દીધા કરો. આ પરથી જાણવા મળ્યું કે બાળકના કાનમાં અઝાનના સમયે આંગળીઓ કાનોમાં લગાડવી સુન્નત નથી, એ જ પ્રમાણે ઈક઼ામત (તકબીરમાં) પણ. એ જ પ્રમાણે દરેક તે જગાએ જ્યાં બુલંદ અવાજનો હેતુ ન હોય. પરંતું જો લાઉડ સ્પીકર પર અઝાન કહેવામાં આવે તો આંગળી લગાડી રાખે કે અહીં બુલંદ અવાજ હેતુ છે. અઝાને ક઼બ્ર પર આંગળીઓ લગાડી રાખે કે અહીં બુલંદ અવાજ હેતુ છે. અઝાને ક઼બ્ર પર આંગળીઓ લગાડી લે ત્યાં અવાજની બુલંદીનો હેતુ છે. આ અઝાનથી શૈતાનો ભાગે છે.

# હ઼દાઈક઼ે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન ક઼ાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ન અર્શે અયમન ન اِنِّیْ ذَاهِبٌ મેં મયહમાની હૈ–ન લુત્ફ اُدْنُ یَا اَحْمَدْ નસીબ لَنْ تَرَانِیْ ની હૈ**

*(અયમન : અમ્નવાળો نودی من شاطئ الواد الایمن કુર્આની આયત તરફ ઈશારો છે, ઈન્ની ઝાહિબ = બેશક ! હું જાણનારો છું. હઝરત મૂસા علیہ السلام નો ક઼ૌલ اِنِّیْ ذَاهِبٌ ની તરફ ઈશારો છે, ઉદનુ યા મુહમ્મદ = હે પ્યારા અહમદ ! નજીક થઈ જા !, શબે મેઅરાજ અલ્લાહે પોતાના હબીબને ફર્માવ્યું. લન્તરાની = તુ મને હરગિઝ નથી જોઈ શકતો. મૂસા علیہ السلام ની દીદારે રબની માગણી પર રબે ફર્માવ્યું)*

**અર્થાત** : ન તો અમ્નની વાદી (કોહે તૂર અમને સુકૂન અતા કરે) અને નથી હું એ લાયક કે કહું, انی ذاهب الی ربی سیهدین "હું મારા રબની તરફ જાઉં છું તે જ મને હિદાયતની રાહે ચલાવશે." (અને) ત્યાં મારી મહેમાન નવાઝી કરવામાં આવશે, ન તો હું اُدنی منی یا احمد "હે પ્યારા અહમદ ! મારા નજીક આવો."ની દિલનવાઝ સદાનો લુત્ફ ઉઠાવી શકું છું. કેમ કે આપણુ તો નસીબ لَنْ تَرَانِیْ છે કે તું હરગિઝ મને નથી જોઈ શકતો. (આ દુનિયામાં અલ્લાહને જાગૃતાવસ્થામાં જોવું કેવળ હુઝૂર ﷺનો વિશિષ્ટ મો'જિઝો છે) આ શેઅરને આગલા શેઅર સાથે મિલાવવામાં આવશે તો પૂરો ભાવાર્થ સમજમાં આવી જશે.

**નસીબ દોસ્તાં ગર ઉનકે દર પર મૌત આતી હૈ–ખુદા યૂં હી કરે ફિર તો હમેશાં ઝિન્દગાની હૈ**

**અર્થાત** : દોસ્તોનું મુક઼દર જો મને પણ સાથે લઈ જાય અને આક઼ાએ દો જહાં ﷺના દરે અક઼દસ પર મૌત નસીબ થઈ જાય ! જો ખુદા તઆલા એ સઆદત (નેક નસીબી) અતા કરી આપે, તો પછી હમેશાંની જિંદગી તથા કાયમનો ચૈન તથા ક઼રાર યક઼ીની છે.

*મિટ્ટી ન હો બર્બાદ પસે મર્ગ ઈલાહી–જબ ખાક ઉળે મેરી મદીને કી ગલી હો*

**ઉસી દરપે તળપતે હૈં, મચલતે હૈં, બિલકતે હૈં–ઉઠા જાતા નહીં, ક્યા ખૂબ અપની નાતવાની હૈ**

*(નાતવાની = કમજોરી)*

**અર્થાત** : અમે અમારા આક઼ા ﷺના દરે અક઼દસની ચોખટને થામીને તડપતા રહીશું, ધ્રુસ્કાં ખાય ખાયને રડતા રહીશું અને અમારી સરકારથી રડી રડીને વારંવાર કરમની ભીખ માગતા રહીશું. કેમ કે આપના ડરથી ઉઠવા પણ ચાહીશું તો ન ઉઠી શકીશું. કમજોરી તથા અશક્તિ જ એટલી થઈ છે. અને આ કમજોરી કેટલી સારી છે જેણે અમને આક઼ા علیہ الصلوٰۃ والسلام ના દર પર પાડી દીધા છે !

**કલામે રઝા અને તેના શરઈ તકાઝા :** દુનિયાનો કયો પ્રદેશ એવો છે જ્યાં ઈમામુલ અંબિયા ﷺની પ્રશંસા ન થઈ રહી હોય. દરેક ભાષા દરેક સ્થળ અને દરેક ઝબાનમાં સરકારે મદીના ﷺની અઝમત તથા શાનના ડંકા વાગી રહ્યા છે અને આ ક્રમ ક્યામત સુધી ખુદાના વાયદા પ્રમાણે વધતો જ જશે અને ક્યામતના દિવસે પોતાના પૂરા જોબન તથા ઊંચાઈ પર હશે, કેમ કે : وَلَلْاٰخِرَةُ خَيْرٌ لَّكَ مِنَ الْاُوْلٰى ''અને બેશક ! પાછલી તમારા માટે પહેલી કરતાં બેહતર છે.'' *(સૂ. દુહા, ૯૩/૪)*

એ જ પ્રમાણે અખંડ ભારતની ભૂમિ પર ઉલમાના તબકામાં ઘણા જ મહાન ઈલ્મો દાનિશ તથા દીની દુન્યવી ઈલ્મના ફાઝિલ (સ્કોલર) પેદા થયા પરંતુ એમાંથી કોઈ પણ એવો નથી જે ૧૦૬ થી વધુ ઈલ્મો તથા વિદ્યા કલાઓ પર સંપૂર્ણ નિપૂણતા ધરાવવા ઉપરાંત સાથોસાથ પ્રથમ હરોળનો કાદિરુલ કલામ નઅત ગો શાઈર પણ હોય. આ એતબારથી મુજદ્દિદે દીનો મિલ્લત આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની શખ્સિયત બિલ્કુલ અનોખી તથા અનુપમ જોવા મળે છે.

ઈમામ અહમદ રઝા બરેલ્વી رحمۃ اللہ علیہએ નઅતગોઈની વિદ્યામાં જે આ'લા તથા ઉચ્ચ સ્થાન હાંસલ કર્યું તે ઘણા જ ઓછા શાઈરોના હિસ્સામાં આવ્યું છે. નઅત શરીફ આ'લા હઝરત رحمۃ اللہ علیہથી પહેલાં પણ કહેવામાં આવતી હતી અને એમના બાદ પણ નઅત ગોઈનો ચશ્મએ ફયઝ જારી છે અને ઈન્શાઅલ્લાહ ! હમેશા માટે ચાલુ રહેશે.

નઅત ગોઈના મેદાનમાં રસ્મી તૌર તથા રિવાજ પ્રમાણે દુનિયાના લગભગ સર્વ મઝહબોના શાઈરોએ હિસ્સો લીધો છે પણ નઅત ગો હસ્તીઓના ઈમામ, હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ જે જઝ્બ તથા કૈફ સાથે નઅતો લખી છે, તેમની નઅતનો એક એક શબ્દ ઈશ્કે રસૂલમાં ડૂબેલો છે, અને આપની મોટાભાગની નઅતો કુર્આની આયતો અને મુબારક હદીષોના હવાલાઓથી સજ્જ છે. આશ્ચર્યનો મકામ છે કે આપે નઅતગોઈની વિદ્યામાં કોઈની શાગિર્દી સુદ્ધાં અપનાવી નથી, બલ્કે કેવળ સરકારે રસૂલ ﷺની દરબારના મકબૂલ શાઈર હઝરત હસ્સાન رضی اللہ عنہના નક્શે કદમ પર સાબિત કદમ રહ્યા. ખુદ ફર્માવે છે :–

*રહબર કી રહે નઅતમેં અગર હાજત હો–નક્શે કદમે હઝરતે હસ્સાન બસ હૈ*

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કોઈ નઅત શરીફ કોઈ મુશાયરામાં પઢીને સાંભળવાવાળાઓથી દાદ વસૂલ કરવા માટે નથી લખી, બલ્કે જે વખતે જાને જાનાં ﷺની યાદ તડપાવતી તો ઝબાન પર નઅત શરીફ ચાલુ થઈ જતી. કાદિરુલ કલામ શાઈર હોવા છતાં કદાપિ શાઈર હોવાનો દાવો નથી કર્યો. ફર્માવે છે :–

*પેશા મેરા શાઈરી ન દાવા મુઝ કો–હાં ! શરઅ કા અલ્બત્તા હૈ જંબહ મુઝ કો*
*મૌલા કી ષનામેં હુકમે મૌલા કે ખિલાફ–લૌ ઝીના મેં સૈર તો ન ભાયા મુઝ કો*

એક બીજી જગાએ કહ્યું :–

*ષનાએ સરકાર હૈ વઝીફા–કુબૂલે સરકાર (ﷺ) હૈ તમન્ના*
*ન શાઈરી કી હવસ ન પરવાઝ–વિય્ય થી કયા કૈસે કાફિયે થે*

ઈમામે નઅત ગોયાં ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની નઅતો કુર્આન તથા હદીષની તશરીહાત (ખુલાસાઓ) પર આધારિત છે. તદ્દન દિલના હકીકી હાલાત પર આધારિત છે. અમુક શાઈરો નઅત શરીફમાં પણ અતિશયોક્તિ પર ઉતરી આવે છે, પરંતુ આ'લા હઝરત رحمۃ اللہ علیہએ કદી નઅત શરીફમાં અતિશયોક્તિપણાને સાંભળવું પણ પસંદ નથી કર્યું. મૌલાના મુહમ્મદ મહેબૂબઅલીખાં કાદરી رحمۃ اللہ علیہ એક નજરે જોયેલો બનાવ આ પ્રમાણે વર્ણવે છે :–

''આ બનાવ મેં મારી આંખો વડે જોયો છે અને બીજા પણ એને જોવાવાળા બિહમ્દિહી તઆલા મૌજૂદ છે કે એક હાફિઝ સાહબ જે હુઝૂર પુરનૂર ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہના મુખ્લિસ ચાહકોમાંથી હતા. અમુક કલામ લખીને સુધારણાની ગરજે સંભળાવવા માટે હાજર થયા. ઈજાઝત આપી તો સંભળાવવાનું શરૂ કરી આપ્યું. દરમ્યાનમાં એક શેઅરના શબ્દો હતા કે યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم હું હુઝૂરની મહોબ્બતમાં દિન રાત તડપુ છું, ખાવા પીવા સૂવાનું સૌ મૌકૂફ થઈ ગયું છે ! કોઈ સમયે મદીના તયબહની યાદ દિલથી અલગ નથી થતી.

આ'લા હઝરત رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, હાફિઝ સાહબ ! જે કાંઈ તમે લખ્યું છે એ જો ખરેખર હકીકત છે તો એમાં શક નથી કે આપનો ઘણો જ મહાન મર્તબો છે કે હુઝૂર علیہ الصلوٰۃ والسلامની મહોબ્બતમાં આપ ફના થઈ ચૂક્યા છો અને જો આ કેવળ શાઈરના અતિશયોક્તિ છે તો ખયાલ કરો કે જૂઠ અને તે કઈ સરકારમાં ?! જેમને દિલના ઈરાદાઓ, વસવસાઓ, દિલોની ખ્વાહિશો અને નિય્યતોની ખબર છે, જેમને માટે અલ્લાહ جل جلالہએ મા કાન વમા યકૂન (ભૂત, વર્તમાન, ભાવિ)નું કાંઈ રજકણ ન છુપાવ્યું. અને ત્યારબાદ આ પ્રકારના શેઅરો કટ કરાવી દીધા.

*–(ફલાદાએ બખ્શિશ, પેજ : ૯, ૧૦)*

ઈમામ અહમદ મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہની નઅતો સફહાએ કિરતાસ (લેખિત રૂપે) ક્યારે આવવાની શરૂ થઈ અને નઅતિયા દીવાન ક્યારે અસ્તિત્વમાં આવ્યો એના અનુસંધાનમાં મસઊદે મિલ્લત પ્રો. ડો. મુહમ્મદ મસઊદ અહમદ عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُ આ આ પ્રમાણે દર્શાવે છે :–

''પ્રારંભમાં મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہનું કલામ વિવિધ મેગેઝિનોમાં છપાતુ રહ્યું. દા.ત. ''માહનામા અર્રઝા''–બરેલ્વી, માહનામા તોહફાએ હનફિયા–પટના વગેરે. એ મેગેઝિનોના અમુક અંકો નજરથી ગુજર્યા જેમાં અરબી, ઉર્દૂ તથા ફારસીના કલામ સામેલ છે. ઈ.સ. ૧૯૦૭, હિ.સ. ૧૩૨૫માં મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہના કલામનો એક સંગ્રહ બે હિસ્સાઓમાં પટના તથા બરેલીથી પ્રકાશિત થયો. અત્યાર સુધી ''હદાઈકે બખ્શિશ''ના દીવાનને સર્વ કલામોનો સંગ્રહ સમજવામાં આવતો રહ્યો પણ એ સહીહ નથી. માહનામા તોહફાએ હનફિયા–પટનામાં જાહેરાત નજરથી ગુજરી જેમાં ''હદાઈકે બખ્શિશ''ને ઈન્તેખાબે દીવાન લખ્યું છે. એના પરથી અંદાઝો થાય છે કે મૌલાના બરેલ્વી رحمۃ اللہ علیہનાં કલામ હજી પણ પૂરા ભેગા નથી થઈ શક્યા. અભ્યાસ દરમિયાન જે હકીકતો તથા સાક્ષીઓ સામે આવી એનાથી આ ખયાલને અધિક સમર્થન મળી ગયું.

*–(ઈમામે અહલે સુન્નત, પેજ : ૫૬)*

હદાઈકે બખ્શિશે નઅતની દુનિયામાં તહેલકો મચાવી દીધો. જેણે એને પઢયું અનાયાસે ઝુમી ઉઠયો, દર્દ તથા સોઝો ગુદાઝમાં કેદ થઈ ગયો, તેના અશઆર દિલમાં ઉતરતા ચાલ્યા ગયા. મૌલાના હસરત મૌહની عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُએ પણ સારા શેઅરોની આ જ રીતે તારીફ કરી છે :–

*શેઅર દર અસ્લ વહી "હસ્રત"–દિલમેં સુનતે હી જો ઉતર જાએં !*

આ'લા હઝરત બરેલ્વી رحمۃ اللہ علیہની સવાનેહ (જીવન ચરિત્ર) લખનાર બદરે મિલ્લત અલ્લામા બદરુદ્દીન અહમદ કાદરી હદાઈકે બખ્શિશના બારામાં આ પ્રમાણે સરસ વિવેચન લખે છે :–

"આપનો નઅતિયા દીવાન 'હદાઈકે બખ્શિશ' હમ્દ તથા નઅત, દુઆ તથા ઈલ્તિજા, સલામ તથા મન્કબત, ઈશ્કો મહોબ્બત, હકીકતો મઅરેફત, મો'જિઝાઓ તથા કરામતો, આયતો તથા હદીષોની શરહો વગેરે વિષયોનો એક એવો મોજાં મારતો સમુદ્ર છે જેની વિશાળતા તથા ગહરાઈનો અંદાઝો બસીરતવાળાઓ જ કરી શકે છે. જેવી રીતે આપ ઈમામે અહલે સુન્નત છે, એવી જ રીતે આપનું કલામ પણ કલામો સુખનનો ઈમામ છે. જેમ કે આપના હદાઈકે બખ્શિશના દીવાન પર 'કલામુલ ઈમામ ઈમામુલ કલામ'નું કહેણ શબ્દે શબ્દ સાચુ ઠરે છે. અને કેમ ન સાચુ ઠરે કે, 'હદાઈકે બખ્શિશ', હસ્સાનુલ અસ્ર, ખુસ્રવા કલીમે સુખન, શહેનશાહે નઅત ગોયાં, આ'લા હઝરત, અબ્દુલ મુસ્તફા, અહમદ રઝા رحمۃ اللہ علیہના ઈશ્કભર્યા દિલનો અવાજ છે અને મદાહાને રસૂલ ﷺના માટે દીવાદાંડી સમાન છે." *(ઈમામ અહમદ રઝા ઔર ઉન્કે મુખાલિફીન, પેજ : ૩૫)*

નઅતની દુનિયામાં ફન્ને શાઈરીના લેહાઝથી પણ આ'લા હઝરત બરેલ્વી رحمۃ اللہ علیہનો દીવાન "હદાઈકે બખ્શિશ" પોતાનું દષ્ટાંત પોતે જ છે. ઉચ્ચ કક્ષાના અદીબ (સાહિત્યકાર), કહનાએ મશ્ક શાઈર તથા નક્કાદ અલ્લામા શમ્સુલ હસન "શમ્સ" બરેલ્વી مد ظلہ العالیએ જ્યારે "હદાઈકે બખ્શિશ"નું તેહકીકી તથા અદબી રીતે નિરીક્ષણ કર્યું તો પોતાને ન્યાયી ફેંસલો આ મુજબ સંભળાવ્યો :–

"હું આપની સમક્ષ હદાઈકે બખ્શિશનું અદબી તથા તેહકીકી પરીક્ષણ રજૂ કરી રહ્યો છું. આપ યકીન કરો કે મેં અકીદત તથા ઈરાદતને આ માર્ગમાં આડ બનવા નથી દીધી અને મારા કલમે અકીદત સામે માથુ નથી નમાવ્યું. એ અલગ વાત છે કે ઈમામે અહલે સુન્નત (رحمۃ اللہ علیہ)ની ઝાતે ગિરામી તથા આપનો મહાન મર્તબો, આપની ઈલ્મી સમૃદ્ધતા અને આપની સમયની અજોડ હસ્તીનો ફાઝિલાના વકાર કદમ કદમ પર લગામ પકડતો રહ્યો, પરંતુ અલ્લાહ તઆલાનો ફઝલો કરમ અને તેના મહબૂબે ઝીશાન رحمۃ اللہ علیہની નિગાહે ઉલ્ફત મારા હાલમાં સામેલ રહી અને મેં હઝરત રઝા رحمۃ اللہ علیہની શાયરીનું દરેકે દરેક પાસા તથા એંગલથી નિરીક્ષણ કર્યુ. મારા ચિંતનની પહોંચે દરેક રીતે તપાસ તથા નિરીક્ષણમાં કોઈ ઉણપ વર્તી નથી, છતાં હું શું કરું કે આ વહીદે અસ્ર તથા સમયની અજોડ હસ્તીની અનુપમ નઅતિયા શાઈરીમાં ભાષાના એતેબારે તથા વર્ણન શૈલીમાં મને ક્યાંય કોઈ ઉણપ નજર ન આવી, અને મને ક્યાંય એવું કહેવાનો મોકો ન મળ્યો કે શાઈરીની કલાના એતેબારથી હઝરત રઝા رحمۃ اللہ علیہના કલામમાં આ ઉણપ કે આ ક્ષતિ મૌજૂદ છે."

ડો. સરવર અકબરાબાદી **M.A.P.hd.** આ પ્રમાણે વિવરણ કરે છે :–

"હદાઈકે બખ્શિશ"માં એવી અગણિત નઅતો છે જેમની સાદગી તથા આપોઆપ સ્ફૂરણા તથા ફસાહત તથા બલાગત (ભાષાનું ઉમદાપણુ, અલંકારિકતા)નાં ઉદાહરણો બીજા શાઈરોને ત્યાં નથી મળતી. જેવાં નવાં તથા દુર્લભ દષ્ટાંતો, અજીબો ગરીબ ઈસ્તે આરાત, જેવા રુમુઝ તથા અલાઈમ (રહસ્યો) અને જે ઝાએઅ બદાએઅ (નવી ચીજો) આપે વાપરી છે તે બીજાઓને ત્યાં ખૂબ જ ઓછી જોવા મળે છે." *(મઆરિફે રઝા, કરાચી)*

જનાબ અશ્ફાક઼ અહમદ રઝવી (B.A.) કહે છે :–

''આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہનું કલામ માલાકલામ ફિયહ છે. શરીઅત તથા કુર્આને પાકની રોશનીમાં દરેક શરઈ ખામીઓ તથા દરેક પ્રકારના અયબ તથા અતિશયોક્તિથી પાક તથા સાફ છે. હાલ તો આ'લા હઝરત નઅતિયાના કલામે અયવાનના વિશે એમનો જ મિસ્રો લખીને ખામોશ થઈ જાઉં છું :–

*વો સુખન હૈ જિસમેં સુખન ન હો–વો બયાં હૈ જિસ્કા બયાં નહીં*

પ્રોફેસર ફારૂક઼ અહમદ સિદ્દીકી (ચક્રયા કોલેજ–બિહાર)એ જ્યારે ''હદાઈક઼ે બખ્શિશ''ને વિવેચનની દષ્ટિએ અભ્યાસ કર્યો તો આપે જઝબાતને આ રીતે પ્રદર્શિત કર્યો :–

''હદાઈક઼ે બખ્શિશ પર શરૂથી અંત સુધી વિવેચનાત્મક નજર નાખવામાં આવે, દોસ્તની નજરથી નહીં ! દુશ્મનની નજરથી કે પક્ષપાતી નજરનથી નહીં ! પણ નિષ્પક્ષ દષ્ટિથી, દૂરબીનથી નહીં ખુર્દ બીની નજરથી, ક્યાંય એક શેઅર પણ એવો નહીં મળે જે કિતાબ તથા સુન્નતથી ટકરાતો તથા એહકામે શરીઅતથી વિરુદ્ધ હોય. ન ક્યાંય ઈફરાત તથા તફરીત (અસંતુલિતપણુ) જોવા મળશે બલ્કે એક ખુશગવાર મધ્યમપણુ, સમતોલપણાની ચાંદની દરેક જગાએ છલકતી જોવા મળે છે. અને બેશક ! આટલી કામયાબી તથા સુંદર શૈલીમાં તે જ ઉભરી શકે છે જે બારગાહે રિસાલત મઆબ ﷺની અદબનો માહિર તથા મુવીદે મિનલ્લાહ (અલ્લાહની અતા પામેલ) હોય. ખરેખર કદાપિ આ'લા હઝરતે કોઈનાથી દાદ પામવાની ઉમ્મીદ નથી કરી અને બદલાની પરવા નથી કરી, તો એ જ દરબારે ગોહરબારથી જેમની શાન તેમની ઝબાનમાં આ પ્રમાણે છે :–

*માંગેગે માંગે જાએંગે મુંહ માંગી પાયેંગે–સરકાર મેં ન લા હૈ ન હાજત અગર કી હૈ*
*લબ વાં હૈં આખેં બંદ હૈં ફૈલી હૈ જોલિયાં–કિતને મઝે કી ભીક તેરે પાક દરકી હૈ*

*(અલ્કૌલુસ્સદીદ–લાહોર, સૈયદ સાબિરહુસૈન શાહ સાહબ અલ્હક઼ાઈક઼ ફીલ્ હદાઈક઼, ફયઝે મિલ્લત અલ્લામા અહમદ ઉવૈસી સાહબ)*

**હર એક દીવારો દર પર મહરને કી હૈ જબીં સાઈ**
**નિગારે મસ્જિદે અક઼દસમેં કબ સોને કા પાની હૈ ?!**

**અર્થાત :** સરકારે દો આલમ ﷺની મસ્જિદે અક઼દસ (મસ્જિદે નબવી)ની દીવાલો પર જે સોનેરી રંગના નૂરાની નક઼્શો નિગાર તથા જલ્વા જોવા મળે છે તો કોઈ એવું ન સમજે કે દરો દીવાર પર સોનાના પાણી વડે નક઼્શીકામની કારીગરી કરવામાં આવી છે, બલ્કે સૂરજે દરેક દરો દીવારો પર સજદારેઝીઓ કરીને પોતાના નૂરની કિરણો વિખરેલી છે.

*જાઓ જો મદીને તો સુનો કાન લગાકર–સરકાર કી બાતેં દરો દીવાર કરેંગે*

**તેરે મંગતા કી ખામોશી શફાઅત ખ્વાહ હૈ ઉસ્કી–ઝબાને બેઝબાની તર્જમાને ખસ્તા જાની હૈ**

*(ખસ્તાજાની = કફોડી હાલત)*

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું આપના દરનો તે મંગતો છું કે તદ્દન ચુપ રહું અને કાંઈ પણ અર્ઝ ન કરું તો મારો કફોડી હાલત અને બદ્આમાલી જ બતાવી રહી છે કે હું આમનાથી શફાઅતની ભીખ માગી રહ્યો છું. *(ક્રમશઃ)*

# સીરતે રસૂલે મુખ્તાર صلی اللہ علیہ وسلم



**હપ્તો ૨૪**


❑ લેખક ❑

**મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી**

❑ અનુવાદકો ❑

**હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી**

*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*(તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


**કાકાઓ :** આપણા આક઼ા જનાબ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺના બાર કાકા હતા. તેમનાં નામો આ પ્રમાણે છે : (૧) હારિષ (૨) અબૂ તાલિબ (૩) ઝુબૈર (૪) હમ્ઝા (૫) અબ્બાસ (૬) અબૂ લહબ (૭) ગૈદાક઼ (૮) મુક઼વ્વિમ (૯) દ઼િરાર (૧૦) કુષમ (૧૧) અબ્દુલ કા'બા (૧૨) હજલ.

એ સૌમાંથી હઝરત હમ્ઝા رضی اللہ عنہ, હઝરત અબ્બાસ رضی اللہ عنہએ ઈસ્લામ સ્વીકાર્યો. હઝરત હમ્ઝા رضی اللہ عنہ ઘણા જ બહાદુર હતા. રસૂલુલ્લાહ ﷺએ આપને અસદુલ્લાહ (અલ્લાહનો શેર) તથા અસદુર્રસૂલ (રસૂલનો શેર)ના લક઼બ વડે નવાઝયા. હિ.સ. ૩માં જંગે ઓહદમાં શહીદ થયા.

અને હઝરત અબ્બાસ رضی اللہ عنہનો મર્તબો ઘણો જ ઊંચો હતો. રસૂલુલ્લાહ ﷺએ તેમને તથા તેમની ઔલાદને ઘણી ખુશખબરીઓ પણ આપી છે. આપ હિ.સ. ૩૨ કે ૩૩માં વિસાલ પામ્યા. ક઼બ્ર જન્નતુલ બક઼ીઅમાં છે.

**ફોઈઓ :** નબીએ મુકર્રમ ﷺની છ ફોઈઓ હતી. તેમનાં નામો આ પ્રમાણે છે :–

(૧) આતિકા (૨) ઉમૈમા (૩) ઉમ્મે હકીમ (૪) બર્રા (૫) સફિય્યહ (૬) અર્વા

એમાંથી કેવળ હઝરત સફિય્યહ رضی اللہ عنہاએ ઈસ્લામ સ્વીકાર્યો. એ મશહૂર સહાબી હઝરત ઝુબેર બિન અવ્વામ رضی اللہ عنہاનાં વાલિદા માજિદા છે. એ ઘણા જ બહાદુર તથા નીડર હતાં. ગઝવએ અહઝાબમાં એક યહૂદીને આપે એકલાંએ લાઠી વડે મારીને ક઼ત્લ કરી નાખ્યો અને તેનુ માથુ કાપીને ફેંકી દીધું. જંગે ઓહદમાં પણ આપે ઘણી જ બહાદુરીની સાથે કાફિરો સાથે મુક઼ાબલો કર્યો. હિ.સ. ૨૦માં આપનો ઈન્તેક઼ાલ થયો એ સમયે આપની ઉમર ૭૩ વરસની હતી. ક઼બ્ર શરીફ જન્નતુલ બક઼ીઅમાં છે.

**મોઅઝ્ઝિનો :** હુઝૂર ﷺના મોઅઝ્ઝિન ચાર છે : (૧) બિલાલ બિન રબાહ઼ رضی اللہ عنہ (૨) અબ્દુલ્લાહ બિન ઉમ્મે મક્તૂમ رضی اللہ عنہ (આ નાબીના હતા). (આ બંનેવ મસ્જિદે નબવીમાં મોઅઝ્ઝિન હતા).

(૩) સઅદ બિન આઈઝ رضی اللہ عنہ (આ મસ્જિદે કુબાના મોઅઝ્ઝિન હતા) (૪) અબૂ મહ઼ઝૂર رضی اللہ عنہ (આ મસ્જિદે હરામના મોઅઝ્ઝિન હતા)

આ સર્વ લોકો રસૂલુલ્લાહ ﷺના ચહીતા અને તેમના પર જાન કુર્બાન કરવાવાળા હતા. ખાસ કરીને હઝરત બિલાલ رضی اللہ عنہએ ઈસ્લામ ક઼બૂલ કરવા બદલ ઘણી જ બધી મુસીબતો વેઠી, ત્યાં સુધી કે આપને સળગતી રેતી પર સૂવાડીને ઉપરથી પથ્થર રાખી દેવામાં આવતા હતા. તેમ છતાં આપે નબી કરીમ ﷺનું નામ લેવાનુ ન છોડયું.

# વિશ્વના સર્વશ્રેષ્ઠ સુસંસ્કારી માનવી

## હપ્તો 12 પયગમ્બરે ઈસ્લામ ﷺ

રજૂકર્તા : હાફેઝ મૂસા વેમી ઝંઘારવી *(હાલ : પ્રેસ્ટન, યુ.કે.)*

### ★ સખાવત અને કુર્બાની ★

સખાવત (જૂદ) ખરેખર તો એ છે કે કોઈપણ પ્રકારના મતલબ વિના હોય. અને આ અલ્લાહ સુબ્હાનહૂની સિફત છે, જેણે કોઈપણ ગરજ, મતલબ વિના તમામ જાહેરી અને બાતિની નેઅમતો અને તમામ શારીરિક અને બુદ્ધિજન્ય ખૂબીઓ, કમાલો પોતાની મખ્લૂકને આપી છે. **અલ્લાહ તઆલા પછી મખ્લૂકમાં સખીઓમાં સૌથી વધુ સખી એના પ્યારા હબીબે પાક ﷺ છે.** સહીહ હદીષમાં છે, આપ علیہ الصلوٰۃ والسلام પાસે કદી પણ કોઈએ કોઈ (સવાલ) હાજતની માંગણી કરી હોય અને આપે તેને માટે "ના!" શબ્દો કહ્યો હોય તેવું બન્યું જ નથી. *(બુખારી શરીફ)* આપ કોઈના સવાલને કદી પણ રદ કરતા નહીં, ટાળતા નહીં. જો આપની પાસે સગવડ હોતી તો આપી દેતા, ન હોય તો કર્ઝ લઈને પણ આપી દેતા અથવા વાયદો કરી આપતા.

એક વખતે એક સવાલી આપની બારગાહમાં આવ્યો. આપ ﷺએ તેને ફર્માવ્યું, અત્યારે તો મારી પાસે કોઈ ચીજ નથી જે તને આપી શકું, પરંતુ તું મારા નામથી કર્ઝ લઈ લે. એ કર્ઝ જ્યારે મારી પાસે કાંઈક આવશે હું ભરપાઈ કરી દઈશ.

હઝરત ઉમર બિન ખત્તાબ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહે આપને એ ચીજની તકલીફ નથી આપી કે જે આપની શક્તિ બહાર હોય ? હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની આ વાત આપને પસંદ ન આવી. અન્સારમાંથી એક સહાબી બોલ્યા; યા રસૂલલ્લાહ ! ﷺ અર્પણ કર્યા જ કરો અને અર્શના માલિકથી ઘટી જવાનો ડર ન રાખશો. આ સાંભળી આપ મુસ્કુરાયા અને આપના ચહેરા મુબારક પર ખુશીના ચિન્હો જણાયાં. પછી આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, મને એનો જ હુકમ કરવામાં આવ્યો છે. *(શમાઈલે તિર્મિઝી, બાબે મા જાઅ ફી ખુલ્કે રસૂલિલ્લાહ)*

હઝરત અનસ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺની પાસે બેહરીનથી માલ લાવવામાં આવ્યો. અને આ વધારેમાં વધારે માલ હતો જે આપની સમક્ષ લાવવામાં આવ્યો. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, એને મસ્જિદમાં મૂકી દો. જ્યારે આપ નમાઝથી ફારિગ થયા તો તે પછી એ માલ પાસે બેસી ગયા અને વહેંચવાનું શરૂ કર્યું. આપના કાકા હઝરત અબ્બાસ رضی اللہ عنہ આવ્યા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને પણ આ માલમાંથી કાંઈક આપો, કારણ કે જંગે બદ્રના દિવસે મેં મને પોતાને તથા અકીલ બિન અબૂ તાલિબને માટે ફિદિયો આપી આઝાદ કરાવ્યા હતા.

સરકારે દો આલમ ﷺએ ફર્માવ્યું, લઈ લો ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ બંને હાથો વડે

પોતાનાં કપડામાં માલ લઈ લીધો. પછી તેને ઊંચકવા લાગ્યા તો ઊંચકી શક્યા નહીં. તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કોઈને હુકમ આપો તો તે ઉઠાવી મારા માથા પર મૂકી દે. આપ ﷺએ ફર્માવ્યું, હું કોઈને ઉઠાવવાનું તો કહીશ નહીં ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું, તો આપ ઉઠાવી મૂકી દો. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હું એને નથી ઉતાવતો ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ થોડો માલ કાઢી નાખ્યો. પછી ઉઠાવવા લાગ્યા, પરંતુ ઉઠાવી શક્યા નહીં એટલે અર્ઝ કરી, હુઝૂર ! ﷺ કોઈને કહો તે મારા માથા પર ઉઠાવી મૂકી દે. આપ علیہ الصلوٰۃ والسلامએ કહ્યું, હું કોઈને ઉઠાવવાનું કહીશ નહીં ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું, તો આપ પોતે ઉઠાવી મારા માથા પર મૂકી દો ! આપ ﷺએ કહ્યું, હું એને ઉઠાવતો નથી ! એટલે હઝરત અબ્બાસ رضی اللہ عنہએ થોડો માલ કાઢી નાખ્યો. પછી ઊંચકવા લાગ્યા. પરંતુ ઊંચકી શક્યા નહીં. જેથી ફરી અર્ઝ કરી, હુઝૂર ! કોઈને કહો તે ઉઠાવી મારા માથા પર મૂકી દે. આપ ﷺએ કહ્યું, હું કોઈને ઉઠાવવાનું કહીશ નહીં ! હઝરત અબ્બાસ رضی اللہ عنہએ કહ્યું, તો પછી આપ ઉઠાવી મૂકી દો ! આપ ﷺએ કહ્યું, હું એને ઉઠાવતો નથી ! એ પછી હઝરત અબ્બાસ رضی اللہ عنہએ થોડો માલ કાઢી નાખ્યો. પછી ખભા પર ઉપર ઉઠાવી ચાલવા લાગ્યા. હુઝૂર ﷺ એમને જોતા રહ્યા, ત્યાં સુધી કે તેઓ દેખતા બંધ થયા. અને હુઝૂર ﷺ એમની લાલચ પર આશ્ચર્યભરી નજરે જોતા જ રહ્યા. મતલબ કે આપ વહેંચતા રહ્યા ત્યાં સુધી કે એક દિરહમ પણ બાકી બચેલો ન હતો. *(સહીહ બુખારી)*

મુસ્નદે અબી શયબામાં હમીદ બિન હિલાલના તરફથી રિવાયત છે કે તે માલ એક લાખ દિરહમ હતો. અને એને અલાઅ બિન હઝરમીએ બેહરીનની ખિરાજમાં મોકલ્યો હતો. અને એ પહેલો માલ હતો જે આપ ﷺની બારગાહમાં લાવવામાં આવ્યો હતો.

હુનૈનના ગનીમતના માલનું વિગતે વર્ણન તો આ પહેલાં આવી ગયું છે. એનામાં આપની સખાવત એટલી વધુ હતી કે આપણે વિચારી પણ ન શકીએ કે કેટલી હતી ! આપ علیہ الصلوٰۃ والسلامએ ગામડાવાસીઓમાંથી કેટલાકને તો સો સો ઊંટો અર્પણ કર્યાં. *(બુખારી શરીફ, ગઝવએ તાઈફ)*

પરંતુ એ દિવસે આપની સખાવત વધુ પડતી તો ગામડાના લોકોના દિલોને ખુશ કરવા માટે હતી જેમ કે આગળ વર્ણન થઈ ચૂક્યું છે.

હઝરત અનસ رضی اللہ عنہ બયાન કરે છે કે એક વ્યક્તિ (સફવાન બિન ઉમૈયા)એ એ દિવસે આપ ﷺથી બકરીઓનો સવાલ કર્યો તો બે પહાડો વચ્ચેનું જંગલ બકરીઓથી ભરેલું હતું. તે બધી જ બકરીઓ તેમને આપી દીધી. તેમણે પોતાની કૌમના લોકોમાં જઈને કહ્યું, હે મારી કૌમ ! તમે સૌ ઈસ્લામ કૂબૂલ કરી લો. અલ્લાહની કસમ ! મુહમ્મદ ﷺ એટલી બધી સખાવત કરે છે કે તે પોતે ગરીબી, મિસ્કીનીથી જરા પણ ડરતા નથી. *(મિશ્કાત શરીફ, બાબુ અખ્લાકિહી વ શમાઈલે ﷺ, ફસ્લ–૧)*

હઝરત સઈદ બિન મુસૈયબ રિવાયત કરે છે કે સફવાન બિન ઉમૈયાએ કહ્યું, કે હુનૈનના દિવસે રસૂલુલ્લાહ ﷺ મને માલ આપવા લાગ્યા. જ્યારે કે તે વખતે આપ મારી નજરમાં દુનિયાના સૌથી વધુ ધુત્કારને લાયક વ્યક્તિ હતા. પરંતુ આપ મને આપતા જ રહ્યા ત્યાં સુધી કે આપ મારી નજરમાં દુનિયાના વ્યક્તિઓમાંથી સૌથી વધુ મહેબૂબ બની ગયા. *(જામેઅ તિર્મિઝી)* ....*(ક્રમશઃ)*

# અસ્રારુલ અવલિયા

હપ્તો ૦૩

## હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

(રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન)

મલ્ફૂઝાતે ઝાહિદુલ અલ્કિયા, સિરાજુલ અવલિયા હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજશકર મસઊદ અજોધની (પાકપટ્ટની) ચિશ્તી رحمۃ اللہ علیہ

સંપાદક : હઝરત ખ્વાજા બદર ઈસ્હાક઼ رحمۃ اللہ علیہ

અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

ત્યારબાદ ફર્માવ્યું, યાદ રાખશો કે દુરવેશ અને જે કાંઈ તેના વજૂદમાં છે તે સર્વ કાંઈ તજલ્લીના નૂરથી પેદા કરવામાં આવેલ છે. તો જે હક઼ીક઼ત છે તે કેવી રીતે સળગી શકે છે. તેમજ ફર્માવ્યું કે અહીંથી માલૂમ થાય છે કે દુરવેશોને ઈશ્ક઼ની ખાક અને અન્વારે તજલ્લીથી પેદા કરવામાં આવ્યા છે. પછી ફર્માવ્યું, હે દુરવેશ ! ઝાદુલ મુહિબ્બીનમાં લખેલું જોયું છે કે જ્યારે અલ્લાહ તઆલાએ પોતાના ઈલ્મ તથા કુદરતથી અહલે ઈશ્ક઼ને આલમે મૌજૂદાતમાં પેદા કરવા ચાહ્યું તો જમીનનો એક એવો કિ઼ત્તો હતો જેના તરફ શોક઼ તથા ઈશ્તિયાક઼ે અન્વારે તજલ્લી તથા અસ્રારે ઈશ્ક઼ની નિગાહથી જોયું તો કિ઼ત્તો હાલવા લાગ્યો અને શરૂઆતમાં આલમે સુકરમાં પડીને ફરિયાદ કરવા લાગ્યો : اَنَا الْمُشْتَاقُ فِیْ لِقَآءِ رَبِّ الْعٰلَمِیْنَ "બંને જહાનના પરવરદિગારના દીદારનો મુશ્તાક઼ છું" પછી એ જમીનથી અહલે ઈશ્ક઼ પેદા કરવામાં આવ્યા. દુરવેશોને જે વલવલો શરૂથી અંત સુધી રહે છે અને મહોબ્બતના દરિયામાં ગર્ક઼ રહે છે તે એના સબબે છે.

ત્યારબાદ એ મોકા પર ફર્માવ્યું કે એક હાસિલે હક્ક઼ દુઆમાં કહ્યા કરતો હતો, હે પરવરદિગાર ! જો તું ક઼યામતના દિવસે મને જલાવશે અથવા દોઝખમાં મોકલશે તો મને તારા જલાલ તથા ઈજ્જતની ક઼સમ ! કે દોઝખના દરવાજા પર સીનાથી એક એવી આહ કાઢીશ જે દોઝખની સર્વ આગને ગળી જશે અને નાચીઝ કરી દેશે. તેને પૂછવામાં આવ્યું કે હે ખ્વાજા ! આ તું કેવી વાત કહે છે ?! દોઝખની આગ કેવી રીતે ગળી શકાય છે ?! ફર્માવ્યું, એના લીધે કે જો મહોબ્બતની આગના મુક઼ાબલામાં દોઝખ જેવી લાખો આગો જલાવવામાં આવે તો જ્યારે સાહિબે ઈશ્ક઼ પોતાના સીનાથી આહ કાઢશે તો સૌને નાબૂદ કરી દેશે. એટલા માટે મહોબ્બતની આગથી વધીને તેજ અન્ય કોઈ આગ નથી.

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! દુરવેશના સીનામાં એવા પ્રકારની આગ રાખવામાં આવી છે કે ખુદા નખ્વાસ્તા એક શોલો એનો નીકળી આવે તો અર્શથી તહતુષ્ષિરા સુધી સર્વ કાંઈને સળગાવીને રાખ કરી દેશે.

*દર સીનાએ આશિકાં હમા દર્દ ને હન્દ*

આપ વારંવાર આ મિસ્રો પઢતા અને બેહોશ થઈ જતા. જ્યારે હોશમાં આવતા તો ફર્માવતા કે ત્રણ સમયે રહમત નાઝિલ થાય છે. પ્રથમ : સમઅના સમયે અહલે સમઅ (જેઓ ખુદાની મહબ્બતમાં લીન બની હમ્દો નઅતમાં વ્યસ્ત હોય છે હાલનો વાજિંત્રોની ધમાલવાળો નહીં.) પર રહમત નાઝિલ થાય છે. બીજું દુરવેશોના વર્ણનના સમયે. ત્રીજો જ્યારે કે આશિક઼ અન્વારે તજલ્લીના આલમમાં મુસ્તગરાક઼ થઈ (ડૂબી) જાય છે.

પછી એ જ મોક઼ા પર ફર્માવ્યું કે હે દુરવેશ ! એકવાર હું ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર અવશી કાકી

તથા ખ્વાજા હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ સમઅની એક મજલિસમાં હતા. એક રાત દિવસ (આલમે બેખુદીમાં) રક઼્સ કરતા રહ્યા, પરંતું નમાઝના સમયે હોશ આવી જતો અને નમાઝ અદા કરી લેતા. એ જ અરસામાં તેમણે મારો હાથ પકડીને ઉડવાનું શરૂ કરી દીધું, ત્યાં પણ રક઼્સ જ કરતા રહ્યા. જે ક઼સીદાથી વજ્દ થયો તે આ છે :–

**(ફારસી શેઅરનો અર્થ)** :*''હું ચાહું છું કે તારા ઈશ્ક઼થી પાછી પાની કરી લઉં ?! જો તલ્વાર ખેંચે મારા પર પણ હું તારી ચોખટ છોડીશ નહીં. ન પૂછ કે જુદાઈની રાત કેવી રીતે ગુજરે છે, સવારે કોઈ શક્તિવાનનો સામનો કરવો મારા માટે મુશ્કેલ થાય છે. હે બાગના ખૂબ સૂરત ઝાડ ! હું તારી ખૂબસૂરતીથી ખુશ છું. હવે ખ્વાહિશ નથી કે કદી દિલ મારા ગુલઝારથી નીકળે. જો કાલે સર્વ ચીજોના બદલે લોકો જન્નત આપે તો એક દાણો પણ ન ખાઉં કે હું તારા દીદારમાં મસ્ત છું.''*

ત્યારબાદ ફર્માવ્યું કે હે દુરવેશ ! એકવાર હું એક સાહિબે હાલત દુરવેશ પાસે ગયો જે આમ શોક઼ તથા ઈશ્તિયાક઼માં હતો. દર્દ તથા હાલના કારણે દરેક વખતે માથુ સિજદામાં રાખતો અને પછી ઉઠીને ઉભો થતો અને આ શેઅર પઢતો :–

**(ફારસી શેઅરનો અર્થ)** : *''જાન આપી દઈશ મારા મહબૂબના માટે જો હોય શરીરમાં સો હજાર (લાખ) જાન.''*

હું ગણતો ગયો તો લગભગ એક હજાર વાર તેણે એવું કર્યું. દરેક વખતે બેહોશ થઈ જતો અને માથુ સિજદામાં રાખતો હતો. જ્યારે શૈખુલ ઈસ્લામે આ ફવાઈદ ખત્મ કર્યા તો અંદર ચાલ્યા ગયા. હું તથા લોકો પરત ચાલ્યા ગયા. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِکَ

પેજ 04 નું ચાલુ..

(રોજી) છે, તો હું ક્યાંથી ખાઉં ? હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે શું એ યોગ્ય છે કે તમે અલ્લાહનું રિઝ્ક ખાવ અને તેની નાફર્માની કરો ? **(૨)** જ્યારે તમે ગુનાહનો ઈરાદો કરો તો અલ્લાહની જમીન પર ન રહો. તેણે કહ્યું, આખી જમીનનો માલિક અલ્લાહ છે, તો હું ક્યાં રહીશ ? હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું કે શું એ યોગ્ય છે કે તમે અલ્લાહનો રિઝ્ક઼ ખાવ અને એની જમીન ઉપર રહી એની જ નાફર્માની કરો ! **(૩)** તમે જો ગુનાહો કરવાનો ઈરાદો કરો જ્યારે કે તમે અલ્લાહનું રિઝ્ક ખાઈ રહ્યા છો, તેની જમીન ઉપર રાત દિવસ પસાર કરી રહ્યા છો, તો બસ એટલું કરો કે કોઈ એવી જગ્યા શોધો કે જ્યાં અલ્લાહ તમને ન જોઈ શકે, એ શખ્સે કહ્યું, એ કઈ રીતે થઈ શકે છે ? અલ્લાહ તો બધુ જ જાણે છે. હઝરત ઈબ્રાહીમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, શું એ યોગ્ય છે કે તમે અલ્લાહની જમીનનો ઉપયોગ કરીને તેની નાફર્માની કરો જ્યારે કે તે તમને જોઈ રહ્યો છે ?! અને તમારો દરેક ગુનાહ તેના ઈલ્મના હોય. **(૪)** જ્યારે મૌતનો ફરિશ્તો તમારી રૂહ કાઢવા આવે તો તેનાથી તૌબા અને સારા અમલ કરવાની મોહલત માગી લેજો. એ શખ્સ બોલ્યો, મૌતનો ફરિશ્તો કેમ કરીને મોક઼ો આપશે ?! હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, જ્યારે તમે જાણો છો કે મૌતને ટાળી નથી શકાતુ કે મોહલત નથી મળી શકતી તો કઈ રીતે યોગ્ય છે કે તમે ગુનાહ કરો ! **(૫)** જ્યારે ક઼યામતમાં ફરિશ્તાઓ તમને જહન્નમની તરફ લઈ જાય તો  તમે એમની સાથે ન જતા. એ વ્યક્તિએ કહ્યું, એ કેવી રીતે થઈ શકે છે ?! ત્યાં તો હું મજબૂર હોઈશ. હઝરત ઈબ્રાહીમ બિન અદહમ رحمۃ اللہ علیہએ ફર્માવ્યું, તો પછી તમે ગુનાહની સાથે છૂટકારો કેવી રીતે મેળવી શકશો ?! આના પર તેણે કહ્યું કે, એટલું મારા માટે બસ છે કે હું તમામ ગુનાહોથી રોકાઈ જાવ છું. *(સુન્ની દા'વતે ઈસ્લામી ઉર્દૂ–મુંબઈ, માર્ચ–૨૦૧૯)*

# તઝકેરતુલ અવલિયા (હપ્તો ૨૨)

# હઝરત ફુઝૈલ ઈબ્ને અયાઝ رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ

*અઝ : હઝરત શયખ ફરીદુદ્દીન અત્તાર رحمۃ اللہ علیہ* // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી

**આપનાં વાણી વચનો** : આપે હઝરત અબ્દુલ્લાહને સામેથી આવતા જોઈને ફર્માવ્યું કે જે બાજુથી આવ્યા છો એ જ બાજુ પરત ચાલ્યા જાવ ! નહીં તો હું પાછો ચાલ્યો જઈશ. કેમ કે તમારા આગમનનો હેતુ કેવળ એ હોય છે કે આપણે બંનેવ બેસીને વાતો કરીએ.

એકવાર આપે કોઈકને તેની પાસે હાજર થવાનું કારણ પૂછયું, તો તેણે અર્ઝ કર્યું કે મારા આગમનનો હેતુ આપની મધૂર વાણીથી ફાયદો ઉઠાવવાનું છે. આપે કસમ ખાયને ફર્માવ્યું કે આ વાત મારા માટે ખૂબ જ ગભરામણ પેદા કરનારી છે, કેમ કે તમારા આગમનનો હેતુ કેવળ એટલો જ છે કે આપણે બંનેવ જૂઠ તથા ફરેબમાં વ્યસ્ત રહીએ, જેથી અહીંથી તુરંત ચાલ્યા જાવ.

એકવાર આપે ફર્માવ્યું કે મારી ખ્વાહિશ કેવળ એટલા માટે બીમાર પડી જવાની છે કે બાજમાઅત નમાઝ અદા ન કરવી પડે અને કોઈની શકલ પણ જોવા ન મળે, કેમ કે બંદગી એક એવી ખલ્વતનશીનીનું નામ છે જેમાં કોઈની સૂરત નજર ન આવે, અને હું એવી વ્યક્તિનો ખૂબ જ આભારી થાઉં છું જે ન તો મને સલામ કરે અને ન ખબર અંતર પૂછવા આવે, કેમ કે લોકો સાથે મેળમેળાપ અને એકાંતથી દૂરી નેકીથી ખૂબ જ દૂર કરી દે છે. અને જે શખ્સ કેવળ અમલો પર ચર્ચા કરે છે તેની વાતચીત બેકાર અને બેફાયદા હોય છે અને જે અલ્લાહ તઆલાથી ખૌફ રાખે છે તેની જીભ ગુંગી થઈ જાય છે અને અલ્લાહ તઆલા દોસ્તને ગમ અને દુશ્મનને ઐશ અતા કરે છે. પછી ફર્માવ્યું કે જેવી રીતે **જન્નતમાં રડવું અજબની વાત છે એવી રીતે દુનિયામાં હસવું પણ આશ્ચર્યજનક છે, કેમ કે ન તો જન્નત રડવાની જગા છે અને ન દુનિયા હસવાની જગા છે. અને જેનું દિલ ખુદાના ડરથી લબરેઝ હોય છે એનાથી દરેક ચીજ ડરતી રહે છે.**

પછી ફર્માવ્યું કે બંદાના ઝુહદની માત્રા એટલા પ્રમાણમાં હોય છે જેટલો તેને આખેરત સાથે લગાવ હોય છે. ફર્માવ્યું કે મેં પૂરી ઉમ્મતે મુહમ્મદીમાં ઈબ્ને સીરીન رحمۃ اللہ علیہથી વધુ ડર તથા ઉમ્મીદના આલમમાં રહેનાર કોઈને નથી જોયો.

પછી ફર્માવ્યું કે જો દુનિયાની દરેક લિજ્જત મારા માટે જાઈઝ કરી દેવામાં આવતી તો પણ હું દુનિયામાં એટલો શર્મિંદો રહેતો જેટલો લોકો હરામ તથા મરદૂદ ચીજથી શર્મિંદો હોય છે. પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ બુરાઈઓના સમૂહને દુનિયાનું નામ આપી દીધું છે અને દુનિયાથી જિમ્મેદારીઓથી મુક્ત થઈને પરત થવું એટલું જ મુશ્કેલ છે જેટલું દુનિયામાં આવવું આસાન છે.

પછી ફર્માવ્યું, લોકો બીમારીઓના ઘરમાં પાગલોના જેમ તંગ જગામાં જિંદગી ગુજારી દે છે. પછી ફર્માવ્યું કે જો આખેરત માટીની હોત અને દુનિયા શુદ્ધ સોનુ હોત તો પણ દુનિયા ફાની જ રહેતી અને લોકોની ખ્વાહિશ ખાકી હોવા છતાં આખેરતની તરફ જ હોત. પરંતુ દુનિયા ખાકી છે અને આખેરત શુદ્ધ સોનુ છે તેમ છતાં પણ આખેરતની તરફ લોકોનું ધ્યાન

નથી થતું !

પછી ફર્માવ્યું કે દુનિયામાં જ્યારે કોઈને નેઅમતો વડે નવાઝવામાં આવે છે તો આખેરતમાં તેના ૧૦૦ હિસ્સા ઘટાડી દેવામાં આવે છે, કેમ કે ત્યાં તે જ મળશે જે દુનિયામાં કમાયુ છે, જેથી એ માણસના ઈખ્તિયારમાં છે કે તે આખેરતના હિસ્સામાં કમી કરી લે કે અધિક્તા.

પછી ફર્માવ્યું કે દુનિયામાં ઉમદા લિબાસ અને સારું ખાવાની આદત ન પાડો, કેમ કે મેહશરમાં એ ચીજોથી મેહરૂમ કરી દેવામાં આવશો.

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો એ ઈર્શાદ છે કે અમે અંબિયાએ કિરામમાંથી કોઈ એક નબી સાથે પહાડ પર કલામ કરીશું. જેથી કોહે તૂર સિવાય સર્વ પહાડો ગર્વ તથા અભિમાનના શિકાર બની ગયા, એટલા માટે અલ્લાહ તઆલાએ કોહે તૂર પર હઝરત મૂસા علیہ السلام સાથે કલામ કર્યો. કેમ કે **આજીજી ખુદાની પસંદીદા ચીજ** છે.

પછી ફર્માવ્યું કે ત્રણ ચીજોની પ્રાપ્તિ અશક્ય છે, એટલા માટે એમની તલાશ ન કરો. **પ્રથમ** : એવો આલિમ જે સંપૂર્ણપણે પોતાના ઈલ્મ પર અમલ કરતો હોય. **બીજો** : એવો આમિલ જેમાં ઈખ્લાસ પણ હોય. **ત્રીજુ** : તે ભાઈ જે અયબોથી પાક હોય, કેમ કે **જે વ્યક્તિ પોતાના ભાઈનો જાહેરી દોસ્ત તથા બાતિની દુશ્મન હોય તેના પર સદા ખુદાની લઅનત રહે છે** અને તેની શ્રવણશક્તિ તથા દષ્ટિશક્તિ છીનવાઈ જવાનો ખતરો રહે છે.

પછી ફર્માવ્યું કે એક દૌર એ પણ હતો જ્યારે અમલને રિયા ખયાલ કરવામાં આવતો હતો અને એક દૌર એ છે કે બેઅમલી રિયામાં સામેલ છે ! યાદ રાખશો કે દેખાડવાનો અમલ શિર્કમાં સામેલ છે.

પછી ફર્માવ્યું કે ઝાહિદ તથા મઅરેફતવાળા તે જ છે જેઓ મુકદ્દરમાંની ચીજો પર શાકિર તથા કનાઅત કરનારા (જે હોય તેમાં રાજી) રહે અને સંપૂર્ણપણે ખુદાને ઓળખનાર, ઈબાદત પણ સંપૂર્ણ કરે છે. અને કોઈનાથી મદદ ન માગે તે જવાંમર્દ છે.

પછી ફર્માવ્યું કે મુતવક્કિલ (તવક્કુલ એટલે રબ પર ભરોસાવાળો) તે જ છે જે ખુદા સિવાય ન તો કોઈના ડરે અને ન તો કોઈનાથી ઉમ્મીદો બાંધે, કેમ કે તવક્કુલ ખુદા પર શાકિર તથા કાનેઅ (શુક્ર કરનાર તથા થોડામાં રાજી રહેનાર) રહેવાનું નામ છે.

પછી ફર્માવ્યું કે જો લોકો તમારાથી સવાલ કરે છે કે શું તમે ખુદાના મહબૂબ છો ? તો કોઈ જવાબ ન આપો અને ન તમારી મહબૂબિયતનો ઈન્કાર કરો, નહીં તો તમને ઈસ્લામના વર્તુળથી ખારિજ સમજવામાં આવશે, અને જો મહબૂબિયતનો દાવો કરશો તો જૂઠ બોલવું ગણાશે, કેમ કે તમારો કોઈ અમલ ખુદાના મહબૂબોના જેવો નથી.

પછી ફર્માવ્યું કે જ્યારે હું જરૂરી હાજતોના કારણે ઝિક્રે ઈલાહીથી મેહરૂમ થઈ જાય છે તો બેહદ શર્મિંદગી થાય છે. જ્યારે કે ત્રણ દિવસો બાદ રફએ હાજતના માટે જાઉં છું.

પછી ફર્માવ્યું કે ઘણા લોકો ગુસ્લ બાદ પાક થઈ જાય છે, પરંતુ ઘણા બદબાતિન હજ્જ તથા ઝિયારતે કા'બા પછી પણ નાપાક પરત આવે છે.

પછી ફર્માવ્યું કે દાનિશમંદોથી જંગ કરવી એ મૂર્ખાઓ સાથે મીઠાઈ ખાવા કરતાં અધિક સરળ છે. પછી ફર્માવ્યું કે જે લોકો ચો પગાંઓને ભલુબુરુ કહે છે, તો તે ચોપગાં કહે છે કે અમારા તથા તારામાં જે લઅનતનો અધિક હક્કદાર હોય તેના પર લઅનત થાય. પછી ફર્માવ્યું કે જો મને મારી દુઆની મકબૂલિયતનું યકીન હોત તો હું મારા બદલે સમયના સુલ્તાનના માટે દુઆ કરત જેથી કરીને મખ્લૂકને અધિક સુકૂન મળત, કેમ કે પોતાના માટે દુઆ કરવામાં પોતાનો જ લાભ છુપાયેલો હોય છે પછી

ફર્માવ્યું કે ખાવા તથા સૂવાની અધિક્તા બર્બાદીનો સબબ બને છે.

પછી ફર્માવ્યું કે બે ખાસિયતો મૂર્ખતા પર આધારિત છે, પ્રથમ : વિના કારણે હસવું. બીજી : દિવસ રાતની જાગૃતિથી દૂર રહેવું અને ત્રીજી : પોતે અમલ ન કરતાં અન્યોને નસીહત કરવી. પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો એ ઈર્શાદ છે કે જે મને યાદ કરે છે તેને હું યાદ કરું છું. અને જે મને ભૂલાવી દે છે હું તેને છોડી દઉં છું. અને કુકર્મ પછી મને યાદ કરવો જુર્મ છે.

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાનો ઈર્શાદ કે ગુનાહ કરનારાઓને મુબારકબાદી આપો કે જ્યારે તમે તૌબા કરશો તો હું કૃબૂલ કરીશ અને સિદ્દીક્ોને ડરાવો કે જો હું મેહશરમાં અદ્લ કરીશ તો તમે સૌને અઝાબના મુસ્તહિક્ હશો.

**અજીબો ગરીબ બનાવો** : એકવાર આપના બાળકનો પેશાબ બંધ થઈ ગયો તો આપે દુઆ ફર્માવી કે, અલ્લાહ તને મારી દોસ્તીની કૃસમ ! તેની બીમારી દૂર કરી આપ. જેથી બાળક તે જ સમયે સારો થઈ ગયો. અને આપ પોતાની દુઆઓમાં મોટાભાગે એવું ફર્માવ્યા કરતા હતા કે અલ્લાહ ! તારો દસ્તૂર તો એ છે કે તારા મહબૂબ બંદાઓ તથા તેમની બીવી બચ્ચાંને નાગાં ભૂખ્યાં રાખે છે અને તેમને એવી ગરીબી આપે છે કે ઘરમાં રોશની સુદ્ધાની વ્યવસ્થા નથી હોતી. તો પછી ભલા તેં મને દૌલત કેમ આપી ?! હું તારા મહબૂબ બંદાઓના મર્તબાનો વ્યક્તિ નથી ?! અને ક્યારેક એવી દુઆ કરતા કે મને અઝાબથી નજાત આપીને મારા હાલ પર રહમ ફર્માવ. કેમ કે તું અલીમ તથા સત્તાર છે. મશહૂર છે કે આપને ત્રીસ વરસ સુધી કોઈએ ક્યારેય હસતા નથી જોયા. પરંતુ જ્યારે આપના સાહબઝાદાનો ઈન્તેક્ાલ થયો તો આપ મુસ્કુરાતા રહ્યા. અને જ્યારે લોકોએ કારણ પૂછયું તો ફર્માવ્યું કે કેમ કે અલ્લાહ તઆલા તેના મરવાથી ખુશ થયો જેથી હું પણ એની રઝામાં ખુશ છું.

કોઈ કૃારીએ ખૂબ જ ખુશઈલ્હાનીની સાથે આપની સામે કોઈ આયત તિલાવત કરી તો આપે ફર્માવ્યું કે મારા બાળકની નજીક જઈને તિલાવત કરો, પણ સૂરએ અલ્કૃારિઅહ કદાપિ ન પઢશો, કેમ કે ખુદાના ખૌફના કારણે તે કૃયામતનું વર્ણન સાંભળ વાની શક્તિ નથી ધરાવતો. પણ કૃારીએ ત્યાં જઈને એ જ સૂરતની કિ્રાઅત કરી તો આપના સાહબઝાદા એક ચીસ પાડીને દુનિયાની રુખસદ થઈ ગયા.

જિંદગીની અંતિમ પળોમાં આપે ફર્માવ્યું કે મને પયગંબરો પર એટલા માટે રશ્ક નથી આવતો કે તેમના માટે પણ કૃબ્ર, કૃયામત તથા જહન્નમ તથા પુલસિરાતથી પસાર થવાનું છે અને તેઓ નફ્સી નફ્સીની મંઝિલેથી પસાર થશે. અને ફરિશ્તાઓ પર એટલા માટે રશ્ક નથી આવતો કે તેઓ માણસો કરતાં પણ વધુ ડરેલા રહે છે. અલ્બત્ત તેમના પર જરૂર રશ્ક આવે છે જેમણે માના પેટથી જન્મ જ નથી પામ્યો. ઈન્તેક્ાલના સમયે આપની બે સાહબઝાદીઓ મૌજૂદ હતી, જેથી આપે આપનાં પત્ની સાહેબાને કહ્યું કે મારા બાદ આ બંનેવને કોહે અબૂ કુબેસ પર લઈ જઈને અલ્લાહ તઆલાથી અર્ઝ કરજે કે ફુઝૈલે જિંદગીભર એમની પરવરિશ કરી અને હવે જ્યારે કે તે કૃબ્રમાં જઈ ચૂક્યો છે તો આ બંનેવ તને સુપરત છે. જેથી પત્નીએ વસિયત પર અમલ કર્યો અને હજી દુઆમાં જ મશગૂલ હતાં એવામાં યમનનો સુલ્તાન એ તરફ આવી ચઢયો અને તેણે બંને સાહબઝાદીઓને પોતાની કફાલતમાં લઈને તેમનાં વાલિદાથી ઈજાઝત બાદ પોતાના બે પુત્રો સાથે તેમની શાદીઓ કરી આપી.

રિવાયત : અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક رحمۃ اللہ علیہ ફર્માવ્યા કરતા હતા કે હઝરત ફુઝૈલ رحمۃ اللہ علیہની મૌતના સમયે જમીન તથા આસ્માન રંજો ગમમાં ડૂબેલાં હતાં.

# તાજુશ્શરીઅહના

*(રહ્મતુલ્લાહિ તઆલા અલૈહ)*

## જીવનચરિત્રની ઝલકો

હપ્તો ૦૪

### ઈમામત તથા ખિતાબત

હઝરત મુફસ્સિરે આ'ઝમ رحمۃ اللہ علیہએ પોતાના ફરઝંદ હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہને "રઝા જામેઅ મસ્જિદ"ની ઈમામત તથા ખિતાબતની જિમ્મેદારી તાલિબે ઈલ્મીના સમયથી જ સુપરત કરી દીધી હતી જેથી રઝા જામેઅ મસ્જિદમાં આપ કાયમી ધોરણે ઈમામત તથા ખિતાબતની ફરજો નિભાવવા લાગ્યા. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ પણ આપની ઈક્તેદામાં નમાઝ અદા કરતા હતા, બલ્કે જ્યારે આપ સાથે હોતા તો ઈમામતનો હુકમ આપને જ થતો. પછી આપ ઈ.સ. ૧૯૬૪માં જામેઅ અઝહર મિસર ચાલ્યા ગયા. જ્યારે ત્યાંથી પરત ફર્યા તો ફરી ઈમામત તથા તદરીસ બંને ફરજો અંજામ આપવા લાગ્યા. જ્યારે આપે મન્ઝરે ઈસ્લામના સદરના હોદ્દેથી રાજીનામુ આપ્યું તો અમુક વરસો સુધી મલકપુર મહોલ્લા કિસ્ગરાંની એક મસ્જિદમાં આપે ઈમામત કરી. આપની ઈમામત કરવાના કારણે એ મસ્જિદનું નામ જ "અઝહરી મસ્જિદ" રાખી દેવામાં આવ્યું. પછી અમુક વરસો પછી "રઝા જામેઅ મસ્જિદ"માં જ ઈમામતની ફરજો અંજામ આપવા લાગ્યા. અતિશય વ્યસ્તપણુ, સફરોની અધિકતા પંજ વક્તા ઈમામતના માટે અવરોધરૂપ બની. જેથી જ્યારે બરેલી રહેતા તો રઝા જામેઅ મસ્જિદમાં જુમ્આનો ખુત્બો આપતા અને જરૂરતના સમયે નસીહત આમેઝ બયાન કરતા અને જુમ્આની ઈમામત કરતા. બરેલી શહેરની ઈદગાહ મહોલ્લા બાકરગંજમાં છે. આ'લા હઝરત, હુજ્જતુલ ઈસ્લામ, મુફતીએ આ'ઝમે હિંદ, મુફસ્સિરે આ'ઝમે હિંદના પછી ઈદોની ઈમામત તથા ખિદમત આપના હવાલે હતી. મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہના વિસાલ બાદ આપ કાયમી ધોરણે ઈદોની ઈમામત તથા ખિતાબતનો ફરીઝો અંજામ આપતા રહ્યા. આખા શહેરના લોકો હુઝૂર તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہની ઈક્તેદામાં નમાઝ અદા કરવા માટે ઈદગાહમાં દૂર દૂરથી ભેગા થઈ જતા હતા. હઝરતની તિલાવત તથા ખુત્બો મિસ્રી અરબી લહેજામાં થતાં. લહને દાઊદીની તિલાવતમાં હઝરત ખુદ પોતાનુ દૃષ્ટાંત હતા. દલીલોથી ભરપુર બયાન કરતા. ખુત્બા દરમ્યાન આયતો તથા હદીષો ખૂબ જ પ્રમાણમાં પઢતા. મતલબો તથા ભાવાર્થો ખૂબ જ ઉમદા વર્ણન કરતા. શ્રોતાઓના દિમાગ પર આપના ખુત્બાઓ ભારે ન પડતા તેમજ શ્રોતાઓ અકળામણ ન અનુભવતા, બલ્કે મજમો હજી અધિક વાર બયાનનો આગ્રહ કરતા.

**ખિતાબત (બયાન)ની વિશિષ્ટતા :** હિંદ, પાક. તથા બંગલાદેશમાં ઉર્દૂમાં, અરબ દેશોમાં અરબીમાં, યૂરોપમાં અંગ્રેજીમાં કરતા. હઝરતનાં સેંકડો બયાનો રેકોર્ડ થયેલાં છે. YouTube પર પણ અમુક બયાનો લોડ થયેલાં છે. હઝરતના બયાનનો અંદાઝ સાદગી તથા સરળતાવાળો રહેતો. તરીકો ઉમદા રહેતો. બયાન દરમ્યાન જોશીલો રંગ પણ આવતો જેનાથી મજમામાં પણ ગરમી આવી જતી.

**રજૂકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

હઝરત સૌ પ્રથમ અરબીમાં ખુત્બો પઢે છે, પછી આયત શરીફની તિલાવત પછી વિષયાનુસાર અરબી અથવા ઈંગ્લિશ અથવા ઉર્દૂ કે ફારસીમાં શેઅરો પઢે છે. પછી ઈમામોના અક્વાલ (કથનો), હદીષો તથા કુર્આની આયતોની રોશનીમાં તિલાવત કરેલી આયતે મુકદ્દસા પર વર્તમાન સંજોગોની રોશનીમાં ઈમાન અફરોઝ બયાન કરે છે.

મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા કાદરી લખે છે કે, ''અલ્લાહ તઆલાએ આપને (તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ને) કેટલીય ભાષાઓ પર પ્રભુત્વ અતા કર્યું છે. ઉર્દૂ ભાષા તો આપની ઘરેલુ ભાષા છે અને અરબી આપની મઝહબી ભાષા છે. આ બંનેવ ભાષાઓમાં આપને ખાસ નિપૂણતા પ્રાપ્ત થયેલી છે, જેના માટે આપની ઉર્દૂ તથા અરબી નઅતિયા શાઈરી ન્યાયી ગવાહ છે. આપના આપોઆપ ત્વરીતપણે સ્ફૂરતા નઅતિયા શેઅરો ફસાહત તથા બલાગત (ઉમદા અલંકારિકવાણી), હસ્ને તરન્નુમ (ઉમદા ઢબ), નઅતના ખયાલો કોઈ અનુભવી ઘડાયેલા ઉસ્તાદના શેઅરોથી કમ દરજાવાળા નથી હોતા. અરબી ભાષાના પૂરાણા તથા અર્વાચીન તરીકા પર આપને ભરપુર નિપૂણતા પ્રાપ્ત છે. આપની ખિતાબત તથા શાઈરી તથા તર્જુમા નિગારી કોઈ મજબૂત અનુભવી અરબી સાહિત્યકારનાં સાહિત્યિક (અરબી) કારનામાંઓ પર ભારી જોવા મળે છે. જામેઅ અઝહરના તાલિબે ઈલ્મીના જમાનામાં જ્યારે આપનું અરબી કલામ અઝહરના શયખો સાંભળતા તો કલામનું ઉમદાપણુ તથા નઝાકત અને ગોઠવણીના સુંદર ક્રમ પર ઝુમી ઉઠતા અને કહેતા હતા કે આ કલામ કોઈ ગૈર અરબીનું જણાતુ જ નથી ! આ બનાવ મારી સામેનો જ છે કે ઝિમ્બાબ્વેમાં એક મિસરી શયખ આપના હમ્દિયહ અશ્આર સાંભળ્યા તો ઘણા જ ખુશ થઈ ગયા અને તેની નકલની ફર્માઈશ પણ કરી આપી. હઝરતને મેં ઈંગ્લેન્ડ, અમેરિકા, સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે વગેરેમાં સરળતાપૂર્વક અંગ્રેજી ભાષામાં તકરીર તથા વઅઝ કરતા જોયા છે. અને ત્યાંના શિક્ષિત લોકો પાસેથી પણ આપની પ્રશંસા સાંભળી, અને એ પણ એમનાથી સાંભળ્યું કે હઝરતને અંગ્રેજી ભાષાના કલાસિકી તરીકા પર નિપૂણતા હાંસલ છે.'' *(તકરીઝ બર તર્જુમા અલ્મોઅ્તકદુલ મુતન્કદ મઅલ મુસ્તનદિલ મુઅ્તમદ, પેજ–૪૨, સંપાદક : મુહમ્મદ યૂનુસ રઝા, પ્રકાશક : અદિરાસતુલ ઈસ્લામિયા જામિઅતિર્રઝા બરેલી શરીફ)*

હઝરતની અમુક તકરીરો કિતાબી સ્વરૂપમાં પણ આવી ચૂકી છે. હઝરતના બયાનો કૌમના દાનિશ્વરો જ નહીં ગૈરોમાં પણ એજ્યુકેટેડ વર્ગ ખૂબ પસંદ કરે છે અને ફાયદો ઉઠાવતા રહે છે. હઝરત તાજુશ્શરીઅહ رحمۃ اللہ علیہ ની મજલિસી ચર્ચા પણ ઘણી જ મનમોહક તથા પ્રભાવિત કરનારી હોતી. વઅઝ તથા નસીહતની મજલિસો દરરોજ સજાયેલી રહેતી. લોકો પુષ્કળ પ્રમાણમાં હાજરી આપતા અને ફયઝયાબ થતા. હજારો શરઈ મસ્અલા, અકીદાના મસ્અલા, સામાજિક મસ્અલાનો હલ કરતા. આમ લોકો જ નહીં, ખાસ લોકો પણ આપની ચર્ચા સાંભળવાની કોશિશમાં રહેતા અને નસીહતઆમેઝ વાતો સાંભળીને એના પર અમલ કરતા. ...............*(ક્રમશઃ)*


**નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં**

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૩૦૦/–** (ટપાલ ખર્ચ ૫૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ



# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ
**અનુવાદક** : જનાબ ઈબ્રાહીમ માસ્તર વેમી ઝંઘારવી

## તઅલીકનું બયાન

તઅલીકનો અર્થ એ છે કે કોઈ એક ચીજનું હોવું બીજી ચીજના હોવા પર આધારિત હોય. બીજી ચીજ જે પહેલી ચીજ પર આધારિત હોય તેને શર્ત કહે છે. તઅલીક દુરુસ્ત હોવા માટે શર્ત હમણાં (ફિલહાલ) નાબૂદ થઈ જાય એ જરૂરી છે પરંતુ આદતન (સ્વાભાવિક) હોય શકે. પરિણામે જો શર્ત નાબૂદ ન હોય. (દા.ત. એમ કહે કે જો આસમાન આપણી ઉપર હોય તો તને તલાક છે) તો તઅલીક કહેવાશે નહીં (બલ્કે તરત જ તલાક લાગુ પડી જશે) અને જો શર્ત સ્વાભાવિક અશક્ય હોય. (દા.ત. એમ કહે કે અગર સોઈના નાકામાંથી ઊંટ પસાર થઈ જાય તો તને તલાક છે) આ બોલ બેકાર છે એટલે એનાથી કંઈ થશે નહીં (તલાક લાગુ નહીં પડે). તઅલીકમાં એ પણ શરત છે કે શર્ત લગાતાર બોલવામાં આવતી હોય, સજા દેવાનો મકસદ ન હોય. (દા.ત. ઓરતે શોહરને કમીનો કહ્યો, એના જવાબમાં શોહર એવું બોલ્યો કે હું કમીનો હોઉં તો તને તલાક છે, તો તલાક થઈ જશે. ભલે કમીનો ન હોય તો પણ.) કેમ કે આવા શબ્દોથી તઅલીક મકસૂદ નથી થતી બલ્કે ઓરતને ઈજા દેવાનો મકસદ છે અને એ પણ જરૂરી છે કે એવા કાર્યનો ઉલ્લેખ કરવામાં આવે જેને શર્ત ગણી શકાય. પરિણામે જો એવું કહ્યું કે તને તલાક છે અને એવું બોલ્યા પછી કંઈ ન કહ્યું તો એ શબ્દો (બોલવા) બેકાર છે, તલાક લાગુ પડશે નહીં અને થશે પણ નહીં. તઅલીક માટે શરત એ છે કે ઓરત તઅલીક વખતે તેના નિકાહમાં હોય. (દા.ત. પોતાની નિકાહમાં આવેલી ઓરત અથવા તેની ઈદ્દતમાં હોય એવી ઓરતને એમ કહે કે તું ફલાણું કામ કરે અથવા ફલાણાના ઘેર જાય તો તને તલાક છે) યા નિકાહ તરફ નિસ્બત કરી હોય (દા.ત. એમ કહે કે જો હું (બીજી) કોઈ ઓરત સાથે નિકાહ કરું તો તેના પર તલાક છે અથવા જો હું તારાથી નિકાહ કરું તો તને તલાક છે, યા હું જે ઓરતથી નિકાહ કરું તેને તલાક છે અને કોઈ અજનબી ઓરતને કહ્યું કે જો તું ફલાણાના ઘરે ગઈ તો તારા પર તલાક છે. ત્યાર બાદ એ ઓરત સાથે નિકાહ કર્યો અને એ ઓરત તેના ઘેર ગઈ તો તલાક થશે નહીં અથવા અજનબીને એવું કહે કે જે ઓરત મારી સાથે સૂવે તેને તલાક છે, પછીથી નિકાહ કર્યો અને સાથે સૂતી તો તલાક થશે નહીં. એ રીતે પોતાના મા–બાપને એમ કહ્યું કે તમે મારો નિકાહ કરાવશો તો તેને તલાક. ત્યાર બાદ મા બાપે તેને કહ્યા વગર (પૂછયા વગર) નિકાહ કરાવ્યો તો તલાક થશે નહીં. એ રીતે તલાક મિલ્કીયતની (માલિકીપણાની) સાબિતી કે મિલ્કીયત ખતમ થવા દરમિયાનની હોય, તો એ બોલવું બેકાર છે, તલાક થશે નહીં. દા.ત. એક કહે કે તારા નિકાહની સાથે તારા પર તલાક યા મારી કે તારી મોતની સાથે.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર વગેરે)*

**મસ્અલા** : શર્તની શક્યતા ન રહેવાથી તઅલીક બાતિલ થઈ જાય છે. દા.ત. એમ કહે કે ફલાણા જોડે વાત કરીશ તો તને તલાક. તે ફલાણો મરી ગયો તો તઅલીક બાતિલ થઈ ગઈ. ત્યાર બાદ કોઈ વલીની કરામતથી તે ફલાણો જીવિત થયો અને

તેની સાથે વાત કરી તો તલાક થશે નહીં. યા એમ કહ્યું કે તું એ ઘરમાં ગઈ તો તને તલાક અને તે ઘર પાછળથી જમીનદોસ્ત થઈ ગયું, ખેતર કે બાગ બની ગયું તો તઅલીક જતી રહી ભલે પછી બીજીવાર તે જગ્યા પર નવું મકાન બનાવવામાં આવ્યું હોય.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**શર્તના શબ્દો** : ઉર્દૂ ભાષામાં શર્તના શબ્દો આ પ્રમાણેના છે : **(૧)** અગર **(૨)** જબ **(૩)** જિસ વકત **(૪)** હર વકત **(૫)** જો **(૬)** હર **(૭)** જિસ **(૮)** જબ કભી **(૯)** હર બાર. *(બહારે શરીઅત)*

**મસ્અલા** : શર્ત એક વખત લાગુ પડવાથી તઅલીક ખતમ થઈ જાય છે. અર્થાત બીજી વખત શર્ત લાગુ પડવાથી તલાક લાગુ પડશે નહીં. દા.ત. ઔરતને એમ કહ્યું કે તું ફલાણાના ઘરમાં ગઈ અથવા તેં ફલાણા સાથે વાત કરી તો તને તલાક છે. બાદ ઓરત તેના ઘરમાં ગઈ તો તલાક લાગુ પડી ગઈ. બીજી વખત તે ઘેર ગઈ તો હવે તલાક લાગુ નહીં પડે. એટલા માટે કે પછીથી (બીજીવાર) તઅલીકનો હુકમ બાકી નથી રહ્યો. પરંતુ જબ કભી (જ્યારે પણ) યા જબ જબ (જ્યારે જ્યારે) યા હરબાર જેવા શબ્દોથી તઅલીક કરી હોય તો એક, બે વખતથી તઅલીક ખતમ થશે નહીં. બલ્કે હર વખત ત્રણ વખતમાં ત્રણ તલાક પડશે. એટલા માટે કે એ **કુલ્લમા**નો તર્જુમો છે અને **કુલ્લમા** આમ કામો છે. દા.ત. ઓરતને એવું કહ્યું કે જ્યારે પણ તું ફલાણાના ઘેર જશે યા ફલાણા સાથે વાત કરીશ તો તને તલાક છે. તો જો ફલાણાના ઘરે ગઈ તો ત્રણ તલાક થઈ ગઈ. હવે તઅલીકનો હુકમ ખતમ થઈ ગયો. એટલે કે જો તે ઓરત હલાલો કર્યા પછી ફરી તેના નિકાહમાં આવી, હવે ફરીથી તે ફલાણાના ઘેર ગઈ તો તલાક લાગુ પડશે નહીં. હા ! જો એમ કહ્યું હોય કે હું જ્યારે પણ એનાથી નિકાહ કરું તો પણ હર વખત તલાક લાગુ પડશે, એ જ રીતે જો એમ કહ્યું, જે જે આદમી સાથે તું વાત કરે તો તને તલાક છે. અથવા દરેક તે સ્ત્રી સાથે કે જેનાથી હું નિકાહ કરું તેને તલાક઼ છે અથવા જે જે વખતે તું આ કામ કરે તારા પર તલાક઼ છે. આ શબ્દો પણ આમ વાસ્તે છે, પરિણામે એક વખતમાં તઅલીક ખતમ થશે નહીં. *(આમ્મા કુતુબ)*

**મસ્અલા** : એમ કહ્યું કે જ્યારે હું તે મકાનમાં જાઉં અને ફલાણાથી વાત કરું તો મારી ઓરતને તલાક. ત્યારબાદ તે ઘરમાં ઘણી વખત ગયો પણ ફલાણાથી વાત ન કરી તો તલાક થઈ નહીં. જો અનેકવાર (તે ઘરમાં) જવાનું થયું પણ વાત એક વખત કરી તો એક તલાક થઈ. *(હિંદીયા, બહાર)*

**મસ્અલા** : ઓરત સાથે સંભોગ કરવા પર ત્રણ તલાકો મોઅલ્લક કરી હતી તો હશ્ફા (ગુપ્તાંગનો ટોચનો ગોળ) દાખલ થવાથી તલાક થઈ જશે અને તરત જ અલગ થઈ જવું વાજિબ છે.

*(દુર્રે મુખ્તાર, બહાર)*

**મસ્અલા** : જો એમ કહ્યું કે આજની રાત્રે તું મારી પાસે ન આવી તો તારા પર તલાક છે. ઓરત દરવાજા સુધી આવી પણ અંદર ન ગઈ તો તલાક થઈ ગઈ અને અંદર ગઈ પણ શોહર સૂઈ રહ્યો હતો જેથી તેની પાસે ન ગઈ. નજીક આવવામાં શરત એ છે કે એટલું નજીક આવવું કે શોહર હાથ લંબાવે તો તેણી સુધી પહોંચી જાય. મરદે ઓરતને બોલાવી, ઓરતે ઈન્કાર કર્યો. એના પર મરદે કહ્યું કે જો તું નહીં આવે તો તને તલાક છે. પછીથી શોહર જબરદસ્તી તેને ઉઠાવી લાવ્યો તો તલાક થશે નહીં.

*(હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જો તું ફલાણાને ઘેર જાય તો તને તલાક છે. ત્યાર પછી ફલાણો મરી ગયો અને તે ઘર પાછળ (વારસામાં) મૂકતો ગયો. તો પછીથી તે ઘરે જવાથી તલાક થશે નહીં. *(હિંદયા, બહાર)*

## ★ ઈસ્તિષ્ના (અલગ થવા વિશે)નું બયાન ★

ઈસ્તિષ્ના માટે શર્ત એ છે કે શબ્દો એક સાથે બોલાયેલા હોય, કારણ વગર વચમાં ખામોશી (ચૂપકીદી) ધારણ ન કરી હોય કે વચમાં કોઈ બેકાર વાત ન કરી હોય. અને શર્ત એ પણ છે કે કોઈ ઘોંઘાટ, શોરબકોર ન હોય તેવા સંજોગોમાં એટલા જોરથી બોલાયેલ હોય કે પોતે સાંભળી શકે, બહેરાનું અલગ થવું (ઈસ્તિષ્ના) દુરુસ્ત છે.

*(બહાર વગેરે)*

**મસ્અલા** : ઓરતને એમ કહ્યું કે તને તલાક છે ઈન્શાઅલ્લાહુ તઆલા ! તો તલાક લાગુ થશે નહીં. ભલે ઈન્શાઅલ્લાહ બોલતાં પહેલાં ઓરત મરી ગઈ અને જો શોહર તને તલાક છે એટલા શબ્દો બોલી મરી ગયો, ઈન્શાઅલ્લાહ ન બોલી શક્યો હોય પરંતુ એનો ઈરાદો ઈન્શાઅલ્લાહ પણ બોલવાનો હતો તો તલાક થઈ ગઈ. રહી વાત એ કે એનો ઈરાદો એવો પણ હતો એ કઈ રીતે જાણી શકાયું ? તો એ રીતે જાણી શકાયું (સમજી શકાયું) કે તેણે પહેલે જ કહી દીધું કે હું મારી ઓરતને તલાક આપીને અલગ (છૂટી) કરી દઈશ.

*(દુર્રે મુખ્તાર, રદ્દુલ્ મુહ્તાર)*

**મસ્અલા** : એમ કહ્યું કે તને તલાક પણ ખુદા ચાહે તો અથવા એમ કહ્યું કે ''જો ખુદા ન ચાહે તો.'' અથવા એમ કહ્યું કે ''જો અલ્લાહ ચાહે'' અથવા એમ કહ્યું કે ''જબ ખુદા ચાહે અથવા એમ કહ્યું કે ''મગર જો ખુદા ચાહે'' અથવા એમ કહ્યું કે ''જબ તક ખુદા ન ચાહે'' અથવા એમ કહ્યું કે ''અલ્લાહકી મશિય્યતકે સાથ'' અથવા કહ્યું કે ''અલ્લાહના હુકમમાં'' અથવા કહ્યું કે ''અલ્લાહકે ઈઝનન'' અથવા એમ કહ્યું કે ''અલ્લાહના અમરમાં ''તો તલાક થશે નહીં, અને જો એમ કહ્યું કે ''અલ્લાહના ઈલ્મથી'' અથવા કહ્યું કે ''અલ્લાહના હુકમથી'' અથવા કહ્યું કે ''અલ્લાહની કઝાથી'' અથવા કહ્યું કે ''અલ્લાહની કુદરતથી'' અથવા કહ્યું કે ''અલ્લાહના ઈલ્મથી'' ''અલ્લાહની મશિય્યતના સબબ'' અથવા કહ્યું કે ''અલ્લાહના ઈરાદાના સબબ'' તો તલાક થઈ જશે. *(દુર્રે મુખ્તાર, હિંદિયા, બહાર)*

**મસ્અલા** : જો 'ઈન્શાઅલ્લાહ' પહેલાં બોલ્યો અર્થાત એવું કહ્યું કે ''ઈન્શાઅલ્લાહ તને તલાક છે'' તો પણ તલાક થશે નહીં અને જો એવું બોલ્યો કે તને તલાક છે ''ઈન્શાઅલ્લાહ જો તું ઘરમાં ગઈ'' તો ઘરમાં જવાથી તલાક થશે નહીં અને જો તલાકના બે જુમ્લાની વચમાં 'ઈન્શાઅલ્લાહ' બોલ્યો જેમ કે એવું બોલ્યો કે ''તને તલાક છે ઈન્શાઅલ્લાહ'' તને તલાક છે'' તો પહેલા વાક્યથી ઈસ્તિષ્ના લાગુ પડશે. પરિણામે બાહ્ય વાક્યથી તલાક લાગુ પડશે. એ રીતે એવું બોલ્યો કે ''તને ત્રણ તલાક છે ઈન્શાઅલ્લાહ તને તલાક છે'' તો એક લાગુ પડશે.
*(બહાર, દુર્રે મુખ્તાર, ખાન્યા, બહાર)*

**મસ્અલા** : જો ત્રણ તલાક કહીને તેમાંથી એક કે બે ની ઈસ્તિષના કરે તો એ ઈસ્તિષ્ના દુરસ્ત છે અર્થાત ઈસ્તિષ્ના પછી જે બાકી રહી છે તે લાગુ પડશે. જેમ કે એમ કહ્યું કે ''તને ત્રણ તલાકો છે'' પરંતુ (હમણાં) એક.'' તો આ સંજોગોમાં બે તલાકો લાગુ થશે. અને જો કહ્યું કે તને ત્રણ તલાક પરંતુ (અત્યારે) બે.'' તો એ વખતે એક તલાક પડશે, અને કુલનો ઈસ્તિષ્ના સહીહ નથી, ભલે એવા જ લફઝોમાં કહ્યું હોય. (જેમ કે કહ્યું કે ''તને ત્રણ તલાક'' પરંતુ એક અને એક અને એક અથવા એમ કહ્યું કે તને ત્રણ તલાક પરંતુ બે અને એક તો આવી હાલતમાં ત્રણ તલાક લાગુ પડશે.

*–(દુર્રે મુખ્તાર, બહાર વગેરે)*

# ગુનાહોનો ઈલાજ

:: લેખક ::
હકીમ મુહમ્મદ અસ્લમ શાહીન ક઼ાદરી
અનુવાદક :: મૌલાના મુફ્તી મુહમ્મદશાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર, યુ.કે.)

## નોકર સાથે બુરો વર્તાવ કરવા પર કન્ટ્રોલ

ઈસ્લામે માલિક તથા નોકરમાં ભાઈચારગી તથા હમદર્દી તથા મધ્યમ માર્ગીપણાને ઉત્તેજન આપવા માટે દર્સ આપ્યો છે. આ ફિતરતનું બંધારણ છે કે કોઈ હાકિમ છે તો કોઈ તેના હેઠળ છે, કોઈ માલિક છે તો કોઈ નોકર છે. પરંતું બંનેવમાં હક્ક઼ોની એક હદ છે જેથી કોઈની હક્ક઼ તલફી ન થાય, એટલા માટે કર્મચારીઓ તથા નોકરો સાથે નરમીનો વર્તાવ કરવો જોઈએ.

"કીમિયાએ સઆદત"માં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક ગુલામને કોઈ કામના માટે મોકલ્યો. તે મોડેથી પાછો આવ્યો તો સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, **"જો ક઼યામતમાં બદલો ન લેવામાં આવત તો હું તને મારત."** જોયું તમે ?! આપણા પ્યારા આક઼ા ﷺ ક્યારે પણ પોતાના નફસને ખાતર બદલો લેતા ન હતા. અને એક આજકાલનો મુસલમાન છે કે નોકર જો કોઈ કામમાં ઉણપ કરી દે તો ગાળોનો વરસાદ ! બલ્કે મારધાડ પર ઉતરી આવે છે.

હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી અકરમ ﷺએ ફર્માવ્યું, પોતાના ગુલામથી બુરો વર્તાવ કરનારો જન્નતમાં દાખલ થશે નહીં. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

હઝરત રાફેઅ બિન મકીષ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગુલામ સાથે સારો વર્તાવ કરવો ખુશ બખ્તી છે અને બુરી રીતે વર્તાવ બદબખ્તી છે." *(અબૂ દાઊદ)*

હઝરત અબૂઝર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે તમારા ભાઈને અલ્લાહ તમારા હેઠળ કરી આપે, જેને અલ્લાહ તઆલા તમારી માલિકીમાં બનાવી દે, તેને તે જ ખવડાવો જે તમે ખાવ છો અને તેને તે જ પહેરાવો જે તમે પહેરો છો. અને એવા કામની તેને તકલીફ ન આપો જે તેને ભારી પડી જાય. અને જો ભારે પડે તેવા કામની તકલીફ આપો તો તેની મદદ કરો. *(બુખારી)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ખાવુ તથા પીવું જે આપણી માલિકીમાં હોય (મમ્લૂક)એ તેનો હક્ક઼ છે અને તેને શક્તિ બહારના કામની તકલીફ ન આપવામાં આવે. *(મુસ્લિમ શરીફ)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہماએ ફર્માવ્યું કે એક માણસ નબી ﷺની બારગાહમાં હાજર થઈને અર્ઝ કરવા લાગ્યો, યા રસૂલુલ્લાહ ! ﷺ અમે ખાદિમોને ક્યાં સુધી માફ કરી શકીએ છીએ ? આપ ﷺ ખામોશ રહ્યા. બીજીવાર તેમણે એ જ વાત પૂછી. ત્યારે પણ આપ ﷺ ખામોશ રહ્યા. જ્યારે ત્રીજીવાર પૂછયું તો ફર્માવ્યું, "દરરોજ તેને ૭૦ વખત માફ કરો." *(અબૂ દાઊદ)*

મુસ્લિમ શરીફમાં છે. હઝરત સૈયદના અબૂ મસઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે હું કોઈ કુસૂર પર મારા ગુલામની પિટાઈ કરી રહ્યો હતો, એટલામાં પાછળથી અવાજ આવ્યો, હે અબૂ મસઊદ ! અલ્લાહ جل جلالہને તારા પર અધિક કુદરત

છે કુદરત કરતાં જે તને આ ગુલામ પર હાંસલ છે. મેં ધ્યાન કર્યું તો એ રસૂલુલ્લાહ ﷺ હતા. મને તરત જ મારી ગલતીનો એહસાસ થઈ ગયો અને મેં ગલતીની માફી માગતાં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ મેં અલ્લાહ ﷻના માટે આ ગુલામને આઝાદ કર્યો. સરકારે મદીના ﷺએ ફર્માવ્યું, જો તમે આ એહસાન ન કરત તો દોઝખ તમારા પર ખુલતી અને તમને સ્પર્શી જાત.

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! જોયું તમે ? પરંતુ અફસોસ ! આજે આપણે આપણા હાથ હેઠળનાઓને શરઈ જરૂરત વિના મારીએ ફટકારીએ છીએ. એ વાતની તરફ તદ્દત ધ્યાન નથી આપતા કે અલ્લાહ ﷻ જે આપણાથી જબરદસ્ત છે તે આપણા જુલ્મ તથા ઝયાદતીને જોઈ રહ્યો છે. બસ, પોતાના હાથ નીચેનાઓ સાથે સદ વર્તન, નરમી અને દરગુઝરમાં જ ભલાઈ છે.

## જાનવર પર સખ્તી કરવાની મનાઈ

માનવોની જેમ જાનવર પણ એક મખ્લૂક છે. અને અલ્લાહ તઆલાએ તેને માણસોના ફાયદા અને ઈજ્જતના માટે પેદા કરેલ છે, બલ્કે અમુક જાનવર તો એવાં છે જેમની માનવ જીવનમાં ખાસ્સી દખલ છે. તેમનાથી કેટલાયે પ્રકારની હૈવાનાતી ખોરાક હાંસલ થાય છે અથવા એમનાથી ભાર વહનનું કામ લેવામાં આવે છે. વળી ખેતીવાડીનો દારોમદાર કેટલીક હદ સુધી પાલતુ જાનવરો પર છે. જાનવર ચાહે ગમે તે પ્રકારનું હોય એના પર રહમ કરવી જોઈએ, કેમ કે ઈસ્લામે આપણને એ જ દર્સ આપ્યો છે. અલ્લાહ ﷻ રહમાન છે, એટલા માટે એ ચાહે છે કે ઈન્સાન પણ પોતાના હેઠળનાઓ પર રહમની ભાવના પ્રદર્શિત કરે. જાનવરો પર રહમ કરવાના બારામાં હુઝૂરે અકરમ ﷺના ઈર્શાદો નીચે પ્રમાણે છે :

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર رضی اللہ عنہ રિવાયત કરે છે, એકવાર રસૂલુલ્લાહ ﷺ એક અન્સારીના બાગમાં તશરીફ લઈ ગયા. ત્યાં એક ઊંટ આપ علیہ الصلوٰۃ والسلامને જોઈને ભણભણવા લાગ્યું. તેણે દર્દભર્યો અવાજ કાઢયો અને તેની આંખોમાં આંસું આવી ગયાં. આપ ﷺએ તેના પર પ્રેમભાવથી હાથ ફેરવ્યો તો ઊંટ શાંત પડી ગયું. આપ ﷺએ પૂછયું, ઊંટ કોનુ છે ? એક અન્સારીએ અર્ઝ કરી, મારુ છે. આપ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, તમે આ બિચારા જાનવરના બારામાં (અલ્લાહથી નથી ડરતા જેણે તમને એનો માલિક બનાવ્યો છે ?! એણે ફરિયાદ કરી છે કે તમે એને ભૂખ્યુ રાખો છો અને અધિક કામ લઈને તેને દુઃખ આપો છો. *(સુનને અબૂ દાઊદ)*

### ★ કૂતરાની દયા ખાવા પર બદ્‌ચલન સ્ત્રીની બખ્શિશ ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અક્દસ ﷺએ ફર્માવ્યું કે એક બદચલન સ્ત્રી એ અમલ પર બખ્શી દેવામાં આવી છે કે તે એક કૂવા પાસેથી પસાર થઈ. તેણે જોયું કે એક પાલતુ કૂતરો જીભ કાઢેલ સ્થિતિમાં છે જાણે તે તરસથી મરી જ જશે. તેણીએ પોતાની ચામડાની મોજડી પગોએથી કાઢી અને તેને પોતાના માથાની ઓઢણી વડે બાંધી અને એ રીતે પાણી કાઢીને તેને પીવડાવ્યું. તે સ્ત્રીને આ નેક અમલના કારણે બખ્શી દેવામાં આવી. કોઈએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! શું જાનવરને ખવડાવવા પીવડાવવામાં પણ સવાબ છે ? આપ ﷺએ ફર્માવ્યું, હા ! દરેક જાનવરને ખવડાવવામાં સવાબ છે. *(બુખારી શરીફ)*

ઊંટ, ઘોડા, ગધેડા, યક઼ીનન ! સવારીનાં જાનવરો છે, પરંતુ એમાં પણ તેમની રાહતનો ખયાલ રાખવો જરૂરી છે. હુઝૂર ﷺએ સવારીના જાનવરોની સાથે

જુલ્મ કરવાથી સખ્તીથી મના કર્યું છે.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે હું હજના મોક઼ા પર સરકાર ﷺની સાથે હતો. એવામાં આપે પાછળથી ઊંટોને મારવાનો તથા હાંકવાનો અવાજ સાંભળ્યો. જેથી આપ ﷺએ પાછળ ફરીને લોકોની તરફ ઈશારો કરતાં ફર્માવ્યું, હે લોકો ! આરામથી કામ લો, કેમ કે સવારીને દોડાવવું નેકીનું કામ નથી.

જાણવા મળ્યું કે જાનવરોને વિના જરૂરત દોડાવવાં અને ફોગટમાં એક બીજાથી આગળ કાઢવાની કોશિશ કરીને જાનવરને પરેશાન કરવું, જેવું કે ઘોડાગાડીવાળા તથા બળદગાડીવાળા કર્યા કરે છે એ મના તથા નાદુરુસ્ત છે. અમુક વખતે આપણે જાનવરોને કાબૂમાં રાખવા માટે જાલિમાના રવૈયો રાખીએ છીએ. હુઝૂર ﷺએ એનાથી સખ્તીપૂર્વક રોકેલ છે. એ જ પ્રમાણે ઊંટના ગળામાં તાંત (તાર જેવી પાતળી દોરી) બાંધવી પણ મના છે કેમ કે એનાથી ઊંટને તકલીફ થાય છે.

એ જ પ્રમાણે પક્ષીઓનાં બચ્ચાંને માળાઓમાંથી કાઢી લેવાં અથવા પક્ષીઓને પિંજરામાં બંધ કરી દેવાં અને વિના જરૂરત પક્ષીઓનાં મા બાપ તથા જોડાને દુઃખ પહોંચાડવું ઘણી જ મોટી બેરહમી તથા જુલ્મ છે જે કોઈ મુસલમાનના માટે જાઈઝ નથી.

હઝરત ઉમ્મે કઝર رضی اللہ عنہاથી રિવાયત છે કે મેં તાજદારે રિસાલત ﷺથી સાંભળ્યું છે કે આપ ﷺ ફર્માવી રહ્યા હતા, પક્ષીઓને તેમનાં માળાઓમાં રહેવા દો. *(અબૂ દાઊદ)*

જાણવા મળ્યું કે પક્ષીઓને માળાઓમાંથી અને તેમના રહેવાની જગ્યાએથી હટાવવાં અને ઉડાડવાં દુરુસ્ત નથી. અમુક લોકો કોઈ જાનવરને બાંધીને લટકાવી દે છે અને તેના પર ગુલેલ અથવા બંદૂક વડે નિશાનાબાજીની પ્રેકટીસ કરે છે, એ પણ અતિશય કક્ષાની નિર્દયતા તથા જુલ્મ છે જે દરેક મુસલમાન માટે હરામ છે.

હઝરત અનસ رضی اللہ عنہથી મરવી છે કે તાજદારે રિસાલત ﷺએ તીરંદાઝી વગેરેના માટે જાનવરોને બાંધવાની મનાઈ ફર્માવી છે. *(બુખારી, મુસ્લિમ)*

તેમજ જાનવરોમાં લડાઈ કરાવવી પણ મના છે. મુર્ગબાજી, બટેરબાજી તથા ઘેટાં, બકરાં લડાવવાં, એ જ રીતે કોઈ જાનવરને લડાવવાં. બદક઼િસ્મતીથી આજકાલ જાહિલોમાં કૂતરાંઓને લડાવવું એક રિવાજ બનતો જઈ રહ્યો છે એ પણ મનાઈમાં સામેલ છે. ત્યાં સુધી કે બાળકોને રમવા માટે પક્ષી આપવું પણ મના છે, એનાથી પક્ષીને તકલીફ થાય છે. એના હેઠળમાં એક મશહૂર હદીષ છે કે કોઈ શખ્સ કમ્બલમાં કોઈ માદા પક્ષી તથા તેના બચ્ચાંને લપેટીને હુઝૂર ﷺની ખિદમતે અક઼દસમાં લાવ્યો. જ્યારે તેણે કમ્બલ (ધાબળો) ખોલ્યો તો માદા બાળકો પર પડી ગઈ. તો હુઝૂર ﷺએ ધમકાવતાં ફર્માવ્યું કે એનાં બાળકોના કારણે એને કોણે દુઃખ આપ્યું ? એને પાછા જઈને છોડી આપો.

જે જાનવરોનો ગોશ્ત ખાવો હરામ છે તેઓ જ્યાં સુધી ઈજા ન પહોંચાડે વિના જરૂરતે તેમને કત્લ કરવાં મના છે. તે જાનવર ન મૂઝી હોય ન તેનો ગોશ્ત ખાવામાં આવતો હોય, તો એને મારવું તદન જાઈઝ નથી, બલ્કે ફુઝૂલ છે. જે જાનવરોનો ગોશ્ત હલાલ છે તેને પણ જ્યારે કે ખાવા માટે ન હોય બલ્કે કેવળ મનોરંજનના માટે ક઼ત્લ કરવું મના છે. જેમ કે અમુક શિકારી લોકો ખાવા કે કોઈ ફાયદો ઉઠાવવા શિકાર નથી કરતા બલ્કે કેવળ ખેલકૂદના રૂપે તેનું ખૂન કરીને તેને વેડફી નાખે છે, એ શરીઅતમાં જાઈઝ નથી. ....*(ક્રમશઃ)*

# HUZOOR HUJJAT UL ISLĀM IMĀM HAMID RIDA KHAN رحمۃ اللہ علیہ

*Author :* **Muhammad Ashfaq Misbahi**
*(Imam Masjid-e-Raza Balaclava Street, Blackburn, U.K)*

يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوا اتَّقُوا اللّٰهَ وَ كُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ

*-(Surah taubah, 9/119)*

In this Ayat e kareema we have been told to fear Allâh Almighty and in addition to this we have been told to keep the company of the truthful people. This now raises the question, that if taqwa, fearing Allâh restrains us from evil and prevents us from immoral behaviour, then why are we still commanded to keep the company of the pious and truthful?

The answer to this is because the company of the pious helps us to remain ûrm upon taqwa - and it also preserves our taqwa. For indeed, remaining in the company of the Awliyah Allâh, can change a persons life completely.

Which is evident from this anecdote; In 1925, Huzoor Hujjatul Islam رحمۃ اللہ علیہ visited Pakistan for the Annual conference. Whilst Hazrat was in Lahore, a young boy who was studying at an English school, would visit Hazrat daily. This young boy would come to Hazrat, sit silently and simply admire the beauty and Radiant face of Huzoor Hujjat ul Islam رحمۃ اللہ علیہ.

When only a few days were left before hazrats return back to India. Hazrat asked this young boy as to why he would come everyday. This young boy replied " I want to accompany you Hazrat and seek the knowledge of Islam under your watchful eye." Hazrat was pleased to hear this and agreed to his request.

This young child, was so moved by Hazrats presence. That the love of seeking ilm e deen in the heart of this young boy was caused as a result of spending a few sincere moments in the company of this Wali of Allah. After which this boy accompanied Hazrat such that he seeked the knowledge of Islam, and didn't just become a normal Alim or a normal Muhadith but, this

priceless companionship of Hazrat made this young child into Huzoor Muhadith e Azam Pakistan Allamah Sardar Ahmed Qadiri رحمۃ اللہ علیہ This is why the poet says:

سگ اصحابِ کہف روزی چند    پئ نیکاں گرفت و مردم شد

Like this history is a witness that the companionship of the Awliyah Allah, can transform lives. Thus it was The great gnostic Hazrat Ibrahîm Qandoozi رحمۃ اللہ علیہ who fed Hazrat Khwâja Gareeb Nawaz رحمۃ اللہ علیہ the pieces of chewed roti, that changed His life and made Him Sultan Ul Hind. Similarly, like this the wise words of wisdom from Imâm Shu'bî رحمۃ اللہ علیہ to the young Business man who later became such a giant of Islamic scholarship that today we know Him today as Imâm E A'zam رحمۃ اللہ علیہ. These few words had such a profound eûect on Imâm E A'zam رحمۃ اللہ علیہ, that it made him inclined towards studying Islam and this is a massive favour upon the Ummah.

In conclusion, these few words of encouragement, or the company of the Awliyah رحمۃ اللہ علیہم اجمعین can change our lives. It is for this very

reason that after taqwa and remaining ûrm upon it we have been commanded to keep the company of the pious.

اِنَّ الَّذِيۡنَ قَالُوۡا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسۡتَقَامُوۡا تَتَنَزَّلُ عَلَيۡهِمُ الۡمَلٰٓـئِكَةُ اَلَّا تَخَافُوۡا وَ لَا تَحۡزَنُوۡا وَ اَبۡشِرُوۡا بِالۡجَـنَّةِ الَّتِىۡ كُنۡتُمۡ تُوۡعَدُوۡنَ۝ *(Surah fussilat, 41/30)*

Now pay attention and listen carefully, one who is pleased and accepts Allâh ﷻ as His Rab, then he becomes ûrm upon this, and doesn't lose hope, then this is His reward. But if we look at the life of Huzoor Hujjatul Islam رحمۃ اللہ علیہ not only did he protect His own Imân, but He saved the Imân of millions of muslims from the Shudhi Movement. This was that movement of Hindu missionaries whose aim was to convert Muslims to Hinduism, by the use of political and ûnancial Inûuence. In that strange time where the Imân of Muslims was hanging in mid-air it was Huzoor Hujjatul Islam who stood bravely against the movement and powers of His time and defended the honour of Islam.

**❑ His piety and ûrmness on shariah :**

Once Huzoor Hujjatul Islam رحمۃ اللہ علیہ had to have an operation on his thumb, the doctor explained that hazrat would need to take Anaesthetic, and despite the fatwa of permissibility under such circumstances. Hazrats taqwa was such that he had the operation done without it. After the operation was done, the Dr asked, how hazrat had managed such an operation without anaesthetic. Hazrat replied, it was due to the blessing of durood shareef. As a result, it was possible by the power of sending Salawat upon the prophet ﷺ.

Ala-Hazrat Imâm Ahmed Rida khan رحمۃ اللہ علیہ, loved him so much due to his dedication in acquiring Knowledge. That Ala Hazrat رحمۃ اللہ علیہ said: حامد منی وانا من حامد "Hamid is from me and I am from Hamid"

One of the signs of A wali Allah is that when looking at Him one remembers Allâh As mentioned in the blessed Hadîth: اذا راؤوا ذکر اللہ

Huzoor Hujjatul Islam was such a beautiful Personality that scores of non-muslims accepted Islam at His hands just by looking at him.

**❑ Death :**

Hujjatul Islâm رحمۃ اللہ علیہ travelled from this world into the hereafter on the 17th of Jamadil Ulaa co-inciding with 23rd May 1943 in the condition of Namaaz, in Tashahud position. The demise of Hujjatul Islam was a sore loss to the entire Sunni community. A loss that was felt throughout the world, as the bright shining sun of Ala Hazrat رحمۃ اللہ علیہ had come to set.

**❑ Janâzah :**

Hundreds of thousands of devotees and mureeds gathered for his Janazah Salah, which was performed, by his Khalifa Muhadith e 'Azam Pakistân, Allâmah Sardâr Ahmad رحمۃ اللہ علیہ

**❑ Mazâr Shareef** :

His Mazâr Shareef is close to his blessed father Sayyidi Alâ Hazrat Imâm Ahmed Raza Khan رحمۃ اللہ علیہ in Bareilly Shareef.

Every year during the Urs, thousands of devotees gather at his Mazaar to pay tribute, to a Faithful Servant of Allâh, A True Devotee of the Beloved of Rasool Allâh ﷺ and a great Âlim and Saint of the era.

May Almighty Allah bless us with his Fuyooz and Barakât always. اٰمِيۡنَ يَا رَبَّ الۡعَالَمِيۡنَ

# રાફઝી-શીઆ ફિર્કાની

# ગુમરાહીઓથી બચો !

હપ્તો ૦૫

સંપાદક : પટેલ શબ્બીર અલી રઝવી
(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)

## સહાબાએ કિરામની ફઝીલત કુર્આન હદીષમાં

### હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہની શાનમાં

**કુર્આને પાકમાં રબ તઆલાનું ફર્માન છે :**

اِلَّا تَنۡصُرُوۡهُ فَقَدۡ نَصَرَهُ اللّٰهُ اِذۡ اَخۡرَجَهُ الَّذِيۡنَ كَفَرُوۡا ثَانِىَ اثۡنَيۡنِ اِذۡ هُمَا فِى الۡغَارِ اِذۡ يَقُوۡلُ لِصَاحِبِهٖ لَا تَحۡزَنۡ اِنَّ اللّٰهَ مَعَنَا ۚ۔۔۔الآخر

"જો તમે મહબૂબની મદદ ન કરો તો બેશક ! અલ્લાહે તેમની મદદ ફર્માવી, જ્યારે કાફિરોની શરારતથી તેમણે બહાર તશરીફ લઈ જવુ પડયું કેવળ બે જાનથી જ્યારે તે બંનેવ ગુફામાં હતા. જ્યારે પોતાના યારથી ફર્માવતા હતા, ગમ ન કર ! બેશક ! અલ્લાહ આપણી સાથે છે. તો અલ્લાહે એના પર પોતાનો સકીના ઉતાર્યો અને એ ફોજો વડે તેની મદદ કરી જે તમે નથી જોઈ અને કાફિરોની વાત નીચે રાખી અને અલ્લાહના જ કલમાની બોલબાલા છે અને અલ્લાહ ગાલિબ હિકમતવાળો છે." *(સૂરએ તૌબા, ૯/૪૦)*

મુફસ્સિરીને કિરામની એકમતિ છે કે આ આયત હઝરત અબૂબક્ર સિદ્દીક઼ની શાનમાં ઉતરી. જ્યારે હઝરત સિદ્દીક઼ે અકબર હિજરત વેળા ગુફામાં બેચૈન થઈ ગયા હતા પણ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ઈત્મિનાનથી હતા.

*(વધુ માટે વાંચો : ફઝાઈલે સહાબા, અઝ : અલ્લામા શૈખ માલિક અહમદ ફારૂકી ગુજરાતી)*

બીજી આયતમાં છે :–

وَالَّذِىۡ جَآءَ بِالصِّدۡقِ وَصَدَّقَ بِهٖۤ اُولٰٓـئِكَ هُمُ الۡمُتَّقُوۡنَ ۝۳۳

"અને તે જે આ સત્ય લઈને તશરીફ લાવ્યા અને તે જેમણે એનું સમર્થન કર્યું તે જ ડરવાળા છે."

*–(સૂરએ ઝૂમર, ૩૯/૩૩)*

મોટાભાગના મુફસ્સિરો ફર્માવે છે કે, "સત્ય" લઈને આવનાર હુઝૂર ﷺ અને સમર્થન કરનાર હઝરત સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ.

*(વધુ માટે કિતાબ વાંચો : ફઝાઈલે સહાબા, જેમાં ૧૯ આયતો તફસીર સાથે શાને સિદ્દીક઼માં રજૂ કરેલી છે.)*

હદીષે પાકમાં ફર્માને રસૂલ ﷺ :–

- હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મેં જિબ્રઈલને શબે અસ્રા કહ્યું કે મારી ક઼ૌમના લોકો મારું સમર્થન (શબે મેઅરાજ વિશે) નહીં કરે. હઝરત જિબ્રઈલ علیہ السلامએ અર્ઝ કરી, અબૂબક્ર આપનું સમર્થન કરશે, અને તે અલ્લાહ તઆલાની બારગાહમાં અબૂબક્ર "સિદ્દીક઼" છે.

  *(ફઝાઈલે સહાબા)*

- એમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું શબે મેઅરાજમાં આસ્માનો પર ગયો તો મેં આસ્માનો પર ઠેક ઠેકાણે મારું નામ અને મારા નામ પછી અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہનું નામ લખેલુ જોયું.

- એમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું શબે મેઅરાજમાં આસ્માનો પર ગયો. મેં સૂરજને સાફ સુથરો જોયો જે પૂર્વથી પશ્ચિમની તરફ ચાલી રહ્યો હતો એની પેશાનીમાં બે લીટીઓ લખેલી હતી. મેં જિબ્રઈલને એના બારામાં પૂછયું તો તેમણે કહ્યું કે પહેલી લીટીમાં **"લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ અબૂબકર સિદ્દીક઼"** લખેલુ છે જ્યારે કે બીજી લીટીમાં **"લાઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ઉમર ફારૂક઼"** લખેલું છે."
- હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, મેં જેની પણ સાથે ઈસ્લામના બારામાં વાત કરી (ઈસ્લામની દા'વત પેશ કરી) તો પ્રથમ તો તેણે ઈન્કાર કર્યો અને મારી સાથે બહષો કરી, સિવાય ઈબ્ને અબૂ કહાફ઼ા (અબૂબક્ર સિદ્દીક઼)ના. કેમ કે મેં એમની સાથે કોઈ પણ ચીજના બારામાં ચર્ચા કરી તો તેને માનવા તથા ક઼બૂલ કરવામાં તેમણે ખૂબ જ ઝડપ દેખાડી.
- હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલા આસ્માનોમાં નાપસંદ કરે છે કે અબૂબક્ર થકી જમીન પર કોઈ લગઝિશ (ખતા) થઈ જાય.
- હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જન્નતમાં એવી હૂરો છે જેમનું સર્જન અલ્લાહ તઆલાએ ગુલાબના ફૂલો વડે કર્યું છે. એમની સાથે કોઈ પયગંબર, સિદ્દીક઼ અથવા શહીદ નિકાહ કરશે. અને અબૂબક્રના માટે એમાંથી ચારસો હૂરો છે.
- હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હું શબે અસ્રામાં જન્નતમાં ગયો. મેં એક કીલ્લો જોયો જેના ઉપર તથા નીચે રેશમ જ રેશમ છે. મેં જિબ્રઈલને પૂછયું, આ કીલ્લો કોનો છે ? અર્ઝ કરી, અબૂબક્ર સિદ્દીક઼નો.
- હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અમે અબૂબક્ર સિવાય સૌના એહસાનનો બદલો આપી દીધો. એમના એહસાનનો બદલો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે આપશે. કોઈના માલે મને એટલો નફ઼ો નથી આપ્યો જેટલો હઝરત અબૂબક્ર رضی اللہ عنہના માલે આપ્યો છે. *(કન્ઝુલ ઉમ્માલ)*
- હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી પાસે જિબ્રઈલ (علیہ السلام) આવ્યા. તેમણે મારો હાથ પકડીને જન્નતનો તે દરવાજો દેખાડયો જેમાં થઈને મારા ઉમ્મતી દાખલ થશે. હઝરત અબૂબક્ર رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું ચાહું છું કે હું આપની સંગાથે હોતો ત્યાં સુધી કે હું પણ એનો દીદાર કરતો. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હે અબૂબક્ર ! તમે તે શખ્સ છો જે **મારી ઉમ્મતમાંથી સૌ પ્રથમ જન્નતમાં** જશો. *(કન્ઝુલ ઉમ્માલ, ૧/૧૧૮૨)*
- હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મને આદમના સર્જનથી લઈને ક઼યામત સુધી મારા પર ઈમાન લાવનારાઓનો સવાબ અર્પણ કર્યો, અને હે અબૂબક્ર ! તમને મારા આગમનથી લઈને ક઼યામત સુધી મારા પર ઈમાન લાવનારાઓનો સવાબ અતા કર્યો.

*(તારીખે મદીના દમિશ્ક઼, ૩૦/૧૧૯)*

- હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શબે મેઅરાજમાં આસ્માનો પર ગયો તો મેં જિબ્રઈલ علیہ السلامને કહ્યું, શું મારી ઉમ્મત પર હિસાબ થશે ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હા ! આપની ઉમ્મત પર હિસાબ થશે, હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ સિવાય. ક઼યામતના દિવસે તેમને કહેવામાં આવશે, હે અબૂબક્ર ! જન્નતમાં દાખલ થઈ જાવ ! તે અર્ઝ કરશે, હું ત્યાં સુધી દાખલ થઈશ નહીં જ્યાં સુધી મારી સાથે તે લોકો જેઓ દુનિયામાં મારી સાથે મહોબ્બત કરતા હતા તેઓ દાખલ ન થઈ જાય.

*(તારીખે મદીના દમિશ્ક, ૩૦/૧૫૩)*

- હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને ફર્માવ્યું, **તમે (જહન્નમની આગથી) આઝાદ છો.**

*(હવાલો : ઉપર મુજબ, ૩૦/૧૭)*

- હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. નબી કરીમ علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, જે જહન્નમથી આઝાદ થયેલ શખ્સને જોઈને ખુશ થવા ચાહે તે એમને એટલે હઝરત અબૂબક્રને જુએ. *(હવાલો : ઉપર મુજબ, ૩૦/૧૮)*

- હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબૂ બક્ર ! યક઼ીનન ! હું તે શખ્સને તેના નામ, તેના પિતા તથા તેની માતાના નામ સાથે જાણુ છું કે **તે જન્નતના જે દરવાજા તથા ઓરડાની સામેથી આવશે તો તેના સન્માનમાં "મરહબા" (સુસ્વાગતમ્)ની સદાઓ બુલંદ થશે, અને તે અબૂ બક્ર ઈબ્ને અબૂ કહાફા છે.** *(તારીખે ઈબ્ને અસાકિર, ૩૦/૧૦૩)*

- હઝરત સહલ બિન સઅદ رضی اللہ عنہથી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **અબૂ બક્ર رضی اللہ عنہથી મહોબ્બત તથા શુક્રગુઝારી મારી ઉમ્મત પર વાજિબ છે.**

- હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہاથી રિવાયત છે. ફર્માવે છે : એક વાર રાત્રે હું રસૂલુલ્લાહ ﷺની તદ્દન નજીક હતી અને બિસ્તર પર આપના પહલુ મુબારકમાં આરામ કરી રહી હતી. મેં આકાશ તથા તારામંડળો તરફ નજર ઉઠાવી. મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ શું દુનિયામાં કોઈની નેકીઓ આસ્માનના તારાઓ જેટલી હશે ? ફર્માવ્યું, હા ! મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! તે કોણ ખુશનસીબ છે ? ફર્માવ્યું, તે હઝરત ઉમર છે. હું બોલી, મારી ખ્વાહિશ હતી કે આટલી નેકીઓ મારા પિતાની હોતી. ફર્માવ્યું, **હઝરત ઉમરની સર્વ નેકીઓ અબૂબક્રની નેકીઓમાંથી એક નેકીની જેમ છે.** *(મિશ્ક઼ાતુલ મસાબીહ, પેજ : ૫૬૦)*

- હઝરત હસન પોતાના પિતા હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہથી રિવાયત કરે છે. આપે (હઝરત અલી رضی اللہ عنہએ) ફર્માવ્યું, હુઝૂરે અકરમ ﷺએ જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہને હુકમ આપ્યો કે તે લોકોને નમાઝ પઢાવે તો હું પણ હોશ હવાસની સાથે મૌજૂદ હતો. તો અમે અમારા દુનિયવી મામલાઓમાં પણ તેમની સરદારીથી રાજી થઈ ગયા, જેવી રીતે રસૂલે અકરમ علیہ الصلوٰۃ والسلامએ અમારા દીનના બારામાં એમની ઈમામત પર રઝામંદી જાહેર કરી.

*(કન્ઝુલ ઉમ્માલ, ૨/૧૨૯૪)*

- હઝરત કૈસ બિન અબી હાઝિમ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબૂ બક્ર તથા હઝરત અલી બંનેનો ભેટો થયો. હઝરત અબૂ બક્ર હઝરત અલી (رضی اللہ عنہما)ના ચહેરાની તરફ જોઈને

મુસ્કુરાયા. હઝરત અલી رضي الله عنهએ ફર્માવ્યું, આપ કયા કારણે સ્મિત કરી રહ્યા છો ? હઝરત અબૂ બક્ર رضي الله عنهએ ફર્માવ્યું, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા છે કે હઝરત અલી જેના માટે પરવાનો લખી આપે તે જ પુલસિરાત પરથી પસાર થઈ શકે છે. હઝરત અલી رضي الله عنهએ હસીને ફર્માવ્યું, હે અબૂ બક્ર ! શું હું તમને ખુશખબરી ન સંભળાવું ?! ફર્માવ્યું, કેમ નહીં ! જરૂર સંભળાવો. કહ્યું, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પુલસિરાતથી પસાર થવાનો પરવાનો તેના માટે જ લખવામાં આવશે જે અબૂબક્રથી મહોબ્બત કરે છે.

*(અર્રિયાઝુન્નઝહર, પેજ : ૧૭૬)*

**અહલે સુન્નતનો અક઼ીદો આ છે :-**

હઝરત મખ્દૂમ અઝમુલ્લાહ رحمة الله عليهએ ફર્માવ્યું, હઝરત મુહમ્મદ ﷺ સર્વ મખ્લૂક઼થી અફઝલતરીન (શ્રેષ્ઠ) છે. અને હુઝૂર ﷺ પછી સર્વ મખ્લૂક઼માં અફઝલ હઝરાતે અંબિયાએ કિરામ તથા સર્વ રસૂલો છે. અંબિયા તથા રસૂલો પછી સર્વ ઉમ્મતીઓમાં અફઝલ હઝરત રસૂલુલ્લાહ ﷺની ઉમ્મત છે. અને તમામ ઉમ્મતોમાં અફઝલ હઝરત સિદ્દીકે અકબર رضي الله عنه છે. તેમના બાદ હઝરત ઉમર ફારૂક઼ رضي الله عنه તેમના બાદ હઝરત ઉષ્માનગની رضي الله عنه અને હઝરત અલી મુર્તઝા رضي الله عنه છે.

*(મઅદનુલ મઆની, અઝ : યહયા મુનુરી رحمة الله عليه)*

**પ્યારા દીની સુન્ની ભાઈઓ ! બહેનો !** લખાણ ટૂંકાવવાના હિસાબે અમુક જ હદીષો રજૂ કરી. હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضي الله عنهની ફઝીલતમાં ઉપરોક્ત હદીષોનો વારંવાર અભ્યાસ કરો અને એની સામે શીઆઓની ગુસ્તાખીઓને જુઓ તો સમજાય જશે કે કેટલી મહાન ગુમરાહી એઓ ફેલાવી રહ્યા છે. અલ્લાહની પનાહ ! તો એ ગુમરાહીથી બચીને ઈમાનની રક્ષામાં લાગી જાવ. *(ક્રમશઃ)*


**બિલાલ હજ એન્ડ ઉમરાહ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

હજ્જ પ્રોગ્રામ-૨૦૧૯



લોન્ડ્રી ફ્રી, સવારે ચ્હા-નાસ્તો અને સવાર-સાંજ જમવાનું મળશે.

ઉમરાહ ૨૦૧૯નું બુકીંગ ચાલુ છે


મક્કા મદીનાની તમામ ઝિયારતો સાથે રહીને તથા અનુભવીને સાથે રાખીને કરાવવામાં આવશે તથા ઉમરાહના તમામ અરકાનો પણ સારી રીતે કરાવવામાં આવશે.

રવાનગી તા. એરલાઈન્સના બુકીંગ પ્રમાણે જાણ કરવામાં આવશે.
એરલાઈન્સ તથા સરકારી ટેક્ષમાં વધારો થશે તો તે વધારો લેવામાં આવશે.

સંપર્ક
પટેલ ઈરફાન હાજી ઈસ્માઈલ નુનીયા (નબીપુરવાલા)
અરબ સ્ટ્રીટ, મુ. પો. નબીપુર, તા. જી. ભરૂચ. ફોન : ૨૮૩૨૧૬
મો. ૯૮૯૮૫૧૨૩૫૭/૯૪૨૭૪૧૩૨૧૯/૯૮૨૫૫૮૮૩૧૬



લક્ઝરી દ્વારા નબીપુરથી મુંબઈ એરપોર્ટ રીટર્ન નબીપુર ખાસ સેવા આપવામાં આવશે.



# રમતગમત સંબંધી શરીઅતના હુકમો

## તથા ઈસ્લામી તા'લીમાત

રજૂકર્તા : અતાઉર્રહમાન નૂરી-માલેગાંવ

અનુવાદક : મુફ્તી યૂનુસ મિસ્બાહી ટુંડજવાળા
(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)

ઈસ્લામી બંધારણ કાંઈ એવું શુષ્ક બંધારણ નથી જેમાં મનોરંજન અને દિલ બહેલાવવા માટે કોઈ સ્થાન જ ન હોય બલ્કે ઈસ્લામ તો માનવ સ્વભાવના સમાંતરે ચાલવાવાળો તથા પ્રકૃતિના હેતુઓનો લેહાઝ કરનાર મઝહબ છે. એમાં ન તો સ્વસર્જીત સન્યાસપણાને અવકાશ છે ન તો ઢંગધડા વિનાની આઝાદ જિંદગીની ઈજાઝત છે. આસાની પૂરી પાડવી અને સખ્તીઓથી બચાવવું એ શરીઅતના હેતુઓમાં સામેલ છે.

રબ તઆલાનો ઈર્શાદ છે :-

"અલ્લાહ તમારા પર આસાની ચાહે છે અને તમારા પર મુશ્કેલી નથી ચાહતો."

*(સૂ. બક઼રહ, ૨/૧૮૫)*

ઈસ્લામ આખિરતની કામયાબીને બુનયાદી હૈષિયત આપતાં દુનિયાની તમામ મસ્લેહતોનો લેહાઝ પણ રાખે છે, એની પાકીઝા તા'લીમમાં જેવી રીતે એક બાજુ અક઼ીદા, ઈબાદતો, સામાજિક વહેવાર તથા અખ્લાક઼ તથા આદાબના મહત્વના મસાઈલ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે તેવી જ રીતે જિંદગીની મોજ અને નાઝુક મુદ્દાઓ ઉપર પણ ફોકસ કર્યો છે. હા ! યૂરોપિયન લોકોની જેમ આખી જિંદગીને ખેલ તમાશો બનાવી દેવી અને જિંદગીને ખેલકૂદ માટે જ સમજવી, તો ઈસ્લામમાં એવી વિચારધારા યોગ્ય નથી, પણ નિયમોનો લેહાઝ કરીને અખ્લાક઼ી સીમાઓમાં રહીને ખેલકૂદ, મસ્તી મજાક કરવાની કેવળ ઈજાઝત જ નથી આપી બલ્કે એના માટે પ્રોત્સાહિત પણ કરવામાં આવેલ છે. કેમ કે ઈસ્લામ સુસ્તી અને આળસને પસંદ નથી કરતો બલ્કે એ તો ચુસ્તી અને ખુશમિજાઝને પસંદ રાખે છે. ઈસ્લામી તા'લીમાત એ વાતને પસંદ કરે છે કે મુસલમાન શરીઅતના બધા અહકામ પર ખુશી અને દિલચસ્પીથી અમલ કરે. અને આ અમલ આળસ અને કનમનતા દિલે ન કરે. કારણ કે આવી રીતે અમલ કરવો એ તો મુનાફિક઼ની નિશાની છે અને આ ઈસ્લામની મધ્યમ ચાલની અસર છે કે જેવી રીતે એક તરફ આપણા નબી علیہ الصلوٰۃ والسلام અને ઉમ્મતના બુઝુર્ગોની જિંદગી અલ્લાહ તઆલાના ખૌફ, ડર અને તક઼વા તથા પરહેઝગારીનો નમૂનો છે તેવી જ રીતે ખુશ મિજાઝી, મજાકવૃત્તિ અને ખુશદિલીનો પણ બેહતરીને નમૂનો છે.

ફિરોઝુલ્લુગાત (ઉર્દૂ શબ્દકોશ)માં ખેલકૂદનો અર્થ બાઝી, બાઝીચા, તમાશા, કરતબ, દિલ બહેલાવવું અને મશગલા તથા શુગલ આવ્યો છે. ખેલથી મુરાદ એક એવી પ્રતિક્રિયા છે જે મનોરંજન માટે કરવામાં આવે છે, જ્યારે કે અમુક સમયે એ તા'લીમી હથિયાર સમાન પણ વપરાય છે. આપણા નબી ﷺએ ખેલનો અર્થ આ પ્રમાણે બયાન કર્યો છે : "કોઈ પણ વસ્તુ જે અલ્લાહ તઆલાનો ઝિક્ર ન હોય તે ખેલ છે." *(જામિઉલ અહાદીષ, ૩/૧૦૬)*

**કુર્આનમાં ખેલની મનાઈ :** કુર્આન શરીફમાં અલ્લાહ તઆલા ફર્માવે છે કે, "અમુક લોકો ખેલની વાતો ખરીદે છે કે અલ્લાહના રસ્તાથી તમને બહેકાવી દે સમજ્યા વિના અને એને હંસી બનાવી લે, એમના માટે બેઈજ્જતીવાળો અઝાબ છે."

*-(સૂરએ લુક઼માન, ૩૧/૬)*

ખેલ દરેક એવા કામને કહેવામાં આવે છે જે માણસને નેકીથી દૂર કરી કામકાજથી ગાફિલ કરી દે.

બીજી જગ્યાએ અલ્લાહ તઆલા ફર્માવે છે :–

''હે મો'મિનો ! શરાબ, જૂગાર, મૂર્તિ અને પાંસા નાપાક જ છે. શૈતાની કામ તો એનાથી બચીને રહેજો જેથી તમો ભલાઈ પામો. શૈતાન એ જ ઈચ્છે છે કે તમારામાં દુશ્મની કરાવી દે શરાબ તથા જૂગારમાં અને તમને અલ્લાહ તઆલાની યાદ અને નમાઝથી રોકે, તો શું તમે એનાથી દૂર રહ્યા ?!''

*(સૂ. લુક્માન, ૩૧/૬)*

આ આયતમાં શરાબ અને જૂગારના બુરા પરિણામને તથા બુરા અંજામને બયાન કરવામાં આવ્યો છે કે શરાબ પીવાનો અને જૂગાર રમવાનો એક ભયાનક અંજામ તો એ છે કે એનાથી એકબીજા સાથે દુશ્મની પેદા થાય છે અને જે આ બુરી આદતોમાં ફસાયેલો હશે તે અલ્લાહ તઆલાના ઝિક્ર અને નમાઝની પાબંદીથી ગાફિલ થઈ જાય છે.

**હદીષોમાં વિવિધ રમતોની મનાઈ : (૧)** તિર્મિઝી, અબૂ દાઊદ અને ઈબ્ને માજા, ઉક્બા બિન આમિર رضی اللہ عنہથી આ હદીષ રિવાયત કરતાં કહે છે કે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જેટલી વસ્તુઓથી માણસ ખેલ કૂદ કરે છે તે બધી જ ખોટી છે, પણ હા ! કમાનથી તીર ચલાવવું, ઘોડાને અદબ શિખવવું અને પત્ની સાથે ખેલવું જાઈઝ છે.

**(૨)** હઝરત અબૂ દાઊદ رضی اللہ عنہથી રિવાયત છે કે નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ''મુસલમાનના બધા જ ખેલો હરામ છે, પણ હા ! કેવળ ત્રણ વસ્તુઓ જાઈઝ છે : (૧) પત્ની સાથે ખેલવું (૨) ઘોડાને પલાણવો. (૩) તીર ચલાવતાં શિખવું.

**(૩)** મુસ્લિમ શરીફમાં હઝરત બુરૈદા અસ્લમીથી રિવાયત છે કે, આપણા નબી علیہ الصلوٰۃ والسلامએ ફર્માવ્યું, ''જેણે શતરંજ રમી તેણે પોતાનો હાથ સુવ્વરના ગોશ્ત અને લોહીથી રંગી નાખ્યો.''

સુનને અબૂ દાઊદ અને ઈબ્ને માજહમાં છે કે, ''જેણે શતરંજ રમી તેને અલ્લાહ તઆલા અને રસૂલ ﷺની નાફર્માની કરી.'' મતલબ કે વિવિધ હદીષોમાં શબ્દોના થોડા ફેરફાર સાથે એ વાતની સ્પષ્ટતા કરવામાં આવી છે કે ત્રણ રમતો સિવાય બધી જ રમતો માણસ માટે હરામ છે.

**(૪)** ઈમામ અહમદે અબ્દુર્રહમાન ખત્તી رضی اللہ عنہથી રિવાયત કરતાં કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ''જે વ્યક્તિ શતરંજ રમીને નમાઝ પઢવા માટે ઉઠે છે તો એનું દૃષ્ટાંત એવા માણસની જેમ છે જે પરુ અને સુવ્વરના લોહીથી વુઝૂ કરીને નમાઝ પઢવા માટે ઉભો થયો.''

**(૫)** બૈહક઼ીએ હઝરત અલી رضی اللہ عنہથી રિવાયત કરતાં કહ્યું કે હઝરત અલી کرم اللہ وجہہ الکریم ફર્માવે છે, ''શતરંજ અજમી લોકોનો જૂગાર છે.''

ઈબ્ને શિહાબે અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہથી રિવાયત કરતાં કહ્યું કે તે ફર્માવે છે, ''શતરંજ (ગુનેહગાર) વ્યક્તિ સિવાય કોઈ નહીં રમે.'' એમનાથી જ બીજી રિવાયતમાં છે કે, ''શતરંજ બાતિલ છે અને અલ્લાહ તઆલા બાતિલને દોસ્ત નથી બતાવતો.''

સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફ્તી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ લખે છે કે, ''ગંજીફા, ચોસર રમવું નાજાઈઝ છે. શતરંજનો પણ એ જ હુકમ છે. એ જ પ્રમાણે ખેલકૂદના જેટલા પ્રકાર છે સર્વ બાતિલ છે.''

ઈમામ તિર્મિઝીએ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ચોપગાંઓને લડાવવાથી મના કર્યું છે. સદરુશ્શરીઅહ رحمۃ اللہ علیہ લખે છે :–

**મસ્અલો** : જાનવરને લડાવવું હરામ છે. જેવી રીતે અમુક લોકો મુર્ગો, બટેર, તેતર, મેંઢો અને પાડાઓને એકબીજા સાથે લડાવે છે. અને એમાં શરીક

થવું અથવા એનો તમાશો જોવો પણ નાજાઈઝ છે.

*(બહારે શરીઅત)*

**(૬)** બૈહક઼ીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરતાં કહ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, 'અલ્લાહ તઆલાએ શરાબ, જૂગાર અને ઢોલ હરામ કર્યું છે, અને ફર્માવ્યું કે દરેક નશાવાળી વસ્તુઓ હરામ છે.

ભાઈઓ ! જુઓ કે આજે યહૂદીઓ અને ઈસાઈઓ કેવી રીતે મુસલમાનોના દિમાગોમાં ખેલકૂદ અને તમાશાની મહોબ્બત બેસાડી દીધી છે. અને સમય બર્બાદ કરવાવાળા કામોમાં કેવી રીતે વ્યસ્ત કરી પોતાના અસલી મક઼સદથી ગાફ઼િલ કરી દીધા છે. એના લીધે જ મુસલમાન પોતાનો કિંમતી સમય બેકાર કામોમાં ગુઝારી દે છે અને તેને એહસાસ પણ નથી થતો. ઈસ્લામ કદાપિ આવાં કામોને સપોર્ટ નથી કરતો. એટલા માટે જ આપણા બધાની પહેલી ફ઼ર્ઝ એ બને છે કે આપણે તમામ કામોમાં શરીઅતના હુકમ પ્રમાણે અમલ કરીએ અને પોતાની ઈચ્છા અને ફ઼ાયદાને એક બાજુ મૂકી અલ્લાહ તઆલાના હુકમ મુજબ અમલ કરીએ. આ કામમાં જ આપણી હમેશાંની કામયાબી અને દીન દુનિયાની બધી ભલાઈઓ છે. અને આમ પણ જે મુસલમાન અલ્લાહ તઆલાની ખુશી અને રઝા ચાહતો હશે તેના માટે તો અલ્લાહ તઆલાના એક હુકમ સામે પોતાની હજાર ઈચ્છાઓ કુર્બાન કરી દેવી આસાન કામ છે અને આ બાબતે એ કોઈ પણ પ્રકારનું બહાનુ બનાવી અલ્લાહ તઆલાના હુકમને નથી ટાળતો.

**કુશ્તી અને કરાટેનો શરઈ હુકમ :** કુશ્તી લડવું સુન્નત છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ રૂકાના નામી પહેલવાન સાથે કુશ્તી લડી અને એને ત્રણવાર પછાડયો. કારણ કે આ પહેલવાને પહેલાં જ કહ્યું હતું કે મને તમે પછાડી નાખો તો હું ઈમાન લઈ આવીશ. ત્યારે હુઝૂર ﷺએ એને પછાડયો અને તે ઈમાન લઈ આવ્યો. કુશ્તી લડવી જો ખેલકૂદ માટે ન હોય બલ્કે એટલા માટે હોય કે કાફ઼િરો સાથે લડવામાં મદદ મળશે અને શરીરમાં તાકાત આવશે તો જાઈઝ, મુસ્તહસન અને સવાબનું કામ છે, શરત એ છે કે સતર છુપી હોવી જોઈએ.

વર્તમાનકાળમાં નગ્ન થઈને કેવળ એક લંગોટ અથવા ચડ્ડી પહેરીને એવી રીતે કુશ્તી લડે છે કે બધી જાંગો ખુલ્લી હોય છે તો આ રીતે રમવુ નાજાઈઝ છે. અને સતર ડૂંટીથી ગુઠણ સુધીના હિસ્સાને કહેવામાં આવે છે જેનું છુપાવવું જરૂરી છે અને એનું ખોલવું હરામ છે. કુશ્તી જો લડવી જ હોય તો એમાં કપડાં પહેરીને રમવું કે જેનાથી ડૂંટીથી લઈને ગુઠણનો ભાગ છુપાઈ જાય. જો આવી રીતે ન રમી શકતા હોય તો રમવું જ ન જોઈએ, કારણ કે એટલા હિસ્સાને છુપાવવો જરૂરી છે અને રમવું કાંઈ જરૂરી નથી. અને કરાટેનો પણ આ જ હુકમ છે એટલે કે સારા મક઼સદ માટે હોય તો જાઈઝ છે, પણ ધ્યાન રાખવું જોઈએ કે આમાં પણ એ જ વસ્તુ જરૂરી છે કે જેટલા હિસ્સાને છુપાવવું જરૂરી છે એ છુપેલો રહે, એની સાથે બીજી ઈસ્લામી જરૂરી બાબતોનું ધ્યાન રાખવું. (જેવી રીતે કે નમાઝના સમયે નમાઝ પઢવી)

**ક્રિકેટ રમવું શરીઅતમાં કેવું છે ? :** રમતને જાઈઝ હોવા માટે ત્રણ શરતો છે : (૧) પહેલી શરત એ કે ખેલથી મક઼સદ કસરત હોય, કેવળ ખેલકૂદને જ મક઼સદ ન બનાવી લેવામાં આવે. (૨) બીજી શરત એ કે ખેલ જાતે પણ જાઈઝ હોવો જોઈએ, એમાં કોઈ નાજાઈઝ વાત ન હોય. (૩) ત્રીજી શરત એ કે એ ખેલથી શરીઅતના ફ઼રાઈઝ અને વાજિબોમાં કોઈ કસર ન થાય અને ન એનાથી ગાફ઼િલ થાય. આ માપદંડને સામે રાખીને જોવામાં આવે તો મોટાભાગની રમતો નાજાઈઝ તથા ગલત જોવા મળશે. વર્તમાનકાળમાં જોવા મળે છે કે આપણા સમાજના યુવાનો માટે ક્રિકેટ

એટલી ખાસ અને એટલી બધી મનપસંદ થઈ છે કે એના લીધે તો એ લોકોને ન દીની ફરાઈઝનો ખયાલ છે, ન તા'લીમ તરફ ધ્યાન છે અને ન જરૂરી કામોનો એહસાસ છે. જોવા જોવી વાત એ છે કે રસ્તાઓ અને ગલીયોને પણ રમતના મેદાન સમજી એમાં રમવા લાગે છે અને આવતા જતા લોકોની તકલીફોને પણ ધ્યાનમાં નથી રાખતા. અને રમતનું એવું ભૂત સવાર છે કે જાણે એ લોકો કેવળ રમવા માટે જ પેદા થયા છે, અને એના સિવાય જિંદગીમાં કોઈ કામ નથી, આવા ખેલોને કોણ જાઈઝ કહી શકે છે ?! આ'લા હઝરત رضی اللہ عنہએ ફતાવા રઝવિય્યહ્માં પાંચ શર્તો સાથે ખેલની ઈજાઝત આપી છે :

(૧) નિશ્ચિત કરવું (શર્તી) ન હોય (૨) રમવું કદી કદી જ હોય, એને આદત ન બનાવે. (૩) એના લીધે નમાઝ અથવા જમાઅતમાં અથવા કોઈ પણ શરીઅતના વાજિબમાં ખલેલ ન આવે (૪) એના પર કસમો ન ખાયા કરે. (૫) બિભત્સ ન બકે. પણ તેહકીક તો એ જ છે મુત્લકન મના છે. અને હક્ક એ છે કે આ શર્તોનું પાલન હરગિઝ નથી થતું. ખાસ કરીને તે ખેલનો ચસ્કો લાગી જાય છે તો બીજી અને ત્રીજી શરતના પાલનમાં સુસ્તી થાય જ છે, જેવી રીતે કે નમાઝનો સમય થોડો બચે ત્યારે પઢવી અથવા જમાઅતમાં સુસ્તી થવી. જેમ કે અનુભવ એના પર સાક્ષી છે. ચાલો આપણે માની લઈએ કે હજારમાં એક વ્યક્તિ તો એવો હશે જ જે આ શર્તો નું પાલન કરી રમત અથવા ખેલ રમતો હોય, તો પણ એવા એકાદ વ્યક્તિના કારણે ઈજાઝત ન આપી શકાય. જેથી શરીઅતની રોશનીમાં સારી વાત એ જ છે કે જાઈઝ જ ન હોય. હા ! એટલુ જરૂર છે કે પ્રથમ શર્ત સાથે રમે (ફિક્સ અને નિશ્ચિત કરીને રમે તો) તો કોઈ એકાદ વખત રમવું ગુનોહ સગીરા છે અને જો આ શર્ત ન હોય અથવા આદત બનાવીને રમે અથવા એના લીધે નમાઝો ખોવે અથવા જમાઅતો છોડે તો આપોઆપ જ ગુનાહે કબીરા થઈ જશે. આ જ પ્રમાણે કોઈપણ ખેલ, રમત અથવા બેકાર કામ જેમાં ન કોઈ દીનનો હેતુ હોય ન કોઈ દુનિયાનો જાઈઝ ફાયદો હોય તો આ બધી જ રમત મકરૂહ તથા નિરર્થક છે, કોઈ વધારે મકરૂહ અને કોઈ ઓછી. *(જામિઉલ હદીષ, ૩/૧૦૪)*

## શું ઈસ્લામ છોકરીઓને રમત રમવાની ઈજાઝત આપે છે ?

છોકરીઓના હક્કોનો ખયાલ સૌથી અધિક ઈસ્લામ ધર્મમાં રાખવામાં આવેલ છે, અને તેણીઓને દરેક પ્રકારની આઝાદી તથા હક્કો આપવામાં આવેલ છે. રમતની પણ એમને ઈજાઝત આપવામાં આવી છે. અબૂ દાઊદ હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہاથી રિવાયત બયાન કરી છે કે મા આઈશા ફર્માવે છે કે હું ગુડીયા (ઢીંગલી) સાથે રમત કરતી હતી, અને કોઈ વખત તો નબી علیہ الصلوٰۃ والسلام એવા સમયે તશરીફ લાવતા જ્યારે બીજી છોકરીઓ મારી પાસે હોય અને જ્યારે આપ ﷺ આવતા તો છોકરીઓ જતી રહેતી અને જ્યારે આપ ﷺ તશરીફ લઈ જતા ત્યારે આવતી રહેતી. બુખારી અને મુસ્લિમમાં રિવાયત છે કે, "મા આઈશા સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે હું નબી علیہ الصلوٰۃ والسلامના ઘરે ગુડીયા (ઢીંગલી) સાથે રમ્યા કરતી હતી અને મારી સાથે બીજી અમુક છોકરીઓ પણ રમતી. જ્યારે આપ ﷺ તશરીફ લાવતા તો એ છુપાય જતી તો આપ ﷺ પોતે જ એમને મારી પાસે મોકલી આપતા અને એ મારી સાથે રમવા લાગતી.

વર્તમાનકાળમાં પશ્ચિમી દેશોએ એવું ઠસાવવાની દરેક શક્ય કોશિશ કરી છે કે છોકરી તથા છોકરો બંનેવ સમાન તથા બરાબર છે, પણ તેમણે આ સમાનતા હક્કોના મામલામાં નથી રાખી ! બલ્કે આઝાદીના બહાને કેવળ સ્ત્રીના પ્રદર્શનના માટે જૂઠો પ્રોપેગન્ડો કર્યો, પરિણામે જે સ્ત્રી ઘરની શોભા હતી તે હવે નગ્ન કે અર્ધનગ્ન બનીને ચોરાહાઓ તથા

બજારની શોભા બની ગઈ. એ જ હાલ રમતોનો પણ છે, વર્તમાનકાળમાં રમતોનો એટલા પ્રમાણમાં રિવાજ આપવામાં આવ્યો છે જાણે કે પૂરી કૌમ ખેલના માટે જ પેદા થઈ છે. અને રમતને જ જિંદગીનું મહત્વનું કારનામુ ધારી લેવામાં આવેલ છે, અને આ સોચમાં છોકરો છોકરી બંનેવ સામેલ છે. ખેલમાં એટલી વ્યસ્તતા તો પુરૂષો માટે પણ જાઈઝ નથી તો પછી સ્ત્રીઓ માટે ક્યાંથી જાઈઝ હોય ?! હવે તો છોકરીઓ પણ ક્રિકેટ, હોકી, કુશ્તી, રેસ, નિશાનાબાઝી, તીરંદાઝી તથા ઘણી બધી રમતોમાં ભાગ લઈ રહી છે, જ્યારે વર્ણવેલ રમતો પુરૂષોની રમતો છે, સ્ત્રીઓની નથી. સ્ત્રીઓને આ મેદાનમાં લાવવું તેણીઓનું અપમાન તથા બેઈજ્જતી પણ છે. હવે મર્દો મર્દાનગી છોડવા પર અને સ્ત્રીઓ મર્દાનગી દેખાડવા પર ઉતરી આવે તો એનો શું ઈલાજ ?!

આ રમતોમાં શરીર પર ચુસ્ત, બારીક તથા તદ્દન ટૂકાં કપડાં તેણીઓએ પહેરેલ હોય છે, એટલાં કપડાંમાં તો શરીઅત પુરૂષોને રમવાની ઈજાઝત નથી આપતી તો એવાં કપડાંમાં સ્ત્રીઓએ રમવું કઈ રીતે દુરુસ્ત થઈ શકે છે. જે રમત છોકરીઓ માટે યોગ્ય હોય અને એમાં બેપર્દગીની સંભાવના ન હોય એની ઈજાઝત છે, નહીં તો નહીં. આજ કાલ ઘણી રમતોના કુસંસ્કૃત લોકો તથા બેશરમ કૌમોએ એવા પણ રિવાજ બનાવી રાખ્યા છે જે ન કેવળ ઈસ્લામી કાનૂનોથી પાર છે બલ્કે માનવ સ્વમાન તથા સ્ત્રીઓની હયાની પણ વિરૂધ્ધ છે.

**કબૂતરબાઝી શરીઅતની રૂએ કેવી છે ?:** ટેકનોલોઝીના આ દૌરમાં આજે પણ ઘણા નવયુવાનો કતૂબતર પાળવાના શોખમાં પડેલા છે. સુનને અબૂ દાઊદ તથા ઈબ્ને માજહમાં છે કે રસૂલુલ્લાહ ﷺએ એક શખ્સને કબૂતરની પાછળ દોડતાં જોયો તો ફર્માવ્યું કે શયતાનાની પાછળ પાછળ શૈતાન જઈ રહ્યો છે.

સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી અમજદ અલી આ'ઝમે رحمۃ اللہ علیہ લખે છે :

**મસ્અલા** : કબૂતર પાળવું જો ઉડાડવા માટે ન હોય તો જાઈઝ છે, અને જો કબૂતરોને ઉડાડે છે તો નાજાઈઝ છે કે આ પણ એક પ્રકારનો ખેલ છે. અને જો કબૂતર ઉડાડવાના માટે છત પર ચઢે છે જેનાથી લોકોની બેપર્દગી થાય અથવા ઉડાડવા માટે કાંકરીઓ ફેંકે જેનાથી લોકોનાં વાસણો તૂટવાનો અંદેશો છે તો તેને સખ્તીથી મના કરવામાં આવે, અને સજા આપવામાં આવશે. અને જો એના પર પણ ન માને તો હુકૂમતની તરફથી તેનાં કબૂતરો ઝબહ કરીને તેને આપી દેવામાં આવશે, જેથી ઉડાડવાનો જ બંધ થઈ જાય." *(બહારી શરીઅત, ૧૬/૧૩૧)*

**વીડિયો ગેમનાં નુકસાનો** : પશ્ચિમી દેશો પછી હવે આપણે ત્યાં વીડિયો ગેમ્સના શોખિનોની સંખ્યામાં ઘણો બધો વધારો થયો છે, જેઓ કદી શોપિંગ મોલ, બિગ બજાર તથા કદી લેપટોપ તથા કોમ્પ્યુટર પર વીડિયો ગેમ્સ રમે છે. જેનાં ઘણા બધાં નુકસાનો છે.

**૧.** આ ખેલમાં દીની કે શારીરિક કોઈ ફાયદાનો હેતુ નથી હોતો. જે રમત આ બંનેવ ફાયદાઓથી ખાલી હોય તે જાઈઝ નથી. **૨.** એમાં સમય તથા રૂપિયા બર્બાદ થાય છે અને અલ્લાહના ઝિક્રથી ગાફેલ કરનાર પણ છે. **૩.** સૌથી સખત નુકસાન એ છે કે આ ખેલની આદત પડવા પર છોડવી મુશ્કેલ હોય છે. **૪.** ગેમ રમતી વખતે બાળકો ઉસ્તાદો, માબાપ તથા વડિલોના હુકમનું પાલન નથી કરતાં , બલ્કે શરીઅતના હુકમો તથા કાનૂનોનો ખયાલ નથી કરતાં. **૫.** એનાથી બાળકોનું દિમાગ પણ ખરાબ થાય છે. દિમાગમાં મારધાડ અને ઉશ્કેરણીજનક દશ્યો ચાલુ રહેતાં હોય છે. **૬.** રમતથી હેતુપૂર્ણ તાલીમમાં ખલેલ ઉભી થાય છે, પછી બાળકોને ભણતર તથા અન્ય ફાયદાવાળાં કામોમાં દિલચસ્પી નથી રહેતી. વગેરે.

**મોબાઈલ ગેમ્સ :** આજે મુસલમાનોની બહુમતિ કોમ્પ્યુટર લેપટોપ અને ખાસ કરીને મોબાઈલમાં ગેમો રમવાનું પસંદ કરે છે. એન્ડ્રોઈડ સિસ્ટમમાં મન માન્યી ગેમોની મૌજૂદગીએ આ શોખને અધિક ઉત્તેજન આપ્યું છે. હવે કેટલાક દિવસોથી આ લત જૂગારનું સ્વરૂપ ધારણ કરી ચૂકી છે. પઝલ, રેસીંગ, સઈમોલેશન, એડવાન્ચર, સ્પોર્ટસ, આર્કેડ, એકશન, એડવોકેશનલ, ફાઈટિંગ તથા કડસ ગેમ્સ વગેરેની અધિકતાએ દરેક તબકાને પોતાનો દીવાનો બનાવી રાખેલ છે. હમણા કેટલાક દિવસોથી "લૂડો ગેમ"ની લતે દરેક ખાસ તથા આમને પોતાના દીવાના બનાવી લીધા છે કે ક્યાંક થોડોક સમય મળ્યો કે તરત જ રમવાનું શરૂ કરી આપે છે. એની સાથે મોબાઈલના થકી સતત હેડફોન તથા બ્લુટૂથના થકી ગાયનો સાંભળવાં, ફિલ્મો જોવી, અને બિભત્સ ગંદાં દશ્યો જોવાં એ સામાન્ય વાત થઈ ગઈ છે.

આના અનુસંધાનમાં બે હદીસો જોઈ લો :–

**૧.** બયહકીએ હઝરત જાબિરથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ગાવાથી દિલમાં નિફાક ઉગે છે જેવી રીતે પાણી વડે ખેતી ઉગે છે. **૨.** તિબ્રાનીએ ઈબ્ને ઉમર رضی اللہ عنہماથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ ﷺએ ગાવાથી અને ગીતો સાંભળવાથી, ગીબતથી અને ગીબત સાંભળવાથી અને ચુગલી કરવાથી અને ચુગલી સાંભળવાથી મના ફર્માવ્યું.

આપ ખુદ ફેંસલો કરો કે એવો અમલ જેનાથી અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیۡہِ وَسَلَّمَએ મના કર્યું છે જેના સબબે ઈમાની મીઠાશના ખાત્માનો ખતરો તથા નિફાકના વધવાનું યકીન હોય એવા અમલથી કેટલા અંશે બચવું જોઈએ ?!

**સમયની કદર કરો :** સમયની કદર તથા કિંમતની સરખામણી દુનિયાની બીજી કોઈ પણ ચીજ સાથે નથી થઈ શકતી. જે લોકો સમયની કદર નથી કરતા તો નિષ્ફળતાઓ તથા નિરાશાઓ તેમનું મુકદર બની જાય છે. કોમોની પ્રગતિનું રહસ્ય પણ એ જ છે કે જે કોમો સમયની ગતિને સાથ આપીને આગળને આગળ વધતા રહેવાની ક્ષમતા હાંસલ કરી ચૂકી છે તેમના પર કામયાબીઓ તથા પ્રગતિઓના નિતનવા દૌર આવ્યા જ કરે છે. પ્રગતિ પામેલ કહેવાતી એ કૌમોની દરેક વ્યક્તિ ખુશહાલ (સુખી), દુનિયાની દરેક સગવડો તથા સહૂલતો ધરાવનાર તથા માલામાલ હોય છે. જ્યારે કે સમયની કદર તથા કિંમતનો એહસાસ ન કરીને એને બર્બાદ કરનારી કૌમો ખુદ બર્બાદ થઈ જાય છે. તેમની લગભગ દરેક વ્યક્તિ બદહાલ, દુનિયાની દરેક તકલીફ તથા પરેશાનીમાં સપડાયેલ અને કંગાળ જોવા મળે છે.

કોઈ ડાહ્યા પુરૂષે લોકોને પૂછ્યું કે બતાવો આ કુદરતના કારખાનામાં સૌથી મોંઘી ચીજ કઈ છે ? કોઈએ સોનાને સૌથી મોઘી ચીજ ઠરાવી તો કોઈએ હીરાને, કોઈકે ઔલાદને તો કોઈએ વતનને. સારાંશ કે જેટલાં મોં એટલી વાતો હતી. પણ ડાહ્યો પુરૂષ કોઈના જવાબથી સંતુષ્ઠ ન થયો, છેવટે તેણે જાતે જ જવાબ આપ્યો કે દુનિયામાં સૌથી કિંમતી ચીજ "સમય" છે. માણસ કોઈને સમયથી વધુ કિંમતી તોહફો આપી જ નથી શકતો, કેમ કે તે એને તોહફામાં એવી ચીજ પેશ કરી રહ્યો છે જે કદી પરત નથી આવી શકતી, અને ન તો તેને ખરીદી શકાય છે.

અફસોસ ! કે આપણને સમયની કદરો કિંમતનો એહસાસ જ નથી. સુસ્તી, આળસ તથા લાપરવાહીની સાથોસાથ ફુઝૂલ કામો તથા નિરર્થક વ્યસ્તતા તથા વિવિધ ગેમોમાં સમય બર્બાદ કરીને આપણે પોતે પોતાને બર્બાદ કરી રહ્યા છીએ. આ બર્બાદીનો પણ આપણને કોઈ એહસાસ નથી ! ખુદારા ! પોતાની રવિશને બદલો અને શરીઅતના હુકમો તથા કાનૂનો પ્રમાણે જિંદગી ગુઝારવાની કોશિશ કરો.

*(માહનામા કન્ઝુલ ઈમાન–ઉર્દૂ, જાન્યુ. ૨૦૧૯, દિલ્હી)*

# વલીમા તથા મહેમાનીનું બયાન

કાર્યાલય

આજકાલ ઘણા લોકો શાદીના આગલા દિવસે જમવાની દા'વતો પતાવી દે છે અને વલીમો કરવામાં નથી આવતો તો જોઈએ કે શાદી પછી વલીમો કરવામાં આવે કે એમાં ઘણી બરકતો સમાયેલી છે.

સહીહ બુખારી તથા મુસ્લિમમાં હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ એ હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ પર પીળાશની અસર જોઈને કહ્યું, આ શું છે ? (એટલે પુરૂષના શરીર પર આ રંગ ન હોવો જોઈએ તો આ કેમ કરીને લાગ્યો ?) અર્ઝ કરી કે એક સ્ત્રીથી નિકાહ કર્યા છે. ફર્માવ્યું, અલ્લાહ તમારા માટે મુબારક કરે ! તમે વલીમો કરો, ભલે એક બકરીથી અથવા એક જ બકરીથી.

*(બુખારી–૬૩૮૬, મુસ્લિમ–૩૫૫૬)*

હઝરત સદરુશ્શરીઅહ્ બદરુત્તરીકહ્ હઝરત અલ્લામા અમજદ અલી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

વલીમાની દાવત સુન્નત છે. વલીમો એ છે કે શબે ઝુફાફ (સુહાગ રાત)ની સવારે પોતાના દોસ્તો, રિશ્તેદારો અને મોહલ્લાના લોકોની શક્તિ અનુસાર મહેમાની કરો અને તેમના માટે જાનવર ઝબહ કરવું અને ખાવા તૈયાર કરવું જાઈઝ છે અને જે લોકોને બોલાવવામાં આવે તેમણે જવું જોઈએ કે એમનું જવું તેમના માટે ખુશીમાં વધારો છે. વલીમામાં જે માણસને બોલાવવામાં આવે તેનું જવું સુન્નત છે કે વાજિબ ? ઓલામાનાં બંનેવ કથન છે. જાહેરી રીતે જાણવા મળે છે કે દાવતમાં જવુ સુન્નતે મોઅક્કદા છે, વલીમા સિવાયની બીજી દાવતમાં જવુ અફઝલ છે અને જો એ માણસ રોઝાદાર ન હોય તો ખાવુ અફઝલ છે કે પોતાના મુસલમાન ભાઈની ખુશીમાં સામેલ થવું અને તેનું દિલ ખુશ કરવાનું છે, અને રોઝાદાર હોય તો પણ જાવ અને ઘરવાળાઓ માટે દુઆ કરો. અને વલીમા સિવાય બીજી દાવતોનો પણ એ હુકમ છે કે રોઝાદાર ન હોય તો ખાય, નહીં તો તેના માટે દુઆ કરે. *(આલમગીરી)*

**મસ્અલો** : દાવતે વલીમાનો આ હુકમ જે બયાન કરવામાં આવ્યો, એ તે વખતે છે કે દાવત કરવાવાળાઓનો હેતુ સુન્નત અદા કરવાનો હોય, અને જો હેતુ ફખ્ર (મોટાઈ દેખાડવા)નો હોય અથવા એ કે મારી વાહ વાહ થશે ! જેમ કે આ જમાનામાં ઘણેખરે અંશે એવું જોવા મળે છે, તો આવી દાવતોમાં સામેલ ન થવું બેહતર છે. ખાસ કરીને ઈલ્મવાળાઓએ આવી જગ્યાએ ન જવું જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

## મઝહબી પેશવા તો ન જ જાય !

**મસ્અલો : દાવતમાં જવું તે વખતે સુન્નત છે જ્યારે જાણ હોય કે ત્યાં નાચ ગાન, ખેલકૂદ ન હોય, અને જાણ છે કે ત્યાં આ ખરાબીઓ છે તો ન જાય.** ગયા બાદ જાણવા મળ્યું કે અહિયા બેકાર કામો છે, જો ત્યાં એ વસ્તુઓ હોય તો પાછો આવે, અને ઘરના બીજા ભાગમાં છે અને જે જગ્યાએ ખાવા ખવડાવવામાં આવે છે ત્યાં નથી, તો ત્યાં બેસી શકે છે અને ખાય શકે છે. જો એ માણસ તે લોકોને રોકી શકતો હોય તો રોકી આપે, અને જો તેની તાકાત ન હોય તો સબર કરે. **આ તે સંજોગોમાં છે કે તે માણસ મઝહબી પેશવા ન હોય, અને જો પેશવા હોય, દા.ત. ઓલમા તથા (પીરો) બુર્ઝુગો, એઓ જો રોકી શકતા ન હોય તો ત્યાંથી ચાલ્યા આવે, ન ત્યાં બેસે ન ખાવા ખાય. અને જો પહેલાંથી જ જાણતા હોય કે ત્યાં આ વસ્તુઓ છે તો જો પેશવા હોય કે ન હોય કોઈએ પણ જવું જાઈઝ નથી, ભલે મકાનના મુખ્ય ભાગમાં આ વસ્તુઓ ન હોય બલ્કે બીજા ભાગમાં હોય.** *(હિદાયા, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : જો ત્યાં ખેલકૂદ (મનોરંજન) હોય અને આ માણસ જાણતો હોય કે મારા જવાથી આ વસ્તુઓ બંધ થઈ જશે, તો તેણે એવી નિય્યતથી જવું જોઈએ કે તેના જવાથી મુન્કિરાતે શરઈય્યા (હરામ કામો) રોકી દેવામાં આવશે, અને જો જાણતો હોય કે ત્યાં ન જવાથી તે લોકોને નસીહત થશે અને આ મોકા પર આ હરકતો ન કરશે, કેમ કે તે લોકો તેની હાજરીને અનિવાર્ય જાણે છે. અને જ્યારે એ જાણતો હોય કે જો શાદીઓ અને મજલિસોમાં આ વસ્તુઓ હશે તો તે માણસ સામેલ ન થશે, તો તેના પર જરૂરી છે કે ત્યાં ન જાય જેથી લોકોને નસીહત થાય અને આવી હરકતો ન કરે.

*(આલમગીરી)*

**મસ્અલો** : વલીમાની દાવત કેવળ પહેલા દિવસે છે, અથવા તેના પછી છે, બીજા દિવસ સુધી આ દાવત થઈ શકે છે. તેના પછી વલીમા અને શાદી સમાપ્ત છે.

*(બહારે શરીઅત બહવાલા તોહફાએ નિકાહ)*

## સખી દાતાઓ જન્નત કમાઈ લો

આમરણ શરીફ ખાતે હઝરત દાવલશાહ એજ્યુકેશન ટ્રસ્ટ થકી સુન્ની ભાઈઓ એક ઈબાદતગાહ અને દારુલ ઉલૂમ ફૈઝાને દાવલશાહ સરકાર બનાવવા ચાહે છે. જેમાં દીની અને દુન્યવી તાલીમ પણ ચાલશે. અને જેનું કામ પણ ચાલુ થઈ ગયેલ છે. ગુજરાતના સુન્ની સખીદાતાઓને અપીલ કરવામાં આવે છે કે આપ સર્વેની લિલ્લાહ, ન્યાઝ, ઝકાત વગેરે રકમ આપવા માટે નમ્ર અરજ છે. (દેના બેંક–આમરણ, A/c No. 042511031042)

❑ **ટ્રસ્ટનું નામ** : દાવલશાહ એજ્યુકેશનલ ટ્રસ્ટ ❑ **મદ્રસાનું નામ** : દારુલ ઉલૂમ ફૈઝાને દાવલશાહ સરકાર

**સ્કૂલનું નામ** : હઝરત દાવલશાહ પ્રાયમરી સ્કૂલ એન્ડ ઉચ્ચતર માધ્યમીક શાળા

જે રીતે બને ચેક, ડ્રાફ્ટ, મનીઆર્ડર વગેરે સંસ્થાના નામ ઉપર મોકલવો

**સંપર્ક** : મૌલાના અલ્તાફહુસૈન મો. 99041 92225


## માસુમ ટુર્સ

**૨૫ વર્ષ નો અનુભવ ધરાવતી ટુર્સ**

**જાન્યુઆરી–૨૦૧૯ ઉમરાહ**

| ઉમરાહ પ્રોગ્રામ | | દિવસ | રુપિયા |
|---|---|---|---|
| ૬ એપ્રિલ ૨૦૧૯<br>૨૧ એપ્રિલ ૨૦૧૯ | મુંબઈ થી મદીના<br>જિદ્દાહ થી મુંબઈ | ૧૭ | ૫૭૦૦૦ |
| | | શબે બરાત મક્કા શરીફમાં | |

**રમઝાનુલ મુબારક**

| | | | |
|---|---|---|---|
| ૦૪ મે ૨૦૧૯<br>૦૫ જૂન ૨૦૧૯ | મુંબઈ થી જિદ્દાહ<br>મદીના થી મુંબઈ | દિવસ ૩૨ |  |
| ૧ થી ૨૦ રમઝાન<br>૨૦ થી ૨ શવ્વાલ | મક્કા શરીફમાં<br>મદીના શરીફમાં | રૂા. ૧,૧૫૦૦૦ | |

**(રુમમાં ફક્ત ચાર વ્યક્તિ)**

ડિસે-જાન્યુ-ફેબ્રુ-માર્ચ,એપ્રિલ-મે તથા રમઝાન શરીફના એડવાન્સ બુકીંગ ચાલુ છે.

**અમારી સુવિધાઓ...**

- ➡ ઉમરાહ પ્રોગ્રામ ડાયરેક્ટ ફલાઈટ સાઉદી અરબીયન એરલાઈન્સમાં રહેશે.
- ➡ ભરૂચથી લકઝરી બસની સગવડ લોન્ડ્રી ફ્રી
- ➡ સવારમાં ચા-નાસ્તો, બપોરે લંચ, સાંજે ચા, રાત્રે ડિનર.
- ➡ (ભરૂચના ભઠીયારાના હાથથી બનાવેલ સ્વાદિષ્ટ જમણ)
- ➡ મક્કા-મદીના શરીફની જીયારતો ફ્રી માં કરાવવામાં આવશે.

**માસુમ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**

૭,મરીયમ કોમ્પલેક્ષ, જંબુસર રોડ, ભરૂચ

| | |
|---|---|
| ઈબ્રાહીમ મોટલી : ૯૮૨૪૧ ૦૮૬૯૨ | સુહેલ મોટલી : ૯૫૫૮૬ ૮૬૦૯૨ |
| ઐયુબ મોટલી (હાફેઝી) : ૯૮૨૪૪ ૦૮૬૯૨ | એજાઝ ડેલાવાલા : ૯૮૨૪૨ ૦૮૬૯૨ |


### ✣ ઈન્તેક઼ાલ પુરમલાલ ✣

**દયાદરા** : (તા. જિ. ભરૂચ) ખાતે દાઉદ ઉમરજી ભટા તા. ૮–૨–૨૦૧૯, ૨ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૪૦ જુમ્આના રોજ અલ્લાહની રહ઼મતમાં પહોંચી ગયા છે.રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદક઼ામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મક઼ામ અતા કરે, (આમીન)કુટુંબીજનોને, સ્નહીઓને, સબ્રે જમીલ અતા કરે.


**ચાલો ટંકારીઆ ! ચાલો ટંકારીઆ !**

**જશ્ને ગરીબ નવાઝ** رحمۃ اللہ علیہ

:: ઝેરે ખિતાબત ::

**સૈયદ અમીનઅલી ક઼ાદરી**

(નિગરાં: સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)

**૪ માર્ચ ૨૦૧૯ સોમવાર**

ઈશાની નમાઝ બાદ

મદીના મસ્જિદ પાસે, અડોલ રોડ, **ટંકારીઆ**